मधनुं एक बींदु.

A Drop of Honey.

 પ્રથમ ખંડ.

પ્રયોજક. ક. શ. ઝવેરી મોરબી.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

શા. હિમ્મતલાલ વ્રજવલ્લભ બીમાવાળા.

તથા

મોતીલાલ નગીનદાસ. દલાલ.

શાકે ૧૮૨૨. સંવત ૧૯૫૬.

અમદાવાદ.

શ્રી 'મુદ્રણકળાભંડાર' લીમીટેડ, ખાડીઆ.

20-2-00*2000.

જ્ઞાન કુસુમાંજળી પ્રબંધમાળા.

૧. પ્રાચીન સ્ત્રી રત્ન-પદ્મિની. અમદાવાદથી પ્રકટ થતા "વાર્તાવારિધિ" માસિકમાં એકવાર છપાયેલી આ એક અદ્ભૂત સતીત્વને અટલ પ્રતાપ દેખાડનારી ઐતિહાસિક વાર્તા છે. આનાપરથી તો નાટક પણ રચાયાં છે, એટલે ઉત્તમતાને માટે વિશેષ શું કહેવું. મૂલ્ય **બે આના.**

૨. અર્વાચીન આર્યો અને તેમના આચાર વિચાર. લેખકની બાળવયમાં લખાયેલું હિંદના લોકોની હાલની સ્થીતિ સુધારવા શા શા ઉપાયો યોજવા તે આ પુસ્તકમાં જણાવેલું છે; તેથી પુસ્તકની ઉપયોગીતા અને ઉત્તમતા જોઇ રાજપત્રિકા અને વાર્તાવારિધિના તંત્રીએ તે પત્રનાં ગ્રાહકોને ઇ૦સ૦૧૮૯ ની બીજી ભેટ તરીકે ગયા ડીસેમ્બરમાં આ આપેલું છે. મૂલ્ય **આઠ આના.**

"ઉઠો જાગૃત થાઓ

...ખ્યાત માસિ

ॐ શ્રી

શ્રી જ્ઞાન કુસુમાંજલી પ્રબંધમાળા.

પ્રયાસ. ૫.

યુવાવસ્થાની માનસિક તેમજ શારીરિક ક્ષીણતાની
ઉત્તમોત્તમ રામબાણ ઔષધી.

મધનું એક બિંદુ.

પ્રથમખંડ. લખનાર, પ્રથમાવૃત્તિ.

રા. ઝવેરી—મોરબી.

"If a man is unhappy this
must be his own fault, for
God made all men to be happy."

Epictetus.

જનસમાજના હિતાર્થે પ્રસિદ્ધ કરનાર.
શા. હિમ્મતલાલ વૃજવલ્લભ, વીમાવાળા.
ટંકશાળ સામે ખજુરીની પોળ અમદાવાદ.
મોતીલાલ નગીનદાસ દલાલ.
સંવત ૧૯૫૬. સને ૧૯૦૦.
"મુદ્રણકલામંદિર" લિ૦— અમદાવાદ.

કિંમત બે

વેપારીઓ અને શોખીનોએ જરૂર વાંચવું!

-હરેક જાતનો માલ કમીશનથી વેચી આપવાનું, મુંબાઇ દીલ્હી વિગેરે ખાતેથી મંગાવી આપવાનું, અમદાવાદમાં મળતો માલ ખરીદ કરી મોકલવાનું અને લીલામથી વેચાણ કરી સારી કિમ્મત ઉપજાવી આપવાનું કામ વ્યાજબી કમીશન લઇ કરીએ છીએ. હારમો નિયમ તથા તમામ જાતનાં હાથનાં વાજાં દુરસ્ત કરવાનું, બગડેલાં ઘડિયાળો રીપેર કરવાનું, નાના ફોટો ઉપરથી મોટી છબીઓ ચિત્રો આપવાનું, સસ્તા સારા ટકાઉ અને સુંદર રબરસ્ટામ્પ બનાવી આપવાનું વિગેરે કામ ઘણી સફાઇથી તાકીદે કીફાયતથી કરી આપીએ છીએ. વાર્તાઓ, નાટકો, નોવેલો કાવ્યો, સંગીત અને સાહિત્યનાં પુસ્તકો તથા ઉર્દુજબાનના કીસ્સા વિગેરે ચોપડીઓ પણ કમીશનથી વેચીએ છીએ. તેમજ ન્યુસપેપરો, વર્ત્તમાન પત્રો અને માસિક ચોપાનિયાં ગ્રાહકોને પહોંચાડવાનું, નવાં ગ્રાહકો વધારવાનું, લવાજમ આપવાનું અને જાહેર ખબરો મોકલનાથી કરીએ છીએ. લખો!!!

-અમદાવાદ.

☞ " કદ અને કિમ્મત ઉપરથીજ કોઇ પુસ્તક માટે અભિપ્રાય બાંધવો એ એક જાતનું સાહસ છે. પરંતુ તે પુસ્તકનું રહસ્ય શું છે, શા ઉદ્દેશથી તે લખાયેલું છે, જનસમાજના શાશા લાભ તેમાં સમાયેલા છે, લખનાર કોણ છે અને કેવી ભાષામાં તે લખાયેલું છે? તે સર્વ જાણવા માટે તે પુસ્તક પૂર્ણ વાંચી પછીજ પોતાનો ખરો અભિપ્રાય જણાવવો. "

ડી. ટી. D. T. Zaveri.

"સાકરસેરડીનો સ્વાદ તજીને, કડવો લીમડો ઘોળમાં રે,
ચાંદાસુરજનું તેજ મુકીને, આગીઆ સંગાથે પ્રીત જોડમાં રે,
હીરા રે માણેક ઝવેર તજીને, કથીર સંઘાતે મણી તોળમાં રે,
સ્વસ્ત્રી સમ રત્ન તજીને, પરસ્ત્રી પાપમાં પડમાં રે. "

*   *   *   *

कुरंग मातंग पतंग मीना भृंगाहता: पंचभिरेव पंच
एक: प्रमादी सकथं हतोनय:सेवते पञ्चभिरेव पंच ॥

ભાવાર્થ:—હરિણ, હસ્તી, પતંગ, મત્સ્ય તથા ભ્રમર એ પાંચ પ્રાણી ક્રમથી—શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ રૂપ ... વિષયમાં અતિ આસક્ત થ... ણાય છે; તો એક...

ઇન્દ્રિયવડે પાંચે વિષયને અતિ આસક્તિથી સેવે તેમ કેમ ન હણાય ? !

* * * *

"નાકરીએ વિશ્વાસ કદિએ(પરોનારી નિતદુ:ખકારી,
અતિ દુ:ખકારી, નિત દુભનારી, ઝેર તણી ઝારી.
મુખમાં કાંઇ, મનમાં કાંઇ, કહેતી કાંઇ, કરતી કાંઇ,
સાચું ભાઇ, સાચું ભાઇ, સાચું ભાઇ, સાચું ભાઇ,"

* * * ડાહ્યાભાઇ ઝવેરો.

दहइ गोसीस सिर खड छार कए ।
छगल गहणठ-मेरावणं विक्कए ॥
कप्पतरु ताडि एरंड सो वावए ।
जुज्झि विसए हिमणु अत्तणं हारए ॥

ભાવાર્થ—જે પુરૂષ અલ્પ ક્ષણીક સુખ આપનાર વિષયમાં આસક્ત થઇ અમુલ્ય મનુષ્ય જન્મને હારે છે. તે પુરૂષ સુકી રાખને માટે બાવનાચંદન અને સુખડને બાળે છે, બોકડો લેવાને સારૂ ઐરાવત હાથીને વેચે છે અને કલ્પવૃક્ષને તોડીને એરંડાને વાવે છે.

વિષયાસક્ત કેવાં કેવાં લાયક ઠરે છે ? !

ગ્રંથાર્પણ.

પરમ્પવિત્ર, પુજ્ય, વંદનિય, એક પતિવૃત્તધારી મહાજનો અને મહા સાધ્વી પતિવૃતા મહાસતીઓ, જેમનું અનુકરણ કરવા, લલચાવવા અને જેમની સંખ્યામાં વૃદ્ધિ કરવા તથા પરસ્ત્રીના પાસમાં સપડાઇ પડતા હજારો પુરૂષોને તેમાંથી પડતા બચાવી, મનુષ્ય જન્મનું સાર્થક કરી, આ લોક તથા પરલોક બન્નેમાં સુખી થતાં શીખવવાજ આ અલ્પ પરંતુ શુભપ્રયત્ન થયો છે, તે મહાજનો અને મહાસતીઓના પરમ્પવિત્ર કરપલ્લવમાં આ અલ્પ પ્રયાસ મૂકી લેખક કૃતાર્થ થાય છે. વિક્રમાર્ક ૧૯૫૬ મકરસંક્રાંતિ. **લી. મહાનુભાવોના.**

ચરણકમળના પરાગના અનુરાગી [illegible]

લેખ[illegible]

અદ્ભૂત ચમત્કાર ! મહાત્મા પ્રસાદ સર્વ કામ સિદ્ધિ !

"અજબ મોહિની" છુપા ભેદ ભરમ વિગેરે જાણવાનું, મરેલાં સગાં સંબંધી કે દૂર દેશાન્તરોમાં વસતાં વહાલાં અને સ્નેહી મિત્રોની મુલાકાત અને તેમની સાથે વાત ચિત કરવાનું, રમ્ય પ્રદેશો, મનહર મુલકો–ચીન અમેરિકા ઇંગ્લાંડ ઇંદ્રસભા કૈલાસ વિગેરે ચહાય તે જોવાનું, અને માન વાંચ્છિત મેળવવાનું–જોવાનું કે કરવાનું મન હોય, તો આ એક અપૂર્વ ચીજ છે. મહા પ્રયાસે અને લાંબી મુદતની અગાધ મહેનતથી સિદ્ધ કરેલી આ ચમત્કારી ચીજ મફતને ભાવે લુંટાવા માંડી છે માટે વહેલોએ પહેલો ! અને છેલ્લો તે ઘેલો !! આ વિચિત્ર વીંટી એકનો ફકત રૂપિયો સવા, તથા લોકીટ એકનો માત્ર રૂપિયો દોઢ કિમ્મત છે, તે ઉપર પેકીંગ અને પોસ્ટેજ જાદું. એકવાર મંગાવી જોઇ ખાત્રી તો કરો !

"ખોટાનું ઝટ પારખું થઈ જશે !"!

...શાળ–અમદાવાદ.

પ્રસ્તાવના.

બાળવયથીજ જુદાં જુદાં પુસ્તકો વાંચવાની જીજ્ઞાસા, સભાઓમાં હાજર રહેવાની કાળજી, નિબંધો વાંચવા તથા લખવાની ઉત્સુકતા, અને તેવાં સર્વ કાર્યોમાં આગળ પડતો ભાગ લેવાની પ્રબળઇચ્છા—એ સર્વનું આ નાનુ પુસ્તક ફળરૂપ છે. જુદાં જુદાં માસિક અને સાપ્તાહિકમાં જનસમાજને ઉપયોગી થઇ પડે તેવા મારા તરફના પુષ્કળ લેખો છપાય છે. આ લેખ વડોદરામાં પ્રસિદ્ધ થતા અને બહોળો ફેલાવો પામેલા સાપ્તાહિક "શ્રી સયાજી વિજય" પત્રમાં છપાયો હતો. આ વિષય ઉપર બહુ લંબાણથી લખવા વિચાર હતો પણ કાર્ય બાહુલ્યતાને લીધે ભોગવવી પડતી અવકાશની ન્યુનતાથી તે ઇચ્છા પરિ[illegible] થી. વાચકો આ [illegible]

સદુપદેશ ગ્રહણ કરી આ નાનકડા પુસ્તકને યો-ગ્ય ઉત્તેજન આપશે તો તેનો દ્વિતીય ખંડ લ-ખવા પણ મને ઇચ્છા થશે અને ઇશ્વરેચ્છા-એ તે ઇચ્છા પરિપૂર્ણ થશે. આ પ્રથમ ખંડ-માં એક સાચી બનેલી વાર્તા દાખલ કરવામાં આવી છે તેમ દ્વિતીય ખંડમાં પણ એક નજરે જોયેલી તથા બીજી બે પ્રાચીન એમ કુલ્લે ત્ર-ણ વાર્તાઓ ઉપરાંત બોધદાયક લખાણનો સ-માવેશ કરવામાં આવશે, પરંતુ તેની પ્રસિદ્ધિનો બધો આધાર આ પ્રથમ ખંડને મળતા આ-શ્રય ઉપરજ છે.

આ પુસ્તકનું લખાણ એક સરળ પુસ્તકને યોગ્યનું નથી પણ એક ચોપાનિયાને યોગ્ય-નું છે, કારણ કે પ્રથમ તે એક ચોપાનિયા-નુંજ લખાણ હતું. તેથી તે વાંચતાં પ્રસંગે ...ને અપ્રાસંગીક તેમજ આત્મપ્રશંસાનો ... પણ શુભ ઉદ્દેશ ધ્યાનમાં રા-

ખી તે દોષ પ્રતિ અલક્ષ કરવા વાચકોને સ-વિનય વિજ્ઞપ્તિ છે. શરૂઆતમાંજ બોધરૂપ લખાણ કેટલાક વાચકોનું આકર્ષણ નહિ કરે એમ અનુમાન થવાથી પ્રથમનો ભાગ કાંઈક વાર્ત્તા—નૉવેલના આકારમાં ગોઠવાયેલો દૃષ્ટિગો-ચર થશે. પ્રથમનું થોડું લખાણ વાંચી તે લે-ખને એક વાર્ત્તા લેખવા ઘણા વાચકો ભૂલ ક-રશેજ માટે અત્રે ચેતાવીએ છીએ કે તે વા-ર્ત્તા નથી. એક ને એક વાતથી વાચકોને કંટા-ળો ન આવે માટે વચ્ચમાં શાસ્ત્રો અને વિ-દ્વાનોના પુસ્તકોનો બોધ ટાંકેલો છે, ઉપરાંત વચ્ચમાં કાવ્યો અને વાર્ત્તા આપવા પણ કો-શીશ થયેલી છે. સર્વ રીતે વાચકોને તે વાંચ-વા લલચાવવા અને તે વાંચી બોધ ગ્રહણ ક-રી જન્મસાર્થક કરતાં શીખવવા અને વાચ-કોની સર્વ વૃત્તિયો સાચવવા કોશી[illegible] દૃષ્ટિગોચર થશે.

આ પુસ્તકની પ્રસિદ્ધિમાટે હું પોતે તથા સર્વ વાચકો શા. હિમ્મતલાલ વૃજવલ્લભ. વીમાવાળાના આભારી છે, કારણ કે જો તેઓએ જન સમાજના હિતાર્થે આ પુસ્તક પ્રસિદ્ધ કરવા મને નીચે પ્રમાણે પત્ર ન લખ્યો હોત તો હું કાર્યબાહુલ્યતાને લીધે આ પુસ્તક આટલી ત્વરાથી પ્રસિદ્ધ કરવા શક્તિવાન ન થાત. તે ગૃહસ્થે મને લખી જણાવ્યું હતું કેઃ— "આપના લેખો "રાજપત્રિકા"માં પ્રકટ થાય છે, તે ઘણાજ સારા અને ઉચ્ચ આશયથી લખાતા હોવાથી ઘણા આદરણિય છે. "શ્રી સયાજી વિજય" પત્રમાં તમારી લેખિનીથી લખાયેલો "મધનુ એક બીંદુ" એ મથાળાનો બોધદાયક વિષય ઘણોજ સારો પસંદ કરવા જોગ અને સુબોધક હોવાથી તેનું નિરાળું પુસ્તક છપાવવાની મારા જૈનમિત્ર અત્રેના સુપ્રસિદ્ધ સરાફ પરી. ડાહ્યાભાઈ મુળચંદના ચીરંજીવી ભાઈ મોતીલાલ નગીનદાસ દલાલે મને ...ર્થક ભલામણ કરી છે. અને તેમની એ સુચ... જોગ હોવાથી તેનો અમલ ક-

રવાને હું આતુર થઈ રહ્યો છું. તોપણ પહેલાં આપને હું જણાવું છું કે–' મધનું એક બીંદુનુ સચિત્ર નિરાળું પુસ્તક છપાવવાની મને પરવાનગી આપવા કૃપા કરશો. પુસ્તક પ્રકટ કરી ધન પ્રાપ્ત કરવાનો નહિ પરંતુ કુમાર્ગે વિચરતા મુઢજનોને તે સદુપદેશ અને ચાનક આપી તેમની શુદ્ધ ઠેકાણે લાવી કુપંથે જતા ખાળવાનો મુખ્ય ઉદ્દેશ છે. માટે આ બાબતમાં આપ યોગ્ય અનુમતિ અને સુચના આપવા કૃપા કરશોજી. સ્વદેશ પ્રેમી પવિત્રાચારના ઉપાસક મારા ઝવેરી મિત્ર ! આપે ખરેખર માનવ જન્મરૂપી ચિંતામણી રત્નને પારખી યથાયોગ્ય ઉપયોગ કરવા માંડયો છે એ ઘણું સ્તુત્ય અને આદરણિય છે. અન્ય પામરજનોને સદાચારના સુપંથે ચડાવવાને આપે નિઃસ્વાર્થે માત્ર લોક કલ્યાણના ઉચ્ચ હેતુથીજ લખવાનું આદરેલું છે તે ઘણુંજ પ્રશંસનિય છે.”

મારાં સર્વ લખાણો સ્વાર્થ રહિત હોઇ મેં પણ ઉપલા પત્રનો સંતોષકારક પ્રત્યુત્તર આપી તેની પ્રથમાવૃત્તિનો સર્વ હક તેઓ બેને સ્વાધીન [illegible] કરી હવે પછીની બીજી સર્વ [illegible] ક મેં મારે સ્વાધીન [illegible]

લખતી વખતે મોરબીના સાક્ષરોત્તમ શ્રીયુત શીઘ્ર કવિશ્રી શાસ્ત્રીજી શંકરલાલ માહેશ્વરના લખાણુનો જે આશ્રય લેવામાં આવ્યો છે તે માટે તે મહાશયનો આ જગ્યાએ આભાર માનવા યોગ્ય ધારૂં છું.

આ પુરૂષો બન્નેને એક સરખું ઉપયોગી થઇ પડે માટે આ પુસ્તક બનતા સુધી યોગ્ય મર્યાદમાં રહીનેજ લખાયું છે. કેટલીક જગ્યાએ મર્યાદામાં રહી કામ કરતાં ભરમથી સાધારણ જ્ઞાનવાળા માણસોને યથાર્થ સમજાવી શકાય નહિ એમ માની સ્વસ્ત્રીની બાબતમાં શાસ્ત્રાધારે જે સુચનાઓ કરવામાં આવી છે તે જનસમુહના લાભ માટેજ થયેલી છે. હજારો યુવાનો તે બાબતથી અજ્ઞાન હોવાથી પાયમાલ થઈ ગયેલા છે, તેવાઓને માટે તો આ લેખ ખાસ લખાયો છે; માટે શુભઉદ્દેશ ધ્યાનમાં લઇ કાળી બાજુ ન તપાસતાં મધુમક્ષિ-
...ગ ગ્રહણ કરી सरसवमात्राणि परछि-
...નિષ્ટ વિચાર મનમાં પણ

ન લાવી લખાયું છે તેથીજ સંતોષ માની તેનો સાર ગ્રહણ કરી તેનો દ્વિતીયખંડ ત્વરાથી પ્રકટ કરવા લખનારને તક આપવા વાચકો પ્રત્યે સપ્રેમ સવિનય વિજ્ઞપ્તિ છે.

" જો મનમાં આવું સમજી શકો કે લખીને દેશનું અથવા મનુષ્ય જાતિનું કંઈ ભલું કરી શકું છું તો તે જરૂર લખવું. જેઓ બીજી મતલબથી લખે છે તેઓની નીચ ધંધો કરનારાની સાથે ગણત્રી કરી શકાય છે.— બધા અલંકારોનો શ્રેષ્ટ અલંકાર સરળતા છે. જે સહજ વાકયથી વાંચનારાને પોતાના મનનો ભાવ સહેલાઇથી સમજાવી શકે છે તેજ શ્રેષ્ઠ લેખક છે, કેમકે લખવાની મતલબ વાંચનારને સમજાવવાની છે." **બુદ્ધિપ્રકાશ.**

આ સુચનાઓ ધ્યાનમાં લઇનેજ આ પુસ્તક લખાયેલું દૃષ્ટિગોચર થશે.

મયુરધ્વજપુરી.
પૌષ પૂર્ણિમા.
૧૧૪માર્ક.૧૯૫૬.

જનસમાજનોશુભેચ્છક.
રા. ઝવરી. [illegible]

મુરબ્બા. સફરજન, આંબળાં, હરડે, કેરી, ગાજર, દુધી વિગેરે ઘણી જાતના સ્વાદીષ્ટ અને લાંબી મુદત સુધી રહી શકે તેવા ગુણકારી મુરબ્બાઓ કે જે ખુલ્લી હવામાં રહેવાથી પણ બગડતા નથી.

સરબતો દાડમ, સીકંજરેબીન, ફેનાફ, બનફશા, બદામ, લાલ આંબલી, જાંબુ, નારંગી, અનેનાસ, મોસંબી, પપનસ, ફાલસા, ફુદીના, લવીંગ, જાયફળ, લીંબુ, શેરડી, લીલોફર, ગાઓજુબાન, બાદીઆન વિગેરે ઘણી જાતના ઠંડા અને મધુર સરબતો, સૌથી શ્રેષ્ટ પદે આવેલી ચટણીઓમાં સર્વોત્કૃષ્ટ ગણાતી લ્હેજતદાર **નવરત્ન ચટણી** રતલ એકના માત્ર દશ આના, તે સિવાય ઘણી જાતના પાક, સરબતો, મુંરબ્બા, દવાઓ, ચુર્ણ, ચટણીઓ, અચાર, ચાહ, ચીરૂટ, સીગારેટ, ગુલકંદ અને સગંધી ગુલાબજળ વિગેરે અમારે ત્યાં મળે

નિગત માટે લખો:—

શાળ-અમદાવાદ.



પ્રથમખંડ.

નિત્ય નિત્ય જન્મ મરણનો અનુભવ લેતી રજનીની વૃદ્ધાવસ્થા પરિપુર્ણ ભરાઇ ચુકી હતી. રજનીની છેવટની પાછલી જીંદગીનો ફક્ત એકજ પ્રહર બાકી હતો. વળી ઘડિયાળમાં આશરે છનો ટકોરો થયો હતો. કુકડાઓ પ્રતાપી સૂર્ય મહારાજના આવાગમનની અગાઉથી ખબર આપવાને પોકારતા હતા. સૂર્યરૂપ પતિ પધારવાની વધામણી મળતાં ચંદ્રનો [illegible] કરતી, સૂર્યને વધાવી લેવા [illegible]

તી, પતિના આવાગમનના આનંદાર્થે મહોત્સવ કેવી રીતે કરવો તે જણાવાની ખાતર રીઅલ-સલ તરીકે કેશર વિગેરેના રંગો ઉરાડતી હોય, એવો રતાશપર કંઇક આભાસ આપતી પૂર્વ-દિશા પ્રફુલ્લિત થઇ આનંદમાં મગન થઇ હોય એવું જણાતું હતું. ચન્દ્ર અત્યાર સુધી પોતાની થઇ રહેલી પ્યારી (પૂર્વ દિશા)ને સૂર્યના પ્યાર-માં લીન થવા ઇચ્છા ધરતી જોઇ, તથા તે સંબંધે તેનો આવો ઉત્સાહ જોઇ નિસ્તેજ થ-ઇ સૂર્યરૂપી મોટા સામાવાળીઆને વેગથી આ-વતો જોઇ પોતાના તારામંડળરૂપ બાળબ-ચ્ચાંને લેઇ વિસ્તીર્ણ ગહન આકાશ વનમાં સંતાઇ જવા એકદમ નાશી જતો જણાતો હતો.

આ સમયે એક મુસાફર એક તળાવથી જરા દૂર એક વૃક્ષ નીચે બેઠો બેઠો તળાવ પાસેના કુમુદોને પોતાને પ્રફુલ્લિત કરનાર ચં-[illegible]ન્ત દશામાં પડેલો જોઇ ગ્લાની પામી [illegible] હતો. આ પછી થોડીવારે

તેની નજરે તળાવ માંહેની કમલિનીરૂપી નાયિકાઓ પોતાના સૂર્યનારાયણરૂપ પતિને પ્રવાસેથી ઘેર આવતા જાણી એક વિયોગી અબળા સંયોગથી જેવી આનંદ પામે, તેમ કેવી આનંદથી પ્રફુલ્લિત થઇ જતી હતી !! અહા કુદરત !!! તારી શી ખૂબી છે ?! જે સૂર્ય દર્શન કમલિનીઓને આનંદરૂપ મનાય છે, તેજ માટે કુમુદો કેવાં શોકાધિન થઇ ગયાં છે ?! કુદરતની લીલાજ ન્યારી છે ! કુદરતની કૃતિનું વર્ણન અહીં કરવું આવશ્યક નથી. મુસાફર એક ચિત્તથી આસપાસનો દેખાવ જોઇ રહ્યો છે તેના પર મૌનનું સામ્રાજ્ય પ્રદર્શિત થતું હતું. આજુ બાજુ વિવિધ જાતનાં નાનાં મોટાં ભિન્ન ભિન્ન ચિત્ર વિચિત્ર રંગનાં પક્ષીઓ ચારે કોર ઉલ્લાસ ભેર કલ્લોલ કરી રહ્યાં હતાં. કેટલાંક પંખીઓ પાસેના તળાવના ઉપકંઠ પર આનંદથી ફરતાં હતાં, કેટલાંક એ સ્વચ્છ પાણી ઉપર તરતાં [illegible]

હની સાથે ચાલ્યાં જતાં હતાં, કેટલાંક અંદર ડુબકી મારી આસપાસ જળ બિંદુઓનો વરસાદ વરસાવતાં હતાં, કેટલાંક ઘડીમાં ઉડતાં, ઘડીમાં જમીન ઉપર આવી વળી જરા થોડે છેટે જઇ બેસતાં ત્યાંથી અહીંથી તહીં અમરથાં ઉડાઉડ કરી રહ્યાં હતા, કેટલાંક પોતાનું શરીર સાવચેતીથી ધીમે રહીને પાંખો વતે સાફ કરતાં હતાં, કેટલાંક ત્યાગી મહાન પુરૂષોની માફક સ્થિરમતિ અને વિરામવૃત્તિ ધારણ કરીને બેઠેલાં નજરે પડતાં હતાં અને આવી તેઓની વિચારલીન સ્થીતિથી તેઓની કૃતિ ન્યારીજ જણાતી હતી. પક્ષીઓ પૃથક-પૃથક વિવિધ વિચિત્ર એક રંગમાં બીજા અનેક અવર્ણનિય રંગની છાયાવાળા રંગથી પૂર્ણ પ્રકાશી રહ્યાં હતાં. સૃષ્ટિના સૃષ્ટા વિશ્વવિલાસી વ્યાપકની અથાગ ચાતુરીથી ગમે તે ...સ આ સર્વ નીહાળી બે ઘડી ઇશ્વરની ...વિચાર કરવામાં ગુંચાઇ જવ-

ય એમ બનવું સંભવિત હતું. કેટલાંક પક્ષી-
ઓ તળાવની પાળ ઉપર આવેલાં વિધવિધ વૃ-
ક્ષોનાં સુમધુર અને સ્વાદિષ્ટ ફળ ફૂલોનો આ-
હાર કરી તૃપ્ત થઇ કલરવ કરતાં આમ તેમ
ઉડી આનંદની નિશાનીઓ પ્રદર્શિત કરતાં હ-
તાં, કેટલાંક પાસેના ખેતરોમાં ખેડુતોની નજ-
ર ચુકાવી બે ચાર મળી આનંદથી ઉજાણી કરતાં
જણાતાં હતાં, કેટલાંક આહાર કરી તૃપ્ત થઇ આ-
નંદની ખાતર રમી ભમીને થાકી જવાથી નવપલ્લ-
વ તરૂવરના કુદરતી હીંડોળે સુસ્વરથી ગાન કરતાં
કરતાં હીચતાં હતાં; આવે સમયે કોઇ વખત
પાસેના ખેડુતના છોકરા એકાદ ગોફણુ ફેંકતા
ત્યારે તમામ કીકીઆરી કરી એક બીજાને ઉ-
ડી જવાની ચેતવણી આપતાં આકાશમાં ઉડી
જતાં જણાતાં ત્યારે જોનારને મનુષ્યની જીંદ-
ગીની અસ્થિરતા તરત જણાઇ આવતી કે જી
ફક્ત એક મિનિટ પહેલાં

ગરમાં નહાતાં હતાં તેઓને અત્યારે આકાશ-માં અચાનક ઉડી રખડવું પડતું હતું એ બ-ધો દેખાવ ઝાડ નીચે બેઠેલો પુરૂષ નિહાળતો હતો, તેણે મનુષ્ય જીવનની તેવીજ સ્થીતિ કલ્પી લેવામાં કશી ઢીલ કરી નહિ. કેટલાંક પ-ક્ષીઓ પોતે ઘણી મહેનતે મેળવેલા દાણાઓ-ના ચાંચમાં કરી રાખેલા સંગ્રહમાંથી ઝીણા ઝીણા ટુકડા કરી પોતાનાં બચ્ચાંઓની ચાંચ-માં મુકી માતૃપ્રેમ પ્રદર્શિત કરતાં હતાં. અ-હાહા પોતે ભૂખ્યાં રહી પોતે અનેક દુઃખ વે-ઠી મુશીબતે મેળવી બચ્ચાંઓની ભૂખ મટા-ડવા તેઓ કેટલાં મથે છે?! મનુષ્ય જાતિમાં પણ આવીજ રીતે માયાળુ માતાઓ ભીના-માં પોઢી બાળકને સુકામાં સુવાડી, પોતે ભૂ-ખી રહી બચ્ચાંઓને ખવડાવી તેની ભૂખ મ-ગાડવા કેટકેટલી કાળજી રાખે છે ? આહા ! ...બલિહારી જ છે ! પક્ષીઓ-

માં આટલો બધો માતૃપ્રેમ છે, ત્યારે જેને વિચાર કરવાની શક્તિ છે એવા મનુષ્ય પ્રાણીમાં માતૃપ્રેમ કેટલો હોવો જોઇએ ! તે વાંચનાર સહજ સમજી શકશે. આ આપણો વિષય નથી, નહિતર આ વિષે એક ખાસ પુસ્તક લખવા ધારીએ તો લખી શકાય. આવા જંગલમાં માતૃપ્રેમનું વિશેષ વિવેચન અત્રે અપ્રાસંગિક ગણાશે. સર્વે પક્ષીઓને આમ સ્વતંત્રતા ભોગવતાં જોઇ વૃક્ષ તળે બેઠેલા આ પરતંત્ર માણસને બહુ અદેખાઇ આવી. આ સમયે સ્વતંત્ર સ્વેચ્છાચારી સમીર પણ મંદમંદ મીઠા લેહેરોથી આ પુરૂષની અદેખાઇમાં વૃદ્ધિ કરતો હતો.

વાચકો જાગૃત થાઓ ! આ ગડબડાટ શો? આ તોફાન શું ? આવડાં મોટાં પગલાં આ કોનાં સંભળાય છે ?। ધીરજ રાખો ગભરાશો નહિ ! જરા પેલા વડ નીચે [illegible]

રફ નજર કરો ! આ પુરૂષની ઓળખાણ આપવાની કંઇ જરૂર છે જ નહિ તે વાંચનારને આગળ વાંચવાથી જણાશે, તેથીજ અહીં તેના સ્વભાવ અને શરીરથી વાકેપ કરવાનો વ્યર્થ શ્રમ નથી કર્યો. વાંચનાર બરાબર ધ્યાન આપજો ! શબ્દો ઉપર શ્રદ્ધા ન રાખતા ! અમારા લખાણમાં શબ્દો કરતાં સત્વની ખૂબી વધારે છે. વાંચનાર આ વિષય વિષે તમે તમારા મનમાં શો અભિપ્રાય બાંધ્યો છે તે જણાતું કે ? તમે તો આટલું વાંચી આ વિષયને એક વાર્તાજ લેખી હશે કેમ ખરૂં કે ? પણ ધ્યાન આપો કે આ એક વાર્તા નથી, પરંતુ આ ઉપરથી તો તમારે ઘણીજ ઉમદા શીખામણ ગ્રહણ કરી હૃદયમાં કોતરી રાખવાની છે. હાલતો આ વાર્તા નથી એટલીજ સુચના આપી પક્ષપાત ...તાં મારે પેલા પુરૂષની પણ તપાસ લેવી ... નધારે નજીક પગલાંઓ-

નો અવાજ સંભળાવા માંડયો એની સાથે ધુ-
ળના ગોટેગોટ પણ ઉડતા જણાયા. આપણા
નાયક પુરૂષની પણ તે તરફ નજર ગઇ, તે
પણ હવે બીન્યો અને તેણે પાસેના ઝાડ ઉપર
ચઢી જવાનો વિચાર કીધો, ચઢવા પહેલાં બ-
રોબર નજર માંડીને જોયું તો એક મદોન્મત
મહાન-કદાવર હાથીને તળાવપરથી આવતો
જોયો, તેની બીકે પેલા પુરૂષના અંતઃકરણમાં
પ્રવેશ કર્યો, તેની સાથે ઝાડ ઉપર ચઢી જ-
વાની તેની ઇચ્છા અધિક પ્રબળ થતી ગઇ.
ચઢવાનો નિશ્ચય થતાંની સાથે બેએક સેકંન્ડ
પછી ચઢવું શરૂ થયું. **"ઉતાવળા સો બ-
હાવરા, ધીરા સો ગંભીર"** એ સોનેરી
શીખામણ લક્ષમાં ન રાખતાં આ પુરૂષે બી-
કના માર્યા એક બે છલંગે ઝાડપર ચઢી જવા
વિચાર કીધો, એક છલંગે ઉપર પહોંચી ગયો.
પણ ત્યાંતો હાથી ધારે તો સં[illegible]

એમ લાગવાથી જરા ઉંચા થઇ બીજી છલંગ મારી ઉપર ચઢી જવાનો વિચાર થયો, વિચારનો અમલ થયો, પુરૂષ જરા જોર કરી ઉંચો થયો અને ઉપર લટકતી ડાળી પકડી લેવા માટે ઉંચુ કરી જરા કુદયો, પણ અફસોસ ! ડાળી હાથમાં ન આવી, તેમ પોતે પ્રથમ ચઢયો હતો તે જગ્યાએથી પણ ખસ્યો અને જોશ-થી તે ઝાડનાં કેટલાંક પાંદડાઓની સાથે ધબા-ક દઇને હેઠળ ભોંયપર પડયો. પાસેના તળાવ-માં પાણી પીતા હાથીની નજર તે પર ગઇ, શ્રમ રહિત આહાર મેળવવા તેની ઇચ્છા થઇ અને પાણી પીધું ન પીધું એટલામાંતો ઝાડ-નાં પાંદડાં ખાવાની ઇચ્છાથી જોશભેર તે ત્યાં આવ્યો. પુરૂષે હાથીને પોતાની પાસે આવતો દેખી હિમ્મતનું હથિયાર સજ્જ કર્યું. અને [illegible] પાસે આવી પહોંચે તે પહેલાં આડે ર-

[illegible] જોઈ હાથી ગભરાઇ

ગયો, પાંદડાં પાંદડાંને ઠેકાણે રહ્યાં, ખાંધુ ખાધાને ઠેકાણે રહ્યું અને કુદરતી પ્રેરણાથી કે વળી હાથીના મનમાં ગમે તે ભ્રાન્તિ જવાથી અગર તે પુરૂષ પોતાને પકડવા આવેલો ધારીને હાથીએ પણ પુર જોશથી તે પુરૂષની પાછળ દોડવા માંડયું. હાથીને પકડવાના ઇરાદાથી આ પુરૂષ અહીં નહોતો એકો એ તો વાંચનાર જાણે છેજ. આગળ પુરૂષ અને પાછળ હાથી એવી સ્થીતિમાં અડધો એક ગાઉ સૂધી ચાલ્યું. પુરૂષને પાછળ જોવાની હિમ્મત નહોતી, ફક્ત પગલાંઓનો થતો અવાજજ તે પુરૂષને ખબર આપતો હતો કે પાછળ હાથી દોડયો આવે છે, આથી પાછળ જોવાની જરૂર પણ રહેતી નહોતી. ખૂબ જોશથી ઉતાવળા દોડવાનું હોવાથી હવે તે પુરૂષ તો થાકયો, પણ બિચારો શું કરે અને જાય કયાં? તેને કયાંય પણ આશ્રયસ્થાન ન જણાયું

એક ઘટાદાર ઝાડ તેના જોવામાં આવ્યું, ઉપર પક્ષીઓ કલ્લોલ કરતાં જણાયાં. ઝાડને ઘટાદાર જાણી તે ઉપર ચઢી જવાની ઇચ્છાથી જાણે જલદી ચઢી જાઉં તો ઠીક એવો વિચાર મનમાં લાવી તે જરા વધારે જુસ્સાથી દોડવા ગયો, પણ નસીબ ! અરે નસીબ તું તો બે ડગલાં આગળને આગળ ! ! જરા ઉંચી નજર રાખી ઉમદા આશામાં આ મુસાફર ચાલ્યા જતો હતો પણ અફસોસ કે જ્યારે ઝાડની છેક નજીક પહોંચ્યો કે તે ઝાડ નીચેજ એક કુવો હતો તેમાં તે બાપડો મુસાફર પડયો, પણ હજુ તે નસીબદાર ખરો કે પડતાં પડતાં સમય સુચકતા વાપરી કુવામાં પડતી વડવાઇને તેણે ઝાલી રાખી જેથી નીચે કુવામાં ન પડતાં તે કુવાની અંદર ટીંગાઇ રહ્યો, અને પવનના જોશથી હીંચકા

... લાગ્યો. હાથી પણ તે ઝાડ પાસે આ-

... શત્રને (તે તેના મન-

માં તો શત્રુ જાણીનેજ પાછળ પડયો હશે ; આવી રીતે નિર્ભયસ્થાને જોઇ જોશથી તે વૃક્ષની મોટી ડાળીને સુંઢ ભરાવી હલાવવા લાગ્યો. આથી પુરૂષ બીન્યો તો ખરો, પણ જમીન ઉપર હતો તે કરતાં તેણે અહીં કંઇ-ક ઓછી બીક ધારી, પણ તેનું એ ધારવું કેટલું ભુલ ભરેલું હતું ? હે વિવેકી વાચકો આ પ્રવાહમાં તમે ધીરજ રાખી આગળ વ-ધશો, તો તે તરત તમને જણાયા વિના રહે-શેજ નહિ.

કુવાનું જળ દેખાતુ નહોતું તેથી તે વ-ધારે ઉંડો હશે એમ અનુમાન થતું હતું, જ-ળ દેખાતું નહોતું પણ તેમાં ચળકતી આંખો જણાતી હતી, તે ઉપરથી અનુમાન થતું હ-તુ કે નીચે એક મોટો અજગર મોં ફાડી બેઠેલો હતો. ઠીક ત્યારે જોઇએ કે એ લટ[illegible] તો પુરૂષ શેમાં લીન થ[illegible]

વડવાઇને તે લટકી રહ્યો હતો તે વડવાઇ ઉ-પર બરોબર તેના મોંઢા ઉપરજ એક મધપુ-ડો જામેલો હતો. પ્રથમતો મધનું એક ટીપું તેના મૂછોના ભાગ ઉપર પડયું ત્યાં જીભ ફેરવતાં મીઠું મધ લાગવાથી પુરૂષે પોતાની ડોકી જરા ઉચી કરી મધનું ટીપું પોતાના મોઢામાં પડે તેમ સચ્યું. વાંચનાર ! લેખનું મથાળું યાદ છે? "**મધનું એક બીંદુ**" તે જો! આ મ-ધપુડામાંથી આ પુરૂષના મોંમાં પડે છે તેજ **મધનું એક બીંદુ**. હવે તારા મનમાં બાં-ધવા હોય તેટલા વિચાર બાંધ ! ! ! જે શા-ખાને વળગીને તે લટકે છે તેની આ સ્થી-તિ છે ! હાથી સુંઢવડે આમ તેમ ડોલાવી રહ્યો છે અને તે શાખાના મૂળમાં કાળા અને સફેત રંગના બે ધુસ-જંગલી કદાવર ઉંદરો ...નાના તીણા દાંતથી ખેદા ખેદા તે શાખાને ...હા ! આ પુરૂષની કેવી દયા-

જનક સ્થીતિ છે?! આમ તેમ લટકે છે, ને તે શાખા ચાલવાથી મધપુડાની માંખીઓ ઉડી ઉડી તે પુરૂષના શરીરે ચટકા ભરે છે. જે હાથથી તે શાખા પકડેલી છે તે હાથ ઉપર તે મધમાંખીઓના ડંખથી તે પુરૂષને કેવું અસહ્ય દુઃખ થતું હશે? ચેળ તો બહુ આવતી પણ લાચાર-નિરૂપાય! તેની જોડે શાખા હાલવાથી **મધનુ એક બીંદુ** તેના મોંમાં ન પડતું ત્યારે તેને આ વેદના બમણી જણાતી હતી; પરંતુ શાખા કંઇક સ્થિર થતી ત્યારે મધનું બીંદુ મોંઢામાં પડતું ત્યારે આ વેદના વીસારે પડતી. કુવો ચોખંડો હતો અને તેના ચારે ખુણામાં એકેક સાપ જરા દરની બહાર ડોક કાઢી લાલચોળ જીભ કાઢી તે પુરૂષ તરફ આગળ વધતા જણાતા હતા. આ પ્રમાણે આવી દયાજનક દુઃખી સ્થીતિમાં આ પુરૂષ ફક્ત **મધના એક બીંદુ**...

તો હતો. પોતાના ઉપર પૂર્વોક્ત અનેક અ-વર્ણનિય દુઃખો છે તે વીસરી જઇ કેવળ મધપુડા સામુંજ જોઇ રહ્યો હતો. વાચકો! તમારામાંનો કોઇ આ પુરૂષને આવી સ્થીતિમાં જુવે તો દયા ઉપજ્યા વિના રહે કે? અરે એવું તે કોનું કઠ્ણ કાળજું-વજ્રહૃદય હોય ?! કાળપીઠ પથ્થર પણ આથી પીગળી ગયા વગર રહે નહિ. આ પુરૂષના મોંમાં અનાજનો છેલ્લો કણ ગયે ચોવીસ કલાક થઇ ગયા હતા. સાંજ પડી ગઇ હતી, આ સમયે એક પુરૂષ સહિત અશ્વપર ઘોડેસ્વાર થઇ ફરતો ફરતો ત્યાં આવી ચઢ્યો. દૂરથી ઘોડેસ્વારને આવતો જોઇ હાથી તો કયારનોએ પલાયન કરી ગયો હતો, આ ઘોડેસ્વાર પણ આ વૃક્ષ નીચે આવી ઘોડાપરથી હેઠે ઉતર્યો અને દોરીલોટો ... કુવા તરફ પાણી કાઢવા ગયો, પણ આ શું ?! ... કેવી દયાજનક સ્થીતિમાં અ-

હીં લટકી રહ્યો છે ?! શાખા નીચે એક કુવો છે તેમાં એક અજગર મોઢું ફાડી પડે કે ગળી જવાની તૈયારીમાંજ બેઠેલો છે, ચાર ખુણે ચાર સર્પ લાલ જીભ કાઢી દરમાંથી થોડા બહાર નીકળી તે પુરૂષ તરફ કેવા જોઈ રહ્યા છે ?! વળી વડના થડને અત્યાર સુધી હાથી ધુણાવી રહ્યો હતો, અહા શી ભયંકર સ્થીતિ ? ! વળી જરા ઉંચે નજર કરતાં તો ઓહોહો ! શાખાને એક કાળો અને બીજો સફેત એવા બે વગડાઉ ઉંદરો કાપી રહ્યા છે, હવે આ શાખા તૂટતાં તે કેટલી વાર લાગશે ? ! વળી આ મધપુડો હાલવાથી મક્ષિકાઓ ઉડી તે પુરૂષના શરીરને કેવા ચટકા મારે છે ? હવે હું જલદી કરૂં તો ઠીક, નહિતર આ પુરૂષ હમણાંજ નીચે પડી અજગરનો ભોગ થઇ પડશે, આને બચાવું તો ઠીક. આવા વિચારોથી આ ઘોડેસ્વાર પોતાનું દોરડું લઇ...

અને જે શાખા ઉપર તે પુરૂષ લટકતો હતો તે શાખાને દોરડાની ગાંઠ બાંધી દોરડાનો બીજો છેડો પોતાની પાસે રાખી નીચે ઉતર્યો અને દોરડાવતી તે શાખાને કુવાના કાંઠા તરફ ખેંચવા લાગ્યો. પણ વાંચનાર શું થયું ?! તે પુરૂષે તરતજ કાંઠા ઉપર ઉભેલા માણસને કહ્યું "આ **મધનું એક બીંદુ** મારા મોઢામાં પડવાદો, પછી મને ખેંચો" વળી ટીપું પડી રહ્યું ત્યારે કાંઠે ઉભેલા દયાળુ પુરૂષે કહ્યું "અરે દુ:ખી પુરૂષ ! મને તારી બહુજ દયા આવે છે માટે આવ હું તને બહાર કાઢી પછી તને મારા ઘોડાપર બેસાડી મારે ઘેર લઇ જઇશ. ચાલ !" પણ મધના બીંદુમાં લીન થયેલાએ જવાબ આપ્યો "જરા આ બીજું ટીપું મારા મોંમાં પડવાદો !" આવી રીતે કાંઠે ઉભેલા પુરૂષે તેને બહાર કાઢવા દશવાર કહ્યું. પણ મ- [illegible]માં લીનથયેલો પુરૂષ બીંદુમાંજ આ-

સક્ત જણાયો. ત્યારે આ પુરુષે તેની ઇચ્છા વિરૂદ્ધ જોરથી દોરીને કાંઠા તરફ ખેંચી પણ નિ-રાશ-દલગીર! વાચકો બે ચાર આંસુ પાડો! કાળા અને સફેત વગડાઉ ઉંદરે શાખાને ફોલીફોલીને કાપી નાંખી હતી તેથી જોરથી દોરી ખેંચતાં તે શાખા તૂટી અને ભારથી તે શાખા પેલા પુરૂપ સુદ્ધાં અજગરના મોઢામાં જઇ પડી. સારૂં થયું જે કાંઠે ઉભેલા પુરૂષે સમય સુચક-તા વાપરી દોરી મુકી દીધી, નહિ તો તે પણ મધના બીંદુમાં લીન થયેલા પુરૂપની માફક અ-જગરનો ભોગ થઇ પડત, અને "**ધર્મ કરતાં ધાડ**" એ વાકય ખરૂં પડત. વાંચનાર! આ દુ:ખી દયાજનક બનાવ જોઇ તારી આંખોમાં આવેલાં અશ્રુબીંદુઓને દૂર કરી આંખ સાફ કરી સાવધાન થા! જે છે તે હવે જ છે, જે સાંભળવાનું અને જે ગ્રહણ કરવાનું તે તો હવેજ છે. આ તો નારંગી ...

૨ પ્રમાણે છોલ કાઢી નાંખી તમારી પાસે ગર્ભ મૂકવાનો છે, માટે સજ્જ અને સાવધાન થઇ બેસો ! મારૂં કહેવું હવે મારે તમને સાબિત કરી આપવું છે, કે “ મારા લખાણમાં શબ્દો કરતાં સત્યની ખૂબી વિશેષ છે.” વૃક્ષની શાખાને કાપવા બે ઉંદરોને બેસાડયા તો લક્કડખોદ લખતાં શું મને નથી આવડતું ? ! ના–ના એમ નથી ! શા કારણથી ઉંદરોને બેસાડયા તે પછી સમજાશે. લક્કડખોદનો રંગ મારે એક કાળા રંગનો અને એક સફેત રંગનો વર્ણનમાં અવશ્ય જોઇએ તેમ ન મળે માટે ઉંદરો ગોઠવ્યા છે. આ કુવા ઉપર લટકતા પુરૂષનો દાખલો આપી શ્રી જંબુકુંવરે પ્રભવાનામના ચોરને તે ધંધો (ચોરીનો) મૂકાવી સંસારની અસ્થિરતા બતાવી પોતે તથા પોતાની આઠ નવી પરણેલી સ્ત્રીઓ સહિ-

ત્યાગ કર્યો હતો. આ સરખામણી જેને જૈન શાસ્ત્રમાં **મધબીંદુ**ના દૃષ્ટાંત તરીકે ઓળખવામાં આવે છે તે છે.

વાચકો ધીરજ રાખો! આ ઉપરથી શું સમજ્યા? તેનો પ્રથમ તમે તમારા મન સાથે વિચાર કરી તમારી વિચાર શક્તિની કસોટી કરો! હું તો સમજાવવાને બંધાયેલોજ છું તો વહેલા મોડા સમજાવીશ, પરંતુ જે કાર્ય પોતાથી થઇ શકે તેમ હોય તો તે માટે અન્યની મદદ શા માટે લેવી? હવે તમારી વિચારશક્તિનું પરિણામ યોગ્ય આવ્યું હોય તો હું નીચે પ્રમાણે સમજાવું તે ધ્યાન આપીને સાંભળો અને પછી તમારા વિચાર અને મારા લખાણ એ બેની સરખામણી કરો અને ફેરફાર હોય ત્યાં અટકી ખૂબ વિચાર કરો! આ પદ્ધતિ બહુજ ઉત્તમ છે. આથી વિચાર કરતાં શીખાય છે અને નજીવાં ...

જાની મદદની આશામાં વખતે નિરાશ થવું પડે છે, તેમ થતું નથી. કારણ "આપ મુવા વિના સ્વર્ગમાં જવાય નહિ" તેમ એક માણસ આપણી વતી આપણું કામ કરે, તેના કરતાં આપણેજ તે કાર્ય આપણાજ હાથે કરીએ તો કંઇક સારૂં થશે કે નહિ?!

શ્રી વૈરાગ્ય રત્નાકર માંહેના આ મધુબીંદુના દૃષ્ટાંતનો સિદ્ધાન્ત–ઉપનય ઘણોજ પ્રસિદ્ધ છે. શ્રીજંબુકુમારે વિષયમાંથી વિમુખ થવા આ દૃષ્ટાંતને પ્રમુખપદ આપ્યું હતું. વાંચનાર! મારા કહેવા પ્રમાણે વિચારસાગરમાં એકાગ્ર ચિત્તથી તમે મુસાફરી કીધી છે? કીધી હોય તો મને જણાવો કે આ કુવા અને મધના બીંદુ ઉપરથી તમે શું સમજ્યા છો? યથાર્થ સમજ્યા ન હો તો હું દૃઢ મનથી મારી ફરજ મુજબ નીચે પ્રમાણે તેનું [illegible] તે શાન્તિથી સાંભળો, અને

હજુ પણ તમને શંકા રહે તો મને મળી વિશેષ પૂછશો, તો તેનું સમાધાન કરીશ તેથી તમારા મનની ભ્રાન્તિ દૂર થશે.

લેખની શરૂઆતમાં સુંદર સરોવરના આસપાસની અટવીનું જે વર્ણન કર્યું છે તેને **સંસાર** જાણો, અને તેની પાસે એક વૃક્ષની નીચે પ્રભાતના પોહોરમાં બેઠેલા મુસાફરને **સંસાર માંહેનો એક જીવ** માનો, અહાહા ! સંસાર રૂપી અટવી ઉપર કેવા કેવા વિચિત્ર બનાવો તે મુસાફરની નજરે પડ્યા હશે ? ! પક્ષીઓનો કેવો કોલાહલ ? કેવો આનંદ ? સ્વતંત્રતાને પરતંત્રતાના કેવા અજબ દાખલા ? બગભગતનું ડોળ કરતાં પાણીપર તરતાં પક્ષીઓથી માંછલાંઓનું કેવું અચાનક પકડાવું ? અને તે ઉપરથી સંસારની કેવી અસ્થિરતા ? ! અહાહા ! કુદરત ઉપરથીજ શું થોડી શીખામણ...

મુસાફર ઝાડ નીચે બેઠો હતો ત્યાં કાળરૂપી હાથીનું કેવું આવાગમન ? વાંચનાર ! કાળ કેવો પ્રબળ છે ? ! આપણને ખબર નથી પડતી કે આપણે કાળના પંજામાં ક્યારે સપડાઇ જઇશું ! આવો સમૃદ્ધિવાન હોવા છતાં કાળ છડીદાર કેમ નહિ રાખતો હોય ? ! અહાહા ! કાળરૂપી હાથીથી બચવા મુસાફર કેવો મથ્યો ! ઝાડ ઉપર ચઢી ગયો પણ કાળ કેવો પાછળ પડ્યો ? કાળના પંજાથી મુક્ત થવું માણસ જાતથી તો બની શકે તેમ છેજ નહિ ! બીકમાં ને બીકમાં મુસાફર નાઠો અને રસ્તામાં ભવરૂપ કુવામાં પડ્યો. નસીબ જોગે આયુષ્યરૂપ ઝાડની શાખા તેના હાથમાં આવી ગઇ. આ આયુષ્યની દોરી પુરતી રીતે લંબાઇ હોય ત્યાં સુધી કાળનું કશું જોર ચાલતું નથી. આપણા મુસાફરની બાબતમાં પણ તેમજ બ- ... તેથી ભવરૂપ કુપમાં પડતાં આ-

પુણ્યરૂપ ઝાડની શાખા મુસાફરરૂપ જીવના હાથમાં આવી ગઇ, પરંતુ ભવરૂપ કુવામાં સુખ ક્યાંથી ! ! કાળરૂપ હાથી પાછળજ લાગ્યો, અને આવરદારૂપ ઝાડની શાખાને હલાવવા લાગ્યો, આટલેથીજ ભવરૂપ કુવાના દુઃખોનો અંત આવતો નથી, વાંચનારને માલુમ હશે કે કુવામાં ચારે બાજુ ચાર કષાયરૂપ સર્પો પોતાની લાલ જીભ બહાર કાઢી જીવરૂપ મુસાફરને ડંસવા તૈયાર થઇ રહ્યા હતા; પણ એ ચાર કષાય કીયા કીયા ? ક્રોધ, માન, માયા અને લોભ ! આ ચારની આજ કાલ પ્રબળતા ચાલે છે. એક જણે પુછ્યું જે " હાલ રાજ્ય કોનું ચાલે છે ? " મેં જવાબ આપ્યો કે " અંગ્રેજ સરકારનું " ત્યારે તે ડાહ્યા માણસે મને ટોકીને કહ્યું કે " ખરૂં રાજ્ય તો ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાયનુંજ છે. " જાણી......

હાડારૂપી કાળા અને સફેત બે ઉંદરો કોતરી નાંખતા હતા, અને **કુટુંબરૂપ મક્ષિકાઓ** તેના શરીરને ચારે બાજુ ચટકા ભરી તેના દુઃખમાં વધારો કરતી હતી; પણ અહાહા ! **વિષય સુખરૂપ-મધના એક બીંદુ**થીજ તે મોંદું ઉંચું રાખી વિષયરૂપી મધમાં કેવો લીન થઇ ગયો હતો ? સંસારના જીવની આ સાથે સરખામણી કરી છે કે અરે દુઃખી! વિષયસુખરૂપ મધના બીંદુમાં લુબ્ધ થયેલા મુસાફર-જીવ! તારી નીચે **નર્કરૂપ અજગર** મોઢું ફાડી તને ગળી જવાને બેઠેલો છે, તેની શું તને ખબર નથી ! મધના બીંદુમાં આસક્ત થયો છું તો **અજગરરૂપી નર્કના** મોઢામાં પડી નહિ જાય ! શું તને તેની કશી બીક નથી ? !

વાચકો ! વિષયી—પરસ્ત્રી લંપટ પુરૂષો ગમે તેવી મુસ્કેલીઓ વચ્ચે હોય, તોપણ પો- ...યોમાંજ હમેશાં તલ્લીન રહે

છે. આ **જીવ**રૂપી મુસાફરને **ભવ**રૂપ કુવામાં આટલી આટલી મુશ્કેલીઓ પડેલી છે, છતાં વિષય સુખરૂપ **મધના બીંદુ**માં તે સઘળી મુશ્કેલીઓ વચ્ચે **દિવસ અને રાત્રિ**રૂપ બે ઉંદરોથી કોલાતી **આયુષ્ય**રૂપ વૃક્ષની શાખાને કેવો લટકી રહ્યો છે ? ! સંસારના જીવની પણ આ સ્થિતિ કલ્પી લેવી. પરસ્ત્રી લંપટ વિષયાસક્ત પુરૂષોને દુનિયામાં કેટલી મુશ્કેલીઓ સહન કરવી પડે છે, તેનો જરા વિચાર તો કરો ! વાંચનાર ! આ મુસાફર આવી રીતે લટકતો હતો તેને જોઈ દયા ખાઇ **સદ્‌ગુરૂ**રૂપ મુસાફરે **ધર્મ**રૂપ અશ્વ ઉપર સ્વાર થઇ આવી, તેને પોતાના ધર્મરૂપી અશ્વપર લઇ જવા જીવને કેટકેટલી વિનંતિ કરી ? ! અને **સદ્‌ગુરૂ**રૂપ ઘોડેસ્વારે આ દુઃખી જીવને વિષયમાંથી વિરક્ત કરવા કેટલી કેટલી કોશીશ કરી ? !.. પણ લાચાર કે **વિષય** સુખ...

મુસાફરને આ સર્વ મુશ્કેલીઓ જણાઇ નહિ અને અંતે પરિણામે આયુષ્યરૂપ શાખા તૂટી અને જીવરૂપ મુસાફર નર્કરૂપ અજગરના મોંઢામાં પડયો. અર્થાત્ વિષયી માણસો લાંબુ આયુષ ન ભોગવતાં જીવનદોરી કાપી નાંખી નર્કમાં જઇ પડે છે. વાંચનારા નર્કરૂપ અજગરથી બચાવવા સદ્ગુરૂરૂપ ઘોડેસ્વારે ધર્મરૂપ અશ્વપર સંસારી જીવરૂપ મુસાફરને લઇ જવા કેટકેટલું કર્યું ! એટલે સુધી કે પોતાની જીંદગી પણ જોખમમાં નાંખી. વળી દૂરથી ધર્મરૂપ અશ્વને આવતો જોઇ કાળરૂપ હાથી કેવો દૂર ખશી ગયો ?! અહાહા ધર્મનો શો પ્રભાવ છે ?! વિષયી માણસો જીવતા સુધી કેવાં કેવાં અસહ્ય યા અવર્ણનિય દુઃખો સહન કરી મૃત્યુ પછી નર્કમાં પડે છે ? તેનું તાદૃશ્ય ચિત્ર વાચકો આગળ ખડું કરવામાં આવ્યું છે. હવે નીતિશાસ્ત્રોને આધારે વિષયાસક્ત

... મહન કરે છે ? તે લોક બ-

વહાર અનુસાર અત્રે લખવું યોગ્ય ધારૂં છું.

આ ઉપરથી આ પોથી લખનારનો ઉદ્દેશ ફક્ત પરસ્ત્રી લંપટ વિષયાસક્ત પુરૂષોનેજ બોધ આપવાનો નથી, પણ તેની સાથે હાલના વિષયી યુવકોને પણ બોધ આપવાનો મુખ્ય હેતુ છે. એક માણસ પરસ્ત્રી લંપટ થઇ અવ્યવસ્થિતપણે અનિયમિત પ્રસંગ વિના વિષય સુખમાં તલ્લીન થઇ રહેતો હોય, અને એક બીજો પરસ્ત્રી લંપટ નહિ, પરંતુ અનિયમિતપણે તેવી વર્ત્તણુંક પોતાનીજ પત્નિ તરફ ચલાવતો હોય, તો શારીરિક બાબતમાં પેલા પરસ્ત્રી લંપટ માણસ લોકની નિંદાને પાત્ર થાય છે તે વધારે, પણ શારીરિક ક્ષીણતા તો બંનેની સમાનજ સમજવી. યુવાવસ્થા પ્રાપ્ત થતાં ફર્વ સ્ત્રી પુરૂષોએ સાથે જોડાઇ પ્રજા ઉત્પન્ન કરવાની આવશ્યકતા છે. આ અવસ્થામાં ઇન્દ્રિયો સ્વભા...

બળવાન થઇ જાય છે કે, તે કોઇપણ રીતે નિયમમાં રહી શકતી નથી, અર્થાત્ તેને નિયમમાં રાખવા મુશ્કેલીઓને આમંત્રણ કરી બોલાવવી પડે છે. આ ઉપરથી એમ સાબિત કરવા માગું છું કે, યુવાવસ્થા પ્રાપ્ત થયે બ્રહ્મચર્ય પાળવું બહુ મુશ્કેલ થઇ પડે છે. વૃદ્ધાવસ્થામાં પણ ઇન્દ્રિયોનું બળ હોય છે, તો જેમાં શરીરની સર્વ શક્તિઓ વધતી જવાનો સ્વભાવ છે એવી યુવાનીમાં ઇન્દ્રિયોનું બળ ઘણુંજ હોય તેમાં આશ્ચર્ય શું ?! આવી રીતે યુવાવસ્થા પ્રાપ્ત થયે સર્વ પ્રાણીઓમાં કામનો વેગ સ્વભાવિક રીતે શરૂ થાય છે. આવે સમયે નરનારીઓ લોહચુંબકની પેઠે કાંઇ વિલક્ષણ આકર્ષણ શકિતના બળથી અન્યોઅન્ય તરફ ખેંચાતાં જણાય છે. યુવાવસ્થામાં સ્ત્રી પુરૂષો સંયોગી નહોય, તો તેઓ ... વેગને માર્ગ આપવા આડે રસ્તે દોરવાઇ

જઇ ખુવાર થાય છે. કામના વેગને બળાત્કારથી રોકવા જતાં પણ શરીરમાં જૂદા જૂદા વ્યાધિ ઓનો જન્મ થાય છે. માટે યુવાની પ્રાપ્ત થયે સ્ત્રી પુરૂષને સંયોગી થવાની આવશ્યકતા તો છેજ, તેને વળી રાજર્ષિ ભર્તૃહરી અનુમોદન આપી જણાવે છે કેઃ—" પાંદડાં અને કંદમૂળ ખાનારા વિશ્વામિત્ર તથા પારાશર વિગેરે ઋષિઓ પણ કામિનીઓનાં મનહર મુખકમળ જોતાં-જ મોહ પામ્યા, તો ઘી, દૂધ અને સુગંધી ભાત ખાનારા મનુષ્યોની ઇન્દ્રિયો વશ રહે, તો સમુદ્રમાં વિંધાચળ પર્વત પણ તરે।" અર્થાત્ યોગ્ય ઉમ્મરે ઇન્દ્રિયો વશ રહી શકતી નથી. આ ઉપરથી યોગ્ય ઉમ્મરે કામ પ્રકટ થાય છે એ આપણે સાબિત કર્યું, પરંતુ તે બાબતમાં નિ-યમિત રહેવાની કેટલી આવશ્યકતા છે ? નિ-યમિત ન રહીએ, તો કામ જેટલી નુકશાની બીજું કોઇ કરતું નથી. એ નીચેનાં દ્રષ્ટાં-

કવિ શાસ્ત્રીજી શંકરલાલ માહેશ્વરનાં વચનોથી સિદ્ધ કરી આપું છું. શાસ્ત્રીજી કહે છે કેઃ— " કામ જે શત્રુપણું કરે છે તે કોઇ કરી શકતું નથી. કામે કેટલા કેટલા અતિ પ્રવીણ માણસોને પણ ઘેલા જેવા નથી કર્યા ? કામે કેટલા કેટલા વિદ્વાનોને પણ મૂર્ખ જેવા નથી કર્યા? કામે કેટલા કેટલા પ્રતાપી પુરૂષોને પણ પ્રતાપ હીન નથી કર્યા ? કામે કેટલા કેટલા તપસ્વીઓને પણ તપથી ભ્રષ્ટ નથી કર્યા ? કામે કેટલા કેટલા ધીર પુરૂષોને પણ અધીરમાં અગ્રેસર નથી કર્યા ? કામે કેટલા કેટલા રાજાઓને પણ રાંક જેવા નથી કર્યા? કામે કેટલા કેટલા શૂરવીરોને પણ બીકણ નથી કર્યા? કામે કેટલા કેટલા ગુરૂજનોને પણ હલકા નથી કર્યા? કામે કેટલા કેટલા ગંભીર માણસોને પણ ગંભીરતાથી છુટા નથી કર્યા ? એટલુંજ નહિ પણ કામે કેટલા કેટલા માણસોને કૂતરાં જેવા નથી

કર્યા ને નથી કરતો ? કામે કેટલા કેટલા મા-સોને ભુંડ જેવા નથી કર્યા ને નથી કરતો ? કામે કેટલા કેટલા માણુસોને ગધેડા જેવા નથી કર્યા ને નથી કરતો? કામે કેટલા કેટલા માણુસોને વાનર જેવા નથી કર્યા ને નથી કરતો ? અને કામે કેટલા કેટલા માણુસોને સર્વ લોકોને હ-સવાના પાત્રરૂપ નથી કર્યા ને નથી કરતો ! કામના આવા આવા દુર્ગુણો જોઇનેજ પરમ કૃપાળુ પરમેશ્વરે તેને બાળી ભસ્મરૂપ કરેલો છે, તેમ છતાં તે લોકોને એટલું બધું પીડે છે ત્યારે પછી તે બળી ભસ્મ ન થયો હોત તો શું શું ન કરત ?!! કામરૂપ ભૂત હૃદયમાં પેસવાથી માણુસ દેખતાં છતાં આં-ધળું, સાંભળતાં છતાં બેહેરૂં, વાણી છતાં મૂગું અને બુદ્ધિમાન્ છતાં દિંઙ્ગમૂઢ થઇ જાય છે. એવું આપણે ઘણે ઠેકાણે જોઇએ છીએ, સાં-ભળીએ છીએ અને અનુભવીએ છીએ. કે-

શ્રુતિ, સ્મૃતિ, પુરાણો અને ઇતિહાસો પણ કામ વિષે તેવોજ મત આપે છે, એ કોનું અજાણ્યું છે? માટે ખરા વિદ્વાનોનું સદ્વિદ્યા મેળવ્યા પછી એજ કર્ત્તવ્ય છે કે કામને આધિન ન થવું, કામનો ભરૂસો ન કરવો અને ઘણા પ્રકારે કામથી ચેતતા રહેવું. ઇશ્વરી સૃષ્ટિમાં કોઇ પણ એવો પદાર્થ નથી કે જે નિરૂપયોગીજ હોય, તોપણ જેનો જેટલો જરૂર ઉપયોગી જોઇએ તેટલોજ ઉપયોગ થવાથી તે દોષરૂપ થતો નથી. માટે વિદ્વાનોએ કામનો યોગ્ય રીતે પરિચય રાખવો પણ તેને વશ ન થવું." શાસ્ત્રીજીનો આ ઉપદેશ શું થોડો બોધદાયક અને ગ્રહણ કરવા જોગ છે? ચેતોભાઇઓ! ચેતીને ચાલો.!!!

સંસારીઓને સ્ત્રી સંયોગની જરૂર છે, પણ તે નિયમિત હોવી જોઇએ. અનિયમિત વિષયોમાં થઇ પડી ખુવાર થઇ સંસાર સ-

ખથી વિરક્ત થઇ ગયેલાના સેંકડો દાખલા મારા જોવામાં આવ્યા છે, માટે આ બાબતમાં નિયમસર રહેવાની વધારે જરૂર છે. આજકાલ યુવાનો અનિયમિતપણે સ્ત્રીસેવન કરતા નજરે પડે છે. તે સમયે તેઓ નથી જોતા રાત કે દહાડો. આ બાબતમાં મને યુવાનોની બહુજ દયા આવે છે, અને તેથી નીતિશાસ્ત્રોના આધારે નિયમિત થવા તેઓને શીખામણ આ-પવા આ કાર્ય મારા તરફથીજ શરૂ થયું છે. યુવાનોએ પ્રથમ યાદ રાખવું જોઇએ કે વીર્યએ એ-ક આપણા શરીરમાં રહેલા લોહીનો સત્વછે. લોહી શરીરને પોષણ આપનારી એક અમૂલ્ય ચીજ છે તેમાં કંઇ સંદેહ નથી. વીર્યની ન્યુનતાથીજ મગજમાં નબળાઇ રહે છે. ઓછા વીર્યવાળો વિચાર શક્તિમાં પૂર્ણ હોતો નથી. આ લેખ વિષયી માણસોને શીખામણ આપવા માટે ખાસ લખવામાં આવ્યો છે, પરસ્ત્રી લંપટો

મારવાના કોરડા હજુ વણાય છે, તેનો ઉપ-યોગ પાછળથી કરીશ. હાલ સ્વસ્રીમાં આ-સક્ત થઇ પ્રસંગ વિના અનિયમિત વખતે સ્રી સેવન કરતા પુરૂષોને નીચેની શાસ્રામણીરૂપી સરિતામાં ઉતરવા નમ્ર વિનંતી કરી **ભાવ-પ્રકાશ** નામના અમૂલ્ય સુબોધક ગ્રંથનું મારૂં અવલોકન આ જગાએ કેવું બંધબેસતું છે તે વિચારવા તસ્દી આપુંછું. સમજુ પુરૂષોએ સર્વદા **સ્રીઓ**ને વિષે નિયમથી વર્ત્તવાની ટેવ રાખવી. **ભાવ**પ્રકાશના પૂર્વખંડના પ્રથમ ભા-ગમાં કહ્યું છે કેઃ—

आयुष्य मन्तो मन्दजरा वपुर्वर्णे बलान्विताः ।
स्थिरोपचित मांसाश्च भवन्ति स्त्रीषुसंयताः ॥

ભાવાર્થઃ—સ્રીઓને વિષે નિયમથી વર્ત-નાર પુરૂષ આયુષ્યમાન, મંદજરાવાળા, શરીર વર્ણ અને બળે કરી યુક્ત અને સ્થિરતા વૃદ્ધિ પામેલા તથા માંસવાળા થાય છે.

વાંચનાર ! જે ચીજથી આપણને દેખીતો લાભ થતો હોય તે ચીજ જાણી જોઇને આપણે જવા દઇશું કે ? આપણે એક વેપાર શરૂ કીધો છે, મેં એક હજાર રૂપિયાનું મોતી ખરીદ્યું હોય અને તેના બારસો રૂપિયા ઉપજતા હોય તો હું તે વેચ્યા વિના રહીશ કે ? ના ના કદીજ નહિ. જે ચીજમાં દેખીતો લાભ સમાયેલો હોય, તેનો સ્વીકાર દરેક મનુષ્યે ખુશીની સાથે કરવોજ જોઇએ; તો આ સેવનમાં નિયમથી વર્ત્તવાથી આટલા આટલા અસંખ્ય અવર્ણનિય ફાયદા સમાયેલા છે, તો આપણે આ સેવનમાં નિયમિત શામાટે ન થવું ? ! વાંચનાર વિચારો ! આ બાબત આવી જાહેર રીતે ચર્ચાવવાને કેટલાક લોકોને શરમ આડી આવી હશે એમ મારૂં માનવું છે, પણ એથી લોકોને ફાયદો થતો હોય, તો શરમરૂપી પડદો તોડીને બહાર નીકળી પોતાની ફરજ

બજાવવી જોઇએ. અલબત ! કેટલાક વાચકો આ વિષય હાથમાં લીધો છે, તેથી ગુપ્ત રીતે મારી નિંદા પણ કરશે, પરંતુ આથી વાંચનારને ફાયદો થવાનોજ છે એમ વાચકોના ધ્યાનમાં આગ્રહપૂર્વક ઠસશે તો પછી આવા નિંદાખોરોની નિંદાને હું કશી ગણત્રીમાં લેખવવાનો નથી. લોક હિતાર્થે લખવામાં આવેલા લેખ માટે કદાચ કોઇ ટુંક બુદ્ધિના માણસ તરફથી નિંદા થાય, તો લેખકોએ સાગર પેટ રાખવાની જરૂર છે. તેમ હું પણ મારા મનના ઉભરાઓ શાસ્ત્રોનો આધાર આપી આ પોથી દ્વારા વાચકોને નિવેદન કરૂંછું. શાસ્ત્રોનો ટેકો હોવાથી લોકોમાં શ્રદ્ધા બેસે છે, અને તેજ પ્રમાણે મેં નીતિશાસ્ત્રનાં પુસ્તકોનું આ જગાએ અવલોકન કીધું છે. શરમરૂપી બેડીને તોડી દેશ સેવામાંજ લીન થવામાં હું મારા જન્મનું સાર્થક સમજુંછું.

વાંચનાર! ઉપલું લખાણ તમને અત્રે અપ્રાસંગિક લાગતું હોય, તો તેટલી તારી ભૂલ છે, કારણ કે દરેક વિષયમાં ઉતરતા પહેલાં ઉપોદ્ઘાત તરીકે કાંઇ લખવાની આવશ્યકતા તો છે જ. અત્રે પણ ઉપર પ્રમાણે કશું લખવામાં ન આવ્યું હોત તો મારે વિષે તમારા મનમાં જુદા વિચારો ઉત્પન્ન થયા હોત. ભેગ ભેગું અત્રે જણાવી દેવું ઉચિત ધારૂં છું કે કેટલાક લેખકોની પેઠે આ લેખ લખી માન ખાટી પ્રસિદ્ધિ મેળવવાનો મારો દુષ્ટ ઇરાદો નથી જ હું સદા સ્વદેશ સેવામાં ઉત્સુક છું અને પત્રો તથા પુસ્તકો દ્વારા મારા ક્ષુદ્ર વિચારો શકત્યાનુસાર ચર્ચી મારા જન્મનું સાર્થક ઇચ્છું છું, તેની સાથે નિઃસ્વાર્થે લખું છું અર્થાત્ લેખો લખી કશા સ્વાર્થની ઇચ્છા રાખતો નથી. ફક્ત આ નાનકડું પુસ્તક વાંચી લોકોમાં નીતિનો પ્રવેશ થાય, એજ મારો મુખ્ય ઉમેદ

છે. તે ઇશ્વર કૃપાથી સાફલ્ય થશે૦૮ એમ ખાત્રી છે. " Example is better than precept." એટલે કે:–" કહેવા કરતાં કરી બતાવવું–એ વધારે સારૂં છે." એ કહેવતના અનુસાર આ બાબતમાં પણ આ લેખની સર્વ અસર પ્રથમ મારા ઉપરજ અજમાવી જોઇ પછીજ અહીં લખી છે. શાસ્ત્ર પ્રમાણે અત્રે મને આત્મ પ્રશંસાનો દોષ લાગ્યો છે પરંતુ વાચકોની ખાત્રીને માટેજ અત્રે આત્મ પ્રશંસાનો દોષ વોહોરી લેવો પડયો છે, કારણ કે આજકાલના કેટલાક લેખકો ખાસ આબરૂ–પ્રસિદ્ધિ મેળવવા ઉમદા લેખો લખી પ્રકટ કરે છે, પરંતુ તે પ્રમાણે પોતે તો વર્તતા નથી ! દેશી કારીગરીને ઉત્તેજન આપવા વિષે એક માણસે ભર સભા વચ્ચે ભાષણ કર્યું અને જ્યારે ભાષણ પૂરૂં થયું ત્યારે એક હિમ્મતવાન પુરૂષે ઉભા થઇ

સાભ્જ. "સાહેબ! સરબતી મલમલનાં અંગ-

રખાં અંદર કેમબ્રીજ છીંટનાં ખમીસ અને ઉપર મખમલનાં ટાઇટ વાસ્કુટ પહેરી, પગમાં ચકચકિત વિલાયતી રાણી છાપનાં બૂટ પહેરી અને ખાસ્સું ઝીણું હીરકોરી ધોતીયું પહેરી, આપ દેશી કારીગરીને ઉત્તેજન આપવા ભલામણ કરો છો, ને આપે આપના હાથમાંજ જાનવરના હાડકાના હાથાવાળી નાજુકડી પાતળી સોટી કેમ રાખી છે ? સાહેબ ! અમારો નકામો વખત રોકયો ! સાહેબ બીજાને શીખામણ આપો છો, અને પોતે તો તે પ્રમાણે વર્તતા નથી. ” આ પ્રમાણે લેખકે અને વકતાએ પ્રથમ પોતાનાં આચરણ તદનુસાર રાખી પછીજ વિચારો પ્રસિદ્ધ કરવા જોઇએ, પણ **પોથીમાંનાં રીંગણાંની** પેઠે કહેવું કંઇ અને કરવું કંઇ એમ થવું જોઇએ નહિ. વાંચનાર માફ કરજો ! વિષયની વચમાં આત્મ પ્રશંસાનો દોષ વોહોરી લેવા પણ તમામ

મનનું સમાધાન કરવા વચમાં અપ્રાસંગિક જણાય તો લેખક નમ્રતાથી માફી માગે છે. હવે આપણો મુખ્ય વિષય ચર્ચાવવો યોગ્ય ધારૂં છું.

વાચકો ! મેં તમોને **ભાવપ્રકાશને** આધારે સ્ત્રીઓને વિષે નિયમથી વર્તવા ભલામણ કરી પરંતુ સ્ત્રીસેવન ઘણું ન કરવું એ વાત તમારે ભુલી જવી ન જોઇએ, કારણ કે વીર્યનો ક્ષય તે શરીરનોજ ક્ષય સમજવો, કારણ વીર્ય એ લોહીનું સત્વ છે, અને શરીરનો સર્વ આધાર લોહી ઉપરજ રહેલો છે, વીર્યનો ક્ષય થતાં શરીરનો ક્ષય થાય છે, માટે સમજુ શાણા અને કેળવણી પામેલા યુવાનોએ આ બાબતમાં બહુજ સાવચેતી રાખવી જોઇએ. આજકાલના યુવાનો રતિસંગ્રામમાં વધારે હુશિયાર ગણાય છે, અને તેથીજ તેઓ બિન [illegible]ત [illegible]યલા જેવા થઇ ગયા છે, આવી ઇ-

શકબાજીથી તેઓનાં તનમન ઘસાઈ ગયાં છે. વાચકો વિચારો ! આવા કમજોર અને હીણુ વીર્યપુરૂષો દેશને માટે શું કરી શકે ? અને કંઈ કરી ન શકે તો પછી દેશોત્કર્ષ ઇચ્છવો શી રીતે સુલભ હોઇ શકે ? યુવાનો પોતાના મનરૂપી મસ્તાન ઘોડાને સ્ત્રીસેવનરૂપી લીલું ઘાસ ખાવા ન લલચાય તેમ કાબુમાં રાખશે નહિ, ત્યાંસુધી દેશોદ્ધાર માટે કશું પગલું ભરવું લાભદાયક નીવડશે નહિ. મોટાં મોટાં ભાષણો અને લખાણોથીજ દેશની ચઢતી થતી નથી, પણ મનને સ્થિર રાખી એક ચિત્તથી મચ્યા રહેવાથી પાર પડાયછે. મન વિષયાસક્ત હોયછે ત્યાં સુધી તે નિરંતર અસ્થિરજ હોય છે, માટે સ્ત્રી સેવનની બાબતમાં નિયમિત થવાની ઘણીજ જરૂર છે. વાંચનાર વિવેકી યુવકો ! તમારી મનોવૃત્તિઓના વલણને સ્વચ્છંદે વિચરવા ન દો, પણ તેનાપર દાબ રાખતાં શીખો કે જેથી

ભવિષ્યમાં કોઇ પણ રીતે પસ્તાવું ન પડે. જુદાં રહેલાં પતિ પત્નિએ મનને કબજે કરી લેવાની પહેલી જરૂર છે, કારણ કે આજકાલની મોહિનીઓના નેત્ર કટાક્ષનો મારો કંઇ જુદા જ પ્રકારનો છે. રાજપત્રિકાની પહેલી ભેટના પુસ્તક ખંભાતનો ખૂનીમાં જણાવે છે કે:—" જે કામ આપણે ઘણું ઘણું સમજાવીને, મારાઓ પોતાની કટારથી, અને સરદારો પોતાના ખજાનાથી પણ નહિ કરી શકે, તે મોહિનીઓમાંની એક પણ ફક્ત એક નેત્ર સંજ્ઞા—આંખના ચાળાથી કરી શકશે. જ્યાં ફાંસી કે શૂળીનો ભય અસર કરી શકતો નથી, અને જ્યાં મુલ્લાંઓ કે ફકીરોની શીખામણ બેદરકારીથી સાંભળવામાં આવે છે, ત્યાં પણ એક વિલાસી ચુંબન અને મદનગૃહમાં ગુપ્તમીલન આશ્ચર્યકારક કામો કરાવી શકે છે.......અને અનેક વર્ષો સુધી પળાયેલા સદ્‌ગુણો તથા

ધર્મ ભક્તિનો આકસ્મિક નાશ કરવાને આવા એકાદ ગુપ્તમીલનની કામાસક્ત ઘડીજ બસ છે." આ ઉપરથી સ્ત્રીઓ સાથેની એકાંત કામને ઉશ્કેરે છે એ સાબિત થઇ શકે છે. માટે યુવાનોએ દિવસના વખતમાં સ્વસ્ત્રી સાથે પણ ઝાઝી લાંબો સમય એકાંતમાં રહેવુંજ નહિ, નહિતર વિષયનો વેગ વધી જશે. ભાવ પ્રકાશના પૂર્વખંડના પ્રથમ ભાગમાં કહેવા પ્રમાણે ઘણું સ્ત્રીસેવન કરવાથી જુઓ ! કેટલા રોગોને આમંત્રણ કરી બોલાવવા પડે છે !!

शूलकास ज्वर श्वास कार्श्यं पांड्वा मय क्षयाः।
अतिव्यवायाज्जायन्ते रोगाश्चाक्षेप कादयः ।।

ભાવાર્થઃ—સ્ત્રીસેવન ઘણું કરવાથી શૂળ, કાસ, જવર, શ્વાસ, કૃશતા, પાંડુરોગ, ક્ષય તથા આંચકી આદિ વાત રોગ થાય છે. માટે આ બાબત લક્ષમાં લઇ વિષય પ્રત્યે ઝાઝા ન ખેંચાવું.

વાંચનાર ! દિવસે સ્ત્રીસેવન કરવું કેટલું અયોગ્ય છે? અયોગ્ય છે તેની સાથે શરીરને પણ નુકશાન થાય છે. યદુવંશી પ્રયાગજી ઠાકરશી પોતાના **પ્રમાણ સહસ્ત્રી** નામના પ્રખ્યાત ગ્રંથમાં જણાવે છે કેઃ— "દિવસે સ્ત્રીસેવન કરવુંજ નહિ કેમકે સ્ત્રીસેવનથી વીર્યનો પાત થતાં સ્વભાવથી જ તેજ સમયે શરીરમાં બળ હાનિ થવાનો સંભવ છે, અને તેમ થતાં શિથિલ પણું પોતાની મેળેજ પ્રાપ્ત થાયછે, જે મટાડવા માટે આરામ લેવાની જરૂર પડેછે, પણ દિવસે બીજા વ્યવસાયને લીધે લઇ શકાતો નથી, જેથી શરીરમાં બે પ્રકારથી બળની હાનિ થાય છે. એક તો વીર્યના પાતથી અને બીજી દિવસના વ્યવસાયને લીધે. વળી દિવસે સૂર્યની ઉષ્ણતા હોવાથી શરીરમાં પિત્તનું જોર વધે છે, તેવા સમયમાં તેને થંડું રાખવા વાળો વીર્યરૂપ કફનું રક્ષણ કરવાને બદલે તેનો

પાત કરવા માંડયો હોય તો દિવસે દિવસે પિત્તનું જોર વધીને શરીરનો નાશ કરી નાંખે છે," માટેજ ભાવપ્રકાશના પૂર્વખંડના પ્રથમ બાગમાં કહ્યું છે કેઃ-

आयुः क्षयभयाद्विद्वान्नान्हि सेवेत कामिनीम्।

સમજુ પુરૂષે આયુષ્ય ક્ષીણુ થવાના ભયથી સ્ત્રીસેવન કરવું નહિ. દિવસે સ્ત્રીસેવન કરવાથી ઉપર પ્રમાણે ગેરફાયદા બતાવી કયે કયે સમયે અને કયી કયી તિથિએ સ્ત્રીસેવન કરવાથી ઉપર પ્રમાણે વિશેષ ભોગવવું પડે છે તે વૈદકના વિખ્યાત ગ્રંથ ભાવ પ્રકાશના આધારે અત્રે જણાવવા રજા લઉંછું.

त्रिभिरस्त्रि भिरहोभिर्हिसमेयात्प्रमदांनरः।

अन्येष्वृतुषु धर्मेतुपक्षात् पक्षात्प्रजेद्बुधः।

ભાવાર્થ:—સમજુ પુરૂષે ઉનાળા સિવાય બીજી ઋતુમાં ત્રણ ત્રણ દિવસે અ...

...ળામાં પંદર પંદર દિવસે ...

पक्षान्तिदाघे हेमन्ते नित्यमन्यर्तुषुत्र्यहात् ।
स्त्रियं काम यमानस्य जाय ते न बलक्षयः ॥

ભાવાર્થ:—પુરૂષ ગ્રીષ્મ ઋતુમાં પખવાડીએ, હેમન્ત ઋતુમાં પ્રતિ દિવસે અને બીજી ઋતુમાં ત્રણ દિવસે સ્ત્રી સંભોગ કરે તો તેના બળનો ક્ષય થાય નહિં.

त्र्यहाद्वसन्तशरदोः पक्षाद्वर्षानिदाघयोः ।
सेवेत् कामिनी कामं हेमन्ते शिशिरेबली ॥

ભાવાર્થ:—બળવાન પુરૂષે વસંત તથા શરદ એ બે ઋતુમાં ત્રણ દિવસે, વર્ષા અને ગ્રીષ્મ ઋતુમાં પખવાડીએ તથા હેમન્ત અને શિશિર ઋતુમાં ઇચ્છા માફક સ્ત્રી સંભોગ કરવો.

उपेयात् पुरुषो नारी सन्ध्ययोर्नचपर्वसु ।
गोसर्गे चार्द्धरात्रेचतथामध्यन्दिनेपिच ॥

ભાવાર્થ:—તેમાં પણ સવાર સાંજ પૂનેમ ... પાછલી રાત્રિ મધ્ય રાત્રિ તથા મધ્યાન્હે ... નહિ.

रजस्वलामकामांच गर्भिणीव्याधिपीडिताम् ।
नाभिगच्छेत्पुमान्नारींयोनिरोगसमन्विताम् ॥

ભાવાર્થઃ—વળી રજસ્વલા, ઇચ્છા વગરની, ગર્ભવતી, રોગથી પીડાતી તથા જનનેન્દ્રિયના રોગવાળી સ્ત્રી પાસે જવું નહિ.

रजस्वलांगत वतो नरस्या संयतात्मनः ।
दृष्टया युस्तेजसांहानिरधर्मश्चततोभवेत् ॥

ભાવાર્થઃ—કેમકે મનને વશ ન રાખી રજસ્વલા પ્રત્યે જનારને દૃષ્ટિ, આયુષ્ય તથા તેજની હાનિ અને અધર્મની પ્રાપ્તિ થાય છે.

पर्वण्यांसन्ध्ययोश्चापिगच्छतो जीवनक्षयः ।
गर्भिण्यांगर्भ पीडा स्याद् रोगिण्यांरोगसंभवः ॥

ભાવાર્થઃ-તેમજ પૂનેમ અમાસ સવાર અને સાંજે જનારના જીવિતનો ક્ષય, ગર્ભિણી પ્રત્યે જવાથી ગર્ભને પીડા, અને રોગિણી પ્રત્યે જવાથી રોગનો સંભવ છે.

गोसर्गे चार्द्ध रात्रेचवातपित्तेप्रकुप्यतः ।
अत्याशितो धृतिः क्षुद्वानूसव्यथांगःपिपासितः ॥
बालो वृद्धोऽन्यवगार्त्तोरोगीचव्रजेत्स्त्रियम् ।
क्षुधितःक्षब्धचित्तश्चमध्यान्हेतृषितेऽबलः ॥
स्थितस्यहानिशुक्रस्यवायोकोपचविंदति ।
व्याधितस्यरुजाप्लीहामूर्च्छामृत्युश्चजायते ॥

ભાવાર્થ:—તેમજ પાછલી તથા અડધી રાત્રે સ્ત્રી સેવન કરવાથી વાત તથા પિત્તનો પ્રકોપ થાય છે, વળી અતિ જમેલો, અસ્વસ્થ ચિત્તવાળો, ભૂખ્યો, અંગે પીડિત, તરસ્યો, સોળ વર્ષની અંદરનો બાળક, સીતેર વર્ષની ઉમ્મરનો વૃદ્ધ, મળ મૂત્રાદિના વેગથી પીડિત તથા રોગી એટલાએ સ્ત્રી પાસે જવું નહિ. કેમકે ભૂખ્યો અસ્વસ્થ ચિત્તવાળો તરસ્યો તથા બળહિન મધ્યાહ્ન સમયે સ્ત્રી સેવન કરે, તો શરીરમાં રહેલા શુક્રની હાનિને તથા વાયુના પ્રકોપને પામે છે. અને રોગીને પીડા,

પેટમાં બરોળની ગાંઠ, મૂર્છા તથા મૃત્યુ થાય છે.

आयुःक्षयभयाद्भर्ता प्रथम दिवसे स्त्रियम् ।
द्वितीयेपिनवैरत्ये व्रजेदऋतुमतीतथा ॥

ભાવાર્થ:—પુરૂષે આયુષ્ય ક્ષય થવાના ભયથી ઋતુમતી સ્ત્રીપાસે રતિમાટે પહેલે તથા બીજે દિવસે જવું નહિ.

तत्रयश्चाहितोगर्भोजायमानोनजीवति ।
आहितोयस्तृतीयेन्हिस्वल्पायुर्धिकलांगकः ॥

ભાવાર્થ:—વળી એ બન્ને દિવસે જે ગર્ભ રહે તે જન્મ્યા પછી જીવે નહિ, તેમ જે ત્રીજે દિવસે રહે તે અલ્પાયુષી તથા વિકૃત અંગવાળો થાય; તેથી તે દિવસે પણ જવું નહિ.

अतश्चतुर्थी षष्ठीस्यादष्टमी दशमी तथा ।
द्वादशीवापियारात्रिस्तस्यांतांवनितांव्रजेत् ॥

ભાવાર્થ:—માટે રજોદર્શનથી સોળ રાત પર્યંત ચોથી, છઠ્ઠી, આઠમી, દશમી તથા બારમી આદિ રાત્રિ હોય તેમાં તે ઋતુમતી

સ્ત્રીને સેવવી.

अत्रोत्तरोत्तरं विद्या दायुरारोग्यमेवच ।
प्रजासौभाग्यमैश्वर्यम् बलंचातिगमात्फलम् ॥

ભાવાર્થ:—તેમાં પણ ઉત્તારોત્તર રાત્રિવિષે ગમન કરવાથી વિદ્યા આયુષ્ય આરોગ્ય સારી-પ્રજા શરીર સામર્થ્ય તથા ઇન્દ્રિય બળરૂપ ફ-ળને પામે છે. તેમ નિરંતર યાદ રાખવું કે:—

प्रसन्नचित्तएकान्ते भजेन्नारीनरोयतः ।
यादृङ्मनाःपिताधाने पुत्रस्तत्सदृशोभवेत् ॥

ભાવાર્થ:—પુરૂષે પ્રસન્ન ચિત્તથી એકા-ન્તમાં સ્ત્રી સેવવી, કારણ તે સમયે બાપનું જેવું મન હોય તેવીજ સંતતિ થાય છે.

સ્ત્રી સેવનની સંસારીઓને જરૂર તો છેજ પણ તે આવશ્યકતાનો અમલ આ સર્વ સૂચ-નાઓ ધ્યાનમાં લક્ષ કરવામાં આવે તો કેટલું સુખ થાય ? અને પ્રજા કેવી સારી નીવડે ? ભાવપ્રકાશને આધારે ઉપર પ્રમાણે શ્લોકો

મારફત શીખામણો લખી, હવે તે વિષે યદુ-વંશી શું કહે છે તે જોઈએ.

આ રીતે નિયમથી સ્ત્રીસેવન કરવા **ભાવ** પ્રકાશમાં કહેલું છે, તેમાં અમાસ તથા પૂનેમના દિવસો પણ સ્ત્રીસેવનમાં નિષેધક કહેલા છે તેનું કારણ એમ કે એ બે દિવસે પૃથ્વી ઉપર સૂર્ય તથા ચન્દ્રનું આકર્ષણ એકઠું થવાથી હમેશ કરતાં વિશેષ હોય છે. કારણ અમાસે ચંદ્ર સૂર્ય બન્ને સીધી લીટીમા પૃથ્વીની એક બાજુએ અને પૌર્ણિમાએ પૃથ્વીની એક બાજુએ ચંદ્ર તથા બીજી બાજુ સૂર્ય સીધી લીટીમાં હોય છે, અને એવો નિયમ છે કે કોઈ પણ પદાર્થ ઉપર એકથી વધારે વસ્તુનું આકર્ષણ સીધી લીટીમાં થતું હોય તો તે વિશેષ અસર કરે છે. તે પ્રમાણે અમાવાસ્યા તથા પૌર્ણિમાએ સૂર્ય અને ચંદ્રનાં એકઠાં મળેલાં આકર્ષણની પૃથ્વી ઉપરનાં

વાતાવરણ જળ તથા સ્થાવર જંગમ પ્રાણીઓ ઉપર વિશેષ અસર થાય છે, તે સ્થુળ દૃષ્ટિથી જાણવામાં આવતું નથી પણ વિચાર દૃષ્ટિએ જોતાં પ્રસિદ્ધપણે જણાઇ આવે છે. જેમકે એ બે દિવસે સમુદ્રમાં વિશેષ ભરતી તથા રોગીને વિશેષ પીડા થતી જોવામાં આવે છે, તેમાં પણ શ્વાસ રોગીને થતી પીડામાં પ્રસિદ્ધપણે વધારો જણાઇ આવે છે. એજ રીતે બીજા ગ્રહો પણ પૃથ્વીની કોઇપણ બાજુએ સીધી લીટીમાં એકથી વધારે આવે છે, ત્યારે તેમનું એકઠું મળેલું આકર્ષણ પણ પૃથ્વી ઉપરના વાતાવરણ, જળ તથા સ્થાવર જંગમ પ્રાણિયો ઉપર અસર કરે છે, પણ તે સૂર્ય ચંદ્ર જેટલી નથી કરી શકતા, કારણ કે સૂર્ય પૃથ્વીથી ઘણોજ મોટો છે, અને ચંદ્ર ઘણોજ પાસે છે; અને બીજા ગ્રહો ઘણા દૂર અને કદે નાના છે. એ રીતે અમાસ તથા પૂનેમે

સૂર્ય ચંદ્રનું એકઠું મળેલું આકર્ષણ પૃથ્વી ઉપર પ્રાણીઓનાં શરીર ઉપર માઠી અસર કરતું હોવાથી એ બન્ને દિવસે સ્ત્રીસેવન કરવુંજ નહિ. કેમકે સ્ત્રીસેવનથી બળ ઘટે છે, ને બળ ઘટવાથી કોઇપણ પ્રકારની અસર શરીર ઉપર થાય છે, અને તેમાં થયેલી પ્રજા દૂર્બળ થાય તેમાં આશ્ચર્ય નથી. વળી મળ વા મૂત્ર ત્યાગ કરવાનો વેગ ઉત્પન્ન થયો હોય તો તેનો રોધ કરીને સ્ત્રીસેવન કરવું નહિ પણ ત્યાગ કર્યા પછી કરવું, કારણ રોધેલા મળ મૂત્રને સ્ત્રીસેવન કર્યા પછી ત્યાગવા જતાં યથાર્થ ત્યાગ થઇ શકતાં નથી, ને પછી તે સંબંધી શરીરમાં રોગ ઉત્પન્ન થાય છે. તેમજ પાણી પણ આગળથી પી લેવું, કેમકે પછી ચઢેલા થાકમાં પાણી પીવું હાનિકારક છે; પણ સદેતો સાકર મિશ્રિત દૂધ પીવું લાભકારી કહેલું છે. ગૂજરાતના કેટલાક ભાગોમાં અને મુંબઇ જેવાં

શેહેરોમાં યુવાનો આવે પ્રસંગે રાતે ગરમ મશાલાદાર દૂધ તૈયાર રાખે છે, જે પીવાથી સ્ત્રીસેવનમાં પડેલી તરદીને આરામ મળે છે અને શ્રમ જતો રહે છે, માટે શ્રીમંત યુવાનોએ બને તેમ હોય તો યથાશક્તિ દૂધની તજવીજ રાખવી. આવી રીતે નિયમ પાળતાં સ્ત્રીસેવન કરવાથી શરીરે કોઇ પ્રકારની હાનિ ન થતાં ઉલટા ઘણા ઘણા લાભ થાય છે.

વાંચનાર ! **મધના એક બીંદુ** પરથી આપણે કયાં આવી ચડ્યા છીએ ? આ વિષય બહુજ અથાગ છે. સ્ત્રીઓની બાબતમાં નિયમિત રહેવા હવે ફક્ત નીચેની કેટલીક ઉપયોગી બાબતો જણાવી તે વિષયને સંકેલી મૂકીશું. પછી વ્યભિચાર–વિષય અને પરસ્ત્રી ગમનથી થતા અસંખ્ય અને અવર્ણનિય ગેરફાયદાથી વાચકોને વાકેફ કરવાની મારી ખાસ ફરજ સમજીશ. આટલેથી મારી ફરજ અદા

થઇ ચુકશે એમ મારૂં માનવું નહિ હોવાથી પરસ્ત્રીની પીડા-વિષયની વિપત્તિનાં મારી આંખથી પ્રત્યક્ષ નીહાળેલાં બે દૃષ્ટાંતો નવલકથાના રૂપમાં આ લેખને છેડે મૂકી, વાંચનારને આનંદ પમાડી વિષયમાંથી વિરક્ત કરીશ. નિયમ છે કે દાખલા આપવાથી વાંચનારને શ્રદ્ધા બેસે છે, અને તેથીજ મેં પણ આ યોજના કરી છે. વાચકો નીચેના લેખ ધ્યાન પૂર્વક વાંચી તે પ્રમાણે વર્તન ચલાવશે, તો હું નિઃસ્વાર્થી લેખક મારી મેહેનતનો યોગ્ય બદલો મળ્યો માનીશ. सुज्ञेषु किंबहुना !!! આ બાબત ઉપર વધુ વિવેચન કરતાં અલબત કેટલોક ભાગ મારે લજ્જા મૂકીને લખવો પડશે, મર્યાદા જળવાય એવી ઘણી સંભાળથી તો હું લખીશ, તોપણ વાચકો શબ્દોના વિષે વિચાર ન કરતાં તેના મહત્ત્વ ઉપર ધ્યાન આપશે એવી આશા રાખું છું. આ લેખના

મુદ્દા ઘણાક વાચકોએ અન્ય ગ્રંથોમાં વાંચ્યા હશે, પરંતુ સામાન્ય જનમંડળને માટે તેમજ મોટા ગ્રંથોના વાંચનારા કે જેઓ કેટલીકવાર કેટલીક બાબતો લાંબી હોવાથી વાંચીને યાદ નથી રાખી શકતા તેમની સગવડને અને સુગમતાને ખાતર અહીં સંક્ષિપ્ત લખુંછું, તે **શરીર અને સંપત્તિ** એ બેનું સુખ ઇચ્છનારે હમેશાં સ્મરણમાં રાખવું અને તે મુજબ વર્તવું એમ ખાસ ભાર મૂકીને આગ્રહ પૂર્વક કહુંછું.

પ્રથમ હું સાતવાર સંબંધી વિવેચન કરૂંછું.—(૧) રવિવારની રાત્રે સ્ત્રી પુરૂષે કદી સંયોગ ન કરવો કારણકે એથી થનારૂં બાળક રોગી, બુદ્ધિ અને બળહીણુ તથા કજીઆખોર થાય છે. (૨) સોમવાર તે માટે સારો છે, તેથી થનારૂં બાળક બુદ્ધિમાન, બળવાન, રૂપવાન તથા સારી જશ રેખાવાળું હોય

છે. (૩) મંગળવારની રાત પણ રવિવારની પેઠે તજવી કારણ કે તેથી થનારૂં બાળક બળહીણ હોવા ઉપરાંત બેહેરૂં, બોબડું કે બાંડું જન્મે છે. (૪) બુધવારની રાતમાટે કાંઈ અડચણ નથી તેથી થનારૂં બાળક બળવાન અને વિદ્વાન થઇ જગમાં સારાં કામ કરશે. (૫) ગુરૂવારની રાતના સંયોગથી થનારૂં બાળક ધીરવીર ગંભીર મન માયાળુ અને કુળકર્મી થાય. (૬) શુક્રવારની રાત તે માટે વર્જેલી છે, કારણ કે તેથી થનારૂં બાળક નપુંસક થાય છે. (૭) શનીવારે મધ્યરાત પછી સંયોગ કરે તો તેથી જે બાળક થાય તેના તાપથી દુશ્મન નાસે. સાતવાર સંબંધી વિવેચન કર્યા પછી હવે હું તિથિનુ પરિણામ જણાવું છું.—પડવાને દિવસે સ્ત્રીને મસ્તક પર કામ રહે છે, તેથી તે દિવસે સ્ત્રી પુરૂષ સંયોગ કરે તો તેનો રંગ ઘટે તથા પ્રજા પણ સારી ન થાય. બી-

જને દિવસે ડાબી આંખે કામ રહે છે, તેથી તેનું ફળ પણ તેવુંજ છે. ત્રીજને દિવસે હોઠમાં તથા ચોથને દિવસે કપાળમાં રહે છે, તેથી થનારી પ્રજા સારી થાય છે. પાંચમે કંઠ ઉપર કામ રહે છે, તેથી બન્નેનું તેજ જાય તથા પ્રજા વેહેમીલી જન્મે. છઠે ડાબી કુખમાં કામ રહે છે, તેથી બાળક બળવાન થાય. સાતમે સ્તનમાં કામ રહે છે, તેથી થનાર બાળક શૂરવીર થાય છે. આઠમે કેડમાં કામ રહે છે, તેથી તે દિને સંયોગ કરનારને ચિતભ્રમ થાય તથા પ્રજા પણ પાપી થાય. નોમે નાભીમાં કામ રહે છે, તેથી થનાર બાળક બુદ્ધિમાન થાય છે. દશમે કુક્ષામાં કામ રહે છે, તે દિને સ્ત્રી અતિ ઉમંગી થાય છે તથા પ્રજા પ્રેમીલી થાય છે. એકાદશીએ સાથળમાં તથા બારસે જાંગમાં કામ રહે છે, તેથી પ્રજા ભાગ્યવાન થાય. તેરસે સ્ત્રીની ડુંટીમાં રહે

છે, તેથી પ્રજા બહુ પ્યારી થાય. ચોદસે પગ તળે કામ રહે છે તેથી તે દિવસ વર્જિત છે પ્રજા પણ નઠારી બુદ્ધિની નીપજે છે, શાસ્ત્રમાં ખાસ એટલે સુધી વર્જ કરેલ છે કે ચૌદસે સંયોગ કરવાથી બધી યાત્રાનું પુન્ય જાયછે. પુનેમ અને અમાસને દિને પગને અંગુઠે કામ રહે છે, તે દિવસે સંયોગ કર્યાથી આવરદા ઘટે છે તથા પ્રજા પણ તેવી અલ્પાયુષી નીપજે છે. કૃષ્ણ (વદ) પક્ષની તિથિમાં ડાબી બાજુએ અને શુકલ (સુદ) પક્ષમાં જમણી બાજુએ કામ રહે છે.

સ્વદેશ પ્રેમી વિવેકી વાચકો! અવિનય માફ કરજો! લોકહિત તરફ ધ્યાન આપજો! આ વિષય ઉપર આટલી છુટથી કોઈએ લખ્યું નથી, તેથી વાંચનારાને કદાચ નવાઈ જેવું લાગશે, પરંતુ આ વિષય વિષે લખવાની કેટલી બધી આવશ્યકતા છે, તે હાલના બેહાલ

યુવાનોની દયાજનક સ્થીતિ તરફ તમો નજર કરશો ત્યારેજ તમને જણાશે. હાલના યુવાનોને માટે-ખાસ લોકહિતને માટેજ કેટલાકની ખાસ નિંદા વોહોરી લેવા, શરમરૂપી બેડી તોડી નાંખી " આધુનિક કાળનું દંપતિ રહસ્ય "- તેમાંથી ખાસ વાંચનારના લાભ માટેજ ઉપલો ભાગ વર્ણવવામાં આવ્યો છે. તો આશા છે કે વિવેકી વાચકો Right Side એટલે ખરોજ મર્મ ધ્યાનમાં લેઇ વિચારશેજ.

અહાહા ! વ્યભિચારનો વિષય કેટલો અથાગ અને બોહોળો છે ? ! તે વિષે લખીએ તેટલું લખી શકાય, લખવા ધારીએ તો તે વિષેજ ખાસ મોટો ગ્રંથ તૈયાર થાય. હાલ તો વાંચનારાને કંટાળો ન આવે, તે વાત ખાસ લક્ષમાં રાખી સદ્બોધ આપવાના મુખ્ય હેતુથી નીચે પ્રમાણે શાસ્ત્રાધારે વર્ણન કરવાની મારી ફરજ સમજું છું. આશા છે કે

વિવેકીવાચકો તેનો ખરો અર્થ અને મર્મ સમજી તેનો સાર ગ્રહણ કરી લેખકના શ્રમનો યોગ્ય બદલો આપશેજ ! જેથી લખનાર પોતે લીધેલા શ્રમનું સાર્થક થતું જોઇ કૃતાર્થ થઇ, ઉમંગથી બીજા લોકહિતકારી લેખો લખવામાં ઉલટભેર મચ્યો રહશે. અમદાવાદમાં દર ગુરૂવારે અંગ્રેજી ગૂજરાતીમાં પ્રસિદ્ધથતા **રાજપત્રિકા** પેપરના ગ્રાહકોને સને ૧૮૯૯ ની બીજી ભેટ તરીકે મારૂ લખેલું "અર્વાચીન આર્યો અને તેમના આચાર વિચાર" નામનું પુસ્તક ગયા ડીસેમ્બરમાં આપવામાં આવ્યું છે. તેમાં આ વિષય ઉપર મારા તરફથી નીચે પ્રમાણે લખવામાં આવ્યું છે.

પ્રિય પાઠકો ! જયાં જોઇએ ત્યાં ને જયાં જઇએ ત્યાં, બજારમાં કે શેરીમાં, ગામમાં કે પરામાં, નિશાળે કે ઘેર, દરબારમાં કે ઉપવનમાં, જયાં જુઓ ત્યાં, જયાં ફરો ત્યાં

મમ્મો ચચ્ચો તો ભણકારા કરતોજ હશે; આ તે કળિયુગ ! નીચ લોકો કોઇ સારી રૂપાળી કુળવાન ઘરની પુત્રી કે વહુ દેખે તો એકદમ ભેટવાને મન કરે છે અને હડકવાયા કૂતરાની પેઠમ વખતે ભેટી પણ લીએ છે અને તેથી દરબાર ચઢી દુઃખી થાય છે. મિત્રો વિચારો ! વિચારો તો ખરા ! ! સ્ત્રીઓ તરફ પાપદૃષ્ટિથી જોવું એ વિષે કેટલું પાપ કહ્યું છે તે તો જુઓ ! ! ! પાપદૃષ્ટિથી નીચ આચરણ થવાનો સંભવ છે, એજ સર્વ અકલ્યાણનું સાધન છે, એજ સર્વ સદ્‌ગુણોનો નાશ કરનારૂં રામબાણ ઔષધ છે, એજ દુર્ગુણોની જન્મ ભૂમિ છે અને એજ સભ્યતારૂપી વૃક્ષને ઉખેડી નાંખ નાર છે. પાપદૃષ્ટિથી વિવેકરૂપી ચિન્તામણી આંખો પડી જાય છે અને તેથીજ સન્માર્ગથી ભ્રષ્ટ થવાનો વધારે સંભવ છે, આથીજ બુદ્ધિ ગંભીરાઇ અને ધીરજ તેની નજદીક આવતાં

બીએ છે, અને આથીજ નીચપણાનાં હજારો પાપ વહોરી લેવાય છે. આગળના વખતમાં વ્યભિચાર શબ્દ કંટાળારૂપી અને નર્કના ખાડારૂપી લાગતો હતો, તો હાલની માફક વ્યભિચારના વિચારો ધ્યાનમાં લેઇ તેની સામા જોનાર તો હોયજ કયાંથી?! અરે! કોઇ નહિ. શાબાશ છે આગળની પ્રજાને! કે જે ખરી નીતિ ભક્તિ, વિદ્યા વિવેક, સદ્ધર્મ અને સદ્‌ગુણને એવી દૃઢતાથી વળગી રહેતી કે પોતાનો જીવ જાય પણ તે મૂકતી નહિ. અફસોસ છે કે હાલના વખતમાં ઉપલા સદ્‌ગુણોથી ભરપૂર વીરો જોઇએ તેટલા મળી આવતા નથી! પરસ્ત્રીસંગ એ આજકાલ રમતગમત થઇ ગઇ છે, તેનું કારણ વેશ્યા, રાંડો અને રામજણીઓ વિગેરેનો વધારોજ છે. વાંચો **નર્મકવિતા** માંહેથી.

જીવડા માં કર તું વ્યભિચાર. ટેક.—
લપટ ઝપટથી પકડે પિશાચા,

નાંખી દે નર્ક ખાડ. જી० ૧.
ધન, ધાન ને ચિત્ત ચતુરાઇ,
ચૂશી લે તે ગવાર. જી० ૨.
શોક કરીશ જ્યારે સંઘું જશે,
કો થાય ન સંગી ધાર. જી० ૩.
ઝટપટ ગટગટ પી બ્રહ્મરસતું,
નર્મદ તજીને જાર જીવડા० ૪.

વાંચનાર ! વિષયની વિપત્તિનું વર્ણન એકજ વખત ધ્યાનથી અને શ્રદ્ધાથી તું વાંચીશ તો પછી તે રસ્તે જવાનો હલકો વિચાર કદી પણ તમારા મનમાં આવશેજ નહિ. **પ્રમાણ સહસ્ત્રી** નામના પ્રખ્યાત ગ્રંથમાં સ્વસ્ત્રીનો ત્યાગ કરી પરસ્ત્રી ગમન કરનારને વોહોરી લેવાં પડતાં હજારો પાપોનું વર્ણન નીચે પ્રમાણે શાસ્ત્રાધારથી કરેલું છે તે ધ્યાનપૂર્વક વાંચવા લેખક સવિનય વિજ્ઞપ્તિ કરે

છે. જુઓ ! પરસ્ત્રીમાં શું સુખ છે ? !

ध्यायतो विषयान्पुसः संगस्तेषूपजायते ।
संगात्संजायते कामः कामात्क्रोधाऽभिजायते ॥
क्रोधाद्भवति संमोहः संमोहान्स्मृतिविभ्रमः ।
स्मृतिभ्रंशाद् बुद्धिनाशो बुद्धिनाशात्प्रणश्यति ॥
कर्मेन्द्रियाणि संयम्यय आस्ते मनसास्मरन् ।
इंद्रियार्थान्विमूढात्मा मिथ्याचारःसउच्यते ॥
इंद्रियस्येंद्रिया स्यार्थे रागद्वेषौव्यवस्थितौ ।
तयोर्नवश मागच्छेतौह्यस्य परिपंथिनो ॥
तस्मात्त्वमिंद्रियाव्यादो नियम्य भरतर्षभ ।
पात्मानं प्रजहिह्येनं ज्ञान विज्ञान नाशनम् ॥
इंद्रियाणि पराण्याहुरिंद्रियेभ्यः परं मनः ।
मनसस्तुपरा बुद्धिर्यो बुद्धेः परत स्तुसः ॥
एवंबुद्धेः परं बुद्ध वासंस्त भ्यात्मानमात्मना ।
जहिशत्रु महाबाहो कामरुपं दुरासदम् ॥

ભાવાર્થઃ—દોહરા.

વિષય ધ્યાન કરનારનો, તેમાં સંગજ થાય;

સંગે કામજ થાયછે, કામે ક્રોધ કરાય.
ક્રોધે મોહજ થાયછે, સ્મૃતિ વિભ્રમ મોહથી;
બુદ્ધિ નાશ સ્મૃતિ નાશથી, થાય નાશજ તેથી.
કર્મેન્દ્રિયને[1] વશ કરી, વિષયોને મનમાંય;
કરી યાદ રહે મૂઢ જે, દંભી તે કહેવાય.
ઇન્દ્રિયના વિષયો વિષે, રાગ દ્વેષ એ જેહ;
તેને વશ થાવું નહિ, શત્રુ એના[2] તેહ.
માટે ઇન્દ્રિયને પ્રથમ, વશ કરી એને મૂક,
ટળે જ્ઞાન[3] વિજ્ઞાન,[4] એ પાપથીજ અચૂક.
વિષય થકી પર[5] ઇન્દ્રિયો, છે પર એથી મન;
મનથી પર બુદ્ધિજ છે, પર તેથી આત્મન.
એમ જાણી પર બુદ્ધિથી, કરિ મન દીએ સ્થીર;
જીત દુરા સદ[6] શત્રુએ, કામરૂપ રણધીર.

---

૧ વાણી, હાથ, પગ, ગુદા તથા મૈથુન ઇન્દ્રિય એ પાંચ કર્મેન્દ્રિયો કહેવાય છે. ૨ જ્ઞાનીના. ૩ આત્મજ્ઞાન. ૪ શાસ્ત્રીયજ્ઞાન. ૫ શ્રેષ્ઠ. ૬ અસાધ્ય.

ક્ષણિક સુખને વાસ્તે આ પવિત્ર દેહ અપવિત્ર કરવો એ કેટલું પાપ છે? કિંપકતરૂ દેખીતું સુંદર અને શોભાયમાન લાગે છે પણ હાથ લગાડતાંજ માણસ મરણાધિન થાય છે, તેમજ દુરાચાર અથવા કુકર્મનો બહારનો-બાહ્ય દેખાવ એટલો બધો મોહક છે કે તે મનુષ્યોને ફસાવે છે. ગૃહસ્થે કોઇપણ કાળે પરસ્ત્રી માંઆશક્ત થવું નહિ, કેમકે પોતાની સ્ત્રી પર પુરૂષમાં આસક્ત જોવાથી પતિ ખેદ પામે છે તેમ પોતાના પતિને પરસ્ત્રીમાં લાગેલો જુએ તો સ્ત્રી પણ નિશ્ચય ક્લેશ પામે છે. એમ બનવું સ્વાભાવિક છે, કેમકે સૃષ્ટિમાં એવો નિયમ છે કે જેનો હક્ક લુંટાય તેને ખેદ થાય છે. પતિનો હક્ક પત્નિમાં અને પત્નિનો હક્ક પતિમાં હોય છે, તે અન્યથી લુંટાય તો ક્લેશની ઉત્પત્તિ થાય તેમાં કાંઇ આશ્ચર્ય નથી. પરસ્ત્રીમાં આસકત થવાથી પોતાના ઘરમાં

પોતાની ભાર્યાનું મન અને પારકા ઘરમાં તે સ્ત્રીના પતિનું મન નાખુશ થાય છે, અને એ-મ અણબનાવ ઉપજવાથી બન્ને ઠેકાણે ક્લેશ થાય છે; જેનું કારણ એ પરસ્ત્રીગમન કરનાર પુ-રૂષ ઠરે છે, તેથી બન્ને ઘરમાં જીવતા લગી સ્ત્રી પુરૂષોના મનને વિક્ષેપ રહે છે તેનો સઘ-ળો દોષ તેને લાગે છે. કોઇનું કોઇપણ પ્રકા-રે અન્યાયથી અહિત-ખોટું કરવું એ દોષ ક-હેવાય છે, વળી પરસ્ત્રીગમન એ એક જાતની ચોરી છે, કારણ કે જેના ઉપર બીજાની સ-ત્તા હોય એવી વસ્તુ તેના ધણીની રજા મેળ-વ્યા વગર પોતાના ઉપયોગમાં લેવી એ ચોરી કહેવાય છે, તો પરસ્ત્રી ઉપર પણ બીજાની સત્તા છે. ચોરી કરનાર રાજદંડને પાત્ર થાય છે, તેમ પરસ્ત્રીગમન કરનાર પણ સર્વોપરી રાજા પ્રભુની શિક્ષાને પાત્ર થાય છે; માટે કો-ઇએ પણ પરસ્ત્રીમાં આસક્ત થવું નહિ. કદી

મન વશ ન રહે તો તેણે પોતા ઉપરથી વિચારી જોવું, કે કદાચ અન્ય પુરૂષ મારી પોતાની સ્ત્રીમાં આસક્ત રહે તો મને કેવું દુઃખ થાય? એવા વિચારથી મન વશ રાખી શકાય છે, કેમકે બીજાની સાથે વર્ત્તવામાં વારંવાર માણસ પોતાની ઉપમા લે, તો કોઇપણ કાળે આડે રસ્તે ચઢે નહિ. વળી પુરૂષો કહે છે કે વ્યભિચાર થવાનું કારણ તો સ્ત્રીઓ છે, કેમકે તેમના હાવભાવથી પુરૂષો લલચાઇને ફસાઇ જાય છે, પણ વિચાર દૃષ્ટિથી જોતાં કંઇ સ્ત્રીઓ એકલીજ વ્યભિચારનું કારણ ભાસતી નથી, કારણ કે તેઓ હાવભાવથી પુરૂષોનું મન ખેંચે છે, તેમ પુરૂષો પણ કુચેષ્ટાથી તેમનાં મન હરણ કરે છે. એ તો બન્નેમાં સરખું છે; પણ સ્ત્રીઓ ક્યાંય પુરૂષોની પાછળ પડતી જાણવામાં આવી નથી, પણ પુરૂષો તો સ્ત્રીઓની પાછળ કૂતરાની પેઠે ફરે છે એ

પ્રસિદ્ધ છે. વ્યભિચાર થવાનું કારણ ઘણા ભાગે પુરૂષોજ છે, પુરૂષો પોતાનું મન વશ રાખી સ્ત્રીઓની પાછળ ન પડે તો કોઇ કાળે પણ વ્યભિચાર થાય નહિ; કેમકે સ્ત્રીઓ કદી પોતાની મેળે પુરૂષોની પ્રાર્થના કરનાર નથી.

કદી કોઇ પુરૂષને મૂળથીજ સ્ત્રીની પ્રાપ્તિ થઇ ન હોય કે થયા પછી ગત થઇ ગઇ હોય, ને હજી તેની સ્ત્રીની ઇચ્છા પૂર્ણ થઇ ન હોય, તો જેના ઉપર કોઇની સત્તા નથી એવી સ્ત્રી (વેશ્યા) પાસે તેણે જવું, કેમકે તેની પાસે જતાં કોઇના હક્કને નુકશાન ન થવાથી દોષ લાગતો નથી. પ્રમાણ સહસ્ત્રીઆ પ્રમાણે બોધ આપે છે, પરંતુ કેટલાક વિદ્વાનો આથી વિરૂદ્ધ કહે છે, યોગ્ય ઉમરે ઇન્દ્રિયો વશ રહેતી નથી, પણ તેને માટે આજ રસ્તો લેવો એવો ઘણા વિદ્વાનોનો મત નથી; કારણ તેથી રાંડોને ઉત્તેજન મળે

છે, તેમ વેશ્યાગમન આબરૂ ઓછી કરનારૂં કર્ત્તવ્ય હોઇ તે નિંદેલું છે. જે પુરૂષના ઘરમાં સ્ત્રી છે, તેણે તો તેવી રાંડો પાસે જવુંજ નહિ, કારણ તેથી પોતાની સ્ત્રીને નુકશાન થાય છે, જેથી તેને દોષ લાગે છે. જેના ઉપર બીજાની સત્તા છે એવી ગૃહસ્થ સ્ત્રીની કોઇ પણ કાળે તેણે ઇચ્છા કરવી નહિ, કેમકે તેમ કરતાં લોકોમાં નિંદા થાય છે; જેના હક્કને નુકશાન થાય તેના અંતઃકરણને કલેશ ઉત્પન્ન કરવાનો દોષ લાગે છે, અને તેના તરફથી ભય થવાની શંકા રહે છે.

" परदारा न गंतव्या पुरुषेण विपाश्चिता ।
यतो भवंति दुःखानि नृणां नास्त्यत्रसंशय ॥ "

ભાવાર્થઃ-બુદ્ધિમાન પુરૂષે પારકી સ્ત્રી પ્રત્યે જવું નહિ, કેમકે તેથી દુઃખ થાય છે, એમાં સંશય નથી.

એક પ્રાચીન દુહો કેટલાક વૃદ્ધ ભાટ હજુ

કહેછે, તેનો ભાવાર્થ એવો છે કેઃ—" ચતુર નરની બજારમાં એક જાર (પરસ્ત્રી ગમન કરનાર પુરૂષ) ને હજાર વખત તોળતાં તે ફક્ત એક જોડા (ખાસડા) જેટલો થયો. અર્થાત્ હજાર વાર તોળતાં પણ તેનું વજન એક ખાસડા જેટલું થયું—બે ખાસડાં જેટલું થયું હોત, તો કોઇને પહેરવાનાએ કામમાં આવત, પણ આતો હજાર વખત તોળ્યા છતાં એ નકામો !" શું આ ઓછી શરમ ભરેલી ઉપમા?! આ વાંચી હવે કોઇ યુવાન પરસ્ત્રીની ઇચ્છા પણ કરશે કે ? ના, ના, કદીજ નહિ. " ગમે તેવો બળવાન હોય, ગમે તેવો પરાક્રમી હોય, ગમે તેવો વિદ્વાન હોય, ગમે તેવો સેનાવાળો હોય, ગમે તેવો રાજ્ય સ્મૃદ્ધિવાળો હોય, ગમે તેવી કીર્ત્તિવાળો હોય, ગમે તેવા પુત્રોની સહાયતાવાળો હોય, ગમે તેવો રાજ્ય સ્મૃદ્ધિવાળો હોય, ગમે તેવા મિત્રોની સહાયતાવાળો હોય, ગમે તેવા ભાઇ-

ઓની સહાયતાવાળો હોય, કે ગમે તેવા દેવની સહાયતાવાળો હોય પણ જેને **પરસ્ત્રી** તરફ લોભ થાય છે, તેનો એકાએક નાશ થાય છે તેમાં કાંઇજ સંદેહ નથી." આગ ઉમદા શીખામણો આપતાં સાક્ષરોત્તમ શ્રીયુત્ શીઘ્ર કવિશ્રીજી શાસ્ત્રીજી **શંકરલાલભાઇ** વિશેષ જણાવે છે કે:-" **પરસ્ત્રી** તરફ પ્રીતિરૂપ ઝેરની વેલ જેણે બાંધી હોય છે, અને જ્યારે તેની ઝેરી હવા ફેલાય છે ત્યારે તે ઝેરી હવા રોકવાને માટે કોઇ શાન્તિના ઉપાયો કામ આવતા નથી, કોઇ વૈદ્યોનાં ઔષધો કામ આવતાં નથી, કોઇ ડાક્તરોની દવાઓ કામ આવતી નથી, અને કોઇ હકીમોના ઇલમો કામ આવતા નથી. તે પરસ્ત્રી તરફ લોભરૂપ પોતાનોજ દુર્ગુણ જ્યારે પ્રબલ દુશ્મનની પેઠે સામે ચઢી આવે છે, ઝેરી પવનની પેઠે ચારે કોરથી માત્ર એક પોતાનોજ નહિ પણ આખા

કુટુંબનો નાશ કરવા લાગે છે, અને દુષ્ટ દાવાનલની પેઠે આખા વંશરૂપી વનને બાળવા લાગે છે; ત્યારે નથી તેને તેનું બળ કામ આવતું, નથી તેને તેનું પરાક્રમ કામ આવતું, નથી તેને તેનું વિદ્વાનપણું કામ આવતું, નથી તેને તેની સેના કામ આવતી, નથી તેને તેની સ્મૃદ્ધિ કામ આવતી, નથી તેને તેની કીર્ત્તિ કામ આવતી, નથી તેને તેના મિત્રોની સહાયતા કામ આવતી, નથી તેને તેના પુત્રોની સહાયતા કામ આવતી, નથી તેને તેના સ્નેહી સંબંધિયોની સહાયતા કામ આવતી, અને નથી તેને તેના દેવોની સહાયતા પણ કામ આવતી. એ સર્વ રાવણના ઉદાહરણ ઉપરથી આપણે શીખવાનું છે. જુવો કે જે રાવણનું બળ પરાક્રમ અને વિદ્વાનપણું તો આજ સુધી પણ જગત્પ્રસિદ્ધ છે, જે રાવણની રાજ્ય, સ્મૃદ્ધિ, સેના અને કીર્તિથી પણ કોઇ અજા-

ર્યું નથી, જે રાવણને વાલી જેવા મિત્રોની સહાયતા હતી, જે રાવણને ઇન્દ્રજીત જેવા પુત્રની સહાયતા હતી, જે રાવણને કુંભકર્ણ જેવા ભાઇની સહાયતા હતી, જે રાવણને ખરદૂષણ, મારીચ, માલ્યવાન્ વિગેરે સ્નેહિ સંબંધીઓની સહાયતા હતી અને જે રાવણને ઇન્દ્રાદિ લોકપાળો તો ચાકર જેવાજ હતા એટલુંજ નહિ પણ કાળના પણ કાળરૂપ દેવના પણ દેવરૂપ અને સર્વ વિશ્વના પિતારૂપ ભક્તવત્સલ ભગવાન્ મહાદેવજી જેવા દેવની સંપૂર્ણ સહાયતા હતી, તેમ છતાં તે મિત્રો, પુત્રો, ભાઇયો, સ્નેહિઓ અને સંબંધિયોનો નાશ જોઇ છેવટ પોતે પણ ગીધ પક્ષીઓનો બળિભોગ થઇ પડ્યો એ માત્ર મહા સતી સીતાજી તરફ બાંધેલી દુર્બુદ્ધિનોજ પરિણામ છે. જે સમયમાં રાવણનાં મસ્તકો રણસંગ્રામમાં રખડતાં હતાં તે કરૂણાજનક સમયમાં

હનુમાનજીએ કહ્યું છે કેઃ—

परिहरत परांगनानुरागं यदिबतजीवितमस्तिवल्लभं्चेत्
हरिहरि हरिणीदृशोनिमित्तं दशदशकंधरमौलयोलुठंति ।

ભાવાર્થઃ—અરે ! જો પોતાનું જીવવું વહાલું હોય, તો પરાંગનાઓ (પરસ્ત્રીઓ) માં અનુરાગ (સ્નેહ) ને છોડી દો. હાય હાય ! હરિણના જેવાં નેત્રવાળાં **સી**તાજીના નિમિત્તથી દશકંધર **રા**વણનાં દશ મસ્તકો આ રણભૂમિમાં રખડે છે.

શું આટલાજ અક્ષરોમાં હનુમાનજીએ ઓછો ઉપદેશ કર્યો છે ? આતો માત્ર રામાયણની મોટી કથાઓ ઉપરથી ઉપદેશ લેવાની વાત મેં લખી પણ બીજાં આવાંતર અનેક આખ્યાનોમાંથી પણ અનેક પ્રકારનો બોધ લેવાનો છે.

" रहसिरचित मेतज्जार कर्मात्र नीचैर्ल—
शुनमिव सुभुक्तं्याति लोके प्रसिद्धिम् । "

" तदिह सकल गर्ह्यनैव विद्वान् विदध्यात् .
क्षणिक सुख कृते स्याद्यत्प्रतिष्ठार्थे नाशः ॥ "

ભાવાર્થ:—નીચ માણસોએ કરેલું જાર કર્મ ખાધેલા લસણની પેઠે લોકમાં પ્રસિદ્ધ થઇ જાય છે, માટે સકલ બુદ્ધિમાન જનોએ નિંદેલું તે કર્મ કરવું નહિ; કેમકે ક્ષણિક સુખ સારૂ પ્રતિષ્ટા તથા ધનનો નાશ થાય છે.

" रक्ष: पतिर्जनकजा हरणेनवाली,
तारा पहार विधिना सच कीचकोऽपि ।
पांचालिका प्रथमनान्निधन जगाम्,
तस्मात्कदापि परदार रतिन कुर्यात्: ॥ "

ભાવાર્થ:—સીતાનું હરણ કરવાથી રાવણ, તારાને હરી લેવાથી વાલી, અને દ્રૌપદીની છેડ કરવાથી કીચક મરણ પામ્યા; તેથી કદાપિ પરસ્ત્રીમાં પ્રીતિ કરવીજ નહિ.

' अपसर मधुकर दूरं परिमल
बहुलेऽपि केतकी कुसुमे ।

इह नहि मधु लव लाभो
भवति परं धुलिधूसरं वदनम् ॥ "

ભાવર્થઃ—હે ભ્રમર! કેતકીના ફૂલમાં ઘણો સુગંધ છે, તોપણ તું તેથી દૂર રહે; કારણ કે એમાં તને લેશ માત્ર પણ પુષ્પ રસનો લાભ નહિ થાય, પણ ઉલટું તારૂં મુખ પુષ્પરજે કરી ધૂળવાળું થશે.

" पश्यति परस्य युवती सकाम मपि
तन्मनोरथं कुरुते ।
ज्ञात्वैव तदप्राप्ति व्यर्थं मनुजो
हिपाप भाग्यवति ॥ "

ભાવાર્થઃ-પારકી સ્ત્રીની અપ્રીતિ જાણવા છતાં જે પુરૂષ તેને જુવે છે, તથા તેણીના વિષે ઇચ્છા પ્રમાણે મનોરથ કરે છે, તે વૃથા પાપ ભાગી થાય છે.

માટે જેથી વ્યભિચાર થાય એવાં આચરણ પ્રથમથીજ છોડી દેવાં. **માનવધર્મ**

શાસ્ત્રના આઠમા અધ્યાયમાં કહ્યું છે કે–

" परस्त्रियंयोभिवदे तीर्थेऽरण्ये वनेऽपिवा ।
नदीनां वापिसंभेदे ससंन्पुयामाग्रहणत् " ॥

ભાવાર્થઃ– જે પુરૂષ પાણી ભરવાને માર્ગે, ગામની બહારના વનમાં, જંગલમાં અથવા નદીઓના સમાગમને ઠેકાણે પરસ્ત્રી સાથે ભાષણ કરે; તે વ્યભિચાર કર્યાના દોષને પામે છે.

" उपचार क्रिया केलिःस्पर्शो भूषण वाससाम् ।
सहसद्वासनं चैव सर्व संग्रहणं स्मृतम् ॥ "

ભાવાર્થ:–પારકી સ્ત્રીને છાની ભેટ મોકલવી, તેની સાથે હસવું બોલવું તથા રમત કરવી, તેનાં ભૂષણ તથા વસ્ત્રને અડકવું અને તેની સાથે એક ખાટલા ઉપર બેસવું એ સર્વ વ્યભિચાર કહેલ છે.

" स्त्रियं स्पृशेददेशेयः स्पृष्टो वामर्षये त्तया ।

परस्पर स्यानुमते सर्वं संगृहणं स्मृतम् ॥

ભાવાર્થ:-વળી ન અડકવાને ઠેકાણે જે પારકી સ્ત્રીને સ્પર્શ કરે અથવા તેણે કરેલા સ્પર્શને પોતે સહન કરે, તો એવી પરસ્પરની અનુમતથી થતી બધી ક્રિયા વ્યભિચાર કહેલ છે.

વ્યભિચાર થવાનાં એ સર્વ લક્ષણ એકાંત વિના બની શકતાં નથી, માટે સમજુએ તો પ્રથમ કોઇ પણ સ્ત્રી સાથે એકાંતજ ન કરવી, પણ કદી કાંઇ કાર્ય પ્રસંગે કોઇ સ્ત્રીને મળવું હોય, તો પોતાની સાથે કોઇ અન્યને રાખવું અગર તે સ્ત્રીની પાસે બીજું કોઇ બેઠું હોય ત્યારે જવું; પણ પોતે એકલાએજ તે સ્ત્રી એકલી બેઠી હોય ત્યારે જવું નહિ. કેમકે સ્ત્રી પુરૂષનું એક બીજાનું આકર્ષણ લોહચુંબક પેઠે કંઇ વિલક્ષણ પ્રકા-

રનું છે. તેથી તે બન્ને કદી શુદ્ધ હોય તથાપિ લોકમાં નિંદાને પાત્ર થાય છે. **ચાણાક્ય નીતિમાં** કહ્યું છે કેઃ—

" तप्तांगार समानारी घृत कुंभसमःपुमान् ।
तस्मात् वन्हिघृतं चैवनेकत्रस्थापयेद् बुधः ॥ "

ભાવાર્થ:—બળતા અગ્નિસમાન સ્ત્રી અને ઘીથી ભરેલા ઘડાસમાન પુરૂષ છે, માટે બુદ્ધિમાને એ બે એક ઠેકાણે રાખવાં નહિ. માટેજ **માનવધર્મ શાસ્ત્રના** બીજા અધ્યાયમાં કહ્યું છે કેઃ—

" मात्रा स्वस्त्रा दुहित्रावाम विविक्तासनोभवेत् ।
बलवानिन्द्रिय ग्रामोविद्वांसमपि कर्षति ॥ "

ભાવાર્થ:—મા, બેન તથા દીકરી સાથે પણ એકાંતમાં બેસવું નહિ, કેમકે ઇન્દ્રિયો બળવાન હોવાથી વિદ્વાનને પણ વિષય પ્રત્યે ખેંચે છે. તેમ **ચાણાક્યનીતિમાં** કહ્યું છે કેઃ—

" नहि पश्यति जन्मांधःकामांधो नैव पश्यति ।
नपश्यति मदोन्मत्तः अर्थी दोषान्नपश्यति " ॥

ભાવાર્થ:—જેમ જન્માંધ દેખતો નથી, તેમજ કામાંધ, મદોન્મત્ત તથા મતલબી દોપને જોતા નથી. તેમજ

गृहासक्तस्यनो विद्या ना दया मांस भक्षिण:
द्रव्यलुब्धस्यनो सत्यं स्त्रैणस्य न पावित्रता ॥

ભાવાર્થ:—ગ્રહાસક્તને વિદ્યા, માંસ ખાનારને દયા, દ્રવ્ય લોભીને સત્યતા તથા સ્ત્રીઓમાં બેસનારને પવિત્રતા હોતી નથી.

ઇન્દ્રિયો ઘણી બળવાન હોવાથી વશ રાખી શકાતી નથી. વૃદ્ધપણામાં પણ યદ્યપિ શરીરની શક્તિ ન્યુન થતાં કર્મેન્દ્રિયો થાકી જવાને લીધે ક્રિયા થઇ શકતી નથી, તથાપિ જ્ઞાનેન્દ્રિયોનું પોતપોતાના વિષયો પ્રત્યે ઘણા વર્ષ સુધી ખેંચાણ ચાલુ રહે છે; અને જ્ઞાનેન્દ્રિયોની શક્તિ ઘટે ત્યારે માત્ર મનનું પણ વિષયો પ્રત્યે ખેંચાણ થાય છે. એ રીતે શરીરની સર્વ શક્તિઓ ઘટતી જવાનો સ્વ-

ભાવ છે, તેવી વૃદ્ધાવસ્થામાં પણ ઇન્દ્રિયોનું બળ હોય છે; ત્યારે જેમાં શરીરની સર્વ શક્તિઓ વધી જવાનો સ્વભાવ છે, એવી યુવાનીમાં ઇન્દ્રિયોનું બળ ઘણું હોય એમાં શું આશ્ચર્ય ? ! એ ઉપરથી જણાય છે કે ઇન્દ્રિયોનું પોતપોતાના વિષયો પ્રત્યે થતું ખેંચાણુ લોહચુંબક વત્ ઘણુંજ હોય છે, માટે આર્ય શાસ્ત્રકારોએ સ્ત્રિયો સાથેના એકાંતની સખ્ત મનાઇ કરી છે. નાયગ્રાનો પાણીનો ધોધ ધરતીપર પડી તેને ફાડી નાંખી હમેશાં વેગવાન બની દોડયો જાય છે, તેમ વિષય વાંચ્છના આપણા સઘળા સુવિચારને કચરી નાંખે છે. આ કળિયુગમાં અનેક સ્ત્રીઓરૂપી સળીઆવાળા પાંજરાને પોતાના મનવશરૂપી ભારે પંજાથી સપાટાબંધ તોડી નાંખી, પાંજરામાંથી બહાર નીકળવું એજ મુશ્કેલ છે.

" શિવપદ યદિ વાંચ્છે જેહ આનંદદાઇ,

વિષ સમ વિષયો તો, છાંડી દે દુઃખદાઇ;
મધુર અમૃતધારા, દુધની જો લહી જે,
અતિ વિરસ અદા તો, કાંજીકા શું ગ્રહિજે?
વિષય વિકળ તાણી, કીચકે ભીમ ભાર્યા,
દશમુખ અપહારી. જાનકી રામ ભાર્યા;
રતિ ધરિ રહેનેમિ, ક્રીડા નેમિ નાર્યા,
જીણ વિષય ન વર્જ્યા, તેહ જાણો અનાર્યા"
"नहि यशमना पुष्यं लोके किंचन विद्यते।
यादसं पुरुषं स्पेह परदारा भिमर्षणम् ॥"

ભાવાર્થઃ—" આ જગત્‌માં પુરૂષના આયુષ્યનો નાશ કરનારો પરસ્ત્રીના સ્પર્શ જેવો બીજો કોઇ પદાર્થ નથી, અર્થાત્ પરસ્ત્રીના સ્પર્શથીજ પુરૂષોનું આયુષ્ય ઘટે છે." એક પતિવ્રત જેને **શી**વજીએ, રામચંદ્રજીએ, રાજા ઋતુધ્વજે અને **નળ** રાજાએ પોતાના પ્રાણ તુલ્ય ગણી પાળેલું છે; આનો અપૂર્વ મહિમા સર્વ ઇતિહાસો, પુરાણો, કથાઓ, વાર્તાઓ અને

નાટકોમાં ગવાય છે. એક પતિવ્રતથી સર્વ પ્રકારની સંપત્તિયો અને સુખ પ્રાપ્ત થાય છે; માટે સર્વ પ્રકારનાં સુખ અને અભ્યુદયની ઇચ્છા હોય, તેણે એક પતિવ્રતરૂપ કલ્પવૃક્ષની છાયાનો આશ્રય કદી છોડવો નહિ; એમ શાસ્ત્રી પુરાણીકો આપણને શીખામણ આપે છે. પરસ્ત્રી તરફ પ્રીતિરૂપ ઝેરની વેલ ભણી ઝેરી હવા ફેલાય છે, ત્યારે તે ઝેરી હવાને રોકવાને કોઇપણ ઉપાય કામે લાગતા નથી; માટે સુજ્ઞ વાચકો ! આપણે ચડતી જુવાનીરૂપ પીશાચના આવેશથી પરસ્ત્રીરૂપ ઝેરી લતાઓનો આશરો લેવો જોઇએ નહિ. પ્રિય મિત્રો ! ઇન્દ્રિયોરૂપી ઘોડા તમારા દેહરૂપી રથને અવળે રસ્તે ખેંચી ન જાય તેની ખૂબ સંભાળ રાખજો, હાલના યુવાનો તો બસ ! હમેશાં સ્ત્રી મળે તો બીજી વાતજ નહિ, જાણે જગતજ જીત્યું હોય નહિ! યુવકો ! ધ્યા૰

ન આપી નીચેનું કાવ્ય વાંચશો !!!

"જોબનીયાનો લટકો દહાડા ચારનો,
પૂર પાણીનું જાતાં ન લાગે વાર જો.
કાચનો કુંપો ભટક્યો કટકા થઇ જશે,
અસ્થીર ડાભ અણી ઉપર જળ ઠારજો-જો૦
મદમાતા જોબનમાં નર ને નારીઓ,
માન ગુમાન તો તનમાં ક્યાંહી ન માયજો;
રંગ પતંગનો ક્ષણમાં ઉડી જાય છે,
પાણીમાં પતાશાં પલળી જાયજો-જો૦

અસ્થિર યુવાવસ્થાના આવા ઉત્તમોત્તમ સમામાં ક્ષણીક સુખને માટે પરસ્ત્રીમાં આસક્ત થઇ આલોક તેમજ પરલોક ઉભયનું બગાડવું એ કેટલી કનિષ્ટતા ? કેટલી નીચતા ? કેટલી શરમ ? અને કેટલું બધું પાપ ? ! માટે હે મારા યુવાન બાંધવો ! શ્રેય ચહાતા હોતો સ્વપ્નામાં પણ પરસ્ત્રીની ઇચ્છા ન કરતા:—

પરભવ જાતાં, ભાતુલ્યો, ભૂખ લાગશે,

મતિ લજાવો માતા કેરી કુખજો. જોબ૦
જરા [1] ફોજો જોબન મોજો લુંટશે,
બુઢાપણુમાં થાશે બૂરા હાલજો.
વિવિધ જાતના રોગ શરીરે જાગશે,
* * * * જોબનીયાનો.—
આ શીખ 'ઝવેરી' સેવકની ઉરધારજો,
આ ભવ પરભવ બન્ને સુધરી જાયજો.
જોબનીયાનો લટકો દહાડા ચારનો.—"

વાંચનાર! આવી રીતે નિબંધથીજ બોધ આપવાનો શરૂ રાખીએ તો તેથી વખતે વચમાં આપને કંટાળો આવશે અને તેમ થવાથી કદાચ આપ આ લેખ વાંચવો મૂકી દેશો એવી ભીતિ લાગવાથી વચમાં તમોને વાંચતાં આનંદ અને તેની સાથે બોધ મળે તેવા હેતુથી નીચે પ્રમાણે વાર્તા આપને વિદિત કરવાની રજા લઉં છું. વળી વચમાં બોધનાં થોડાં વાક્યો જણાવી બીજી વાર્તા લખી-

1. ઘડપણરૂપી ફોજો જુવાનીની મઝાઓ લુટશે.

શ. એમ વચમાં વચમાં વાર્ત્તાઓ લખતો રહીશ માટે આપે તે વાંચતાં વચમાં મૂકી ન દેતાં સંપૂર્ણ વાંચવીજ જોઇએ. નીચેની વાર્ત્તા સાચે સાચી હાલમાં ફક્ત દોઢ વર્ષ પહેલાંજ ખરી બનેલી છે. નાયક—યુવાન મારો ઓળખીતો છે, આ વાર્ત્તા લખી મેં નાયકને વંચાવી છે ને તેણે મને સૂચના કરી કે "મારૂં નામ છુપાવી દુનિયાના બીજા લોકો એથી ચેતીને દૂર રહે માટે જરૂર આ વાર્ત્તા કોઇ જાહેર ચોપાનિયામાં તમારે મોકલવી." આથી આ વાર્ત્તા આપ તરફ મોકલી છે. આશા છે કે વિવેકી વાચકવૃંદ ! તે હોંસથી વાંચી લેખકે લીધેલી મહેનતના બદલા તરીકે આ દાખલો ધ્યાનમાં રાખી તેવે કુમાર્ગે જતા અટકશેજ.

પરસ્ત્રીની પીડા. (એક ખરી બનેલી વાર્ત્તા.)

"ઇશ્ક બડા જંજાળ રે, યારો દીલસેં લગાના.(૨)
પહિલા ઉસ્કે ઘરકું જાના, દુસરા ઉસકું માલ ખીલાના

તીસરા અપના યૌવન લુંટાના, ચૌથા હુવે બદનામરે
યારો દીસસેં લગાના, ઇશ્ક બડા-(૨)''

નાટય કાવ્ય.

ઉપર પ્રમાણે ધીમેથી ગાયન બોલતો વીસ વર્ષનો એક યુવાન સાયંકાળે પોતાના ઘરની એક બારીમાં બેઠો હતો. ગાયનનો દરેક શબ્દ સ્પષ્ટ રીતે સમજાય એમ તે બોલતો હતો અને તેજ ગાયન ફરી ફરી એવી ઢબથી તે બોલતો હતો કે તેથી એ તરૂણ આ ગાયન ઉપરથી પોતાના અંતઃકરણને કંઇ શીખામણ આપતો હોય એવો આભાસ થતો હતો. વગર વિચાર્યે કરેલા કામના પસ્તાવાથી પડેલા કારી ઘા ઉપર આ ગાયન રામબાણ ઔષધીનું કામ સારશે, એવી આ ગાયન લલકારનાર યુવકને ખાત્રી હતી. અને પોતાના ઉપર વીતેલી વાતપરથી અન્યને બોધ આપવાના હેતુથી મોઢે કરી રાખવા, તે ઘરમાં-

નાં બીજાં કોઇ કે જેઓ વીતક વાર્તાથી વા- કેફગાર હતાં, તેઓ ન સાંભળી શકે માટે ધી- માસથી પણ સ્પષ્ટ રીતે ગાયન તેના મુખ- દ્વાર બહાર નીકળી જતું હતું. આ ગાયન પો- તાના મોઢેથી ગવાતુ કોઇ સાંભળી જાય તેની તે બહુજ સાવચેતી રાખતો હતો. કારણ કે "Example is better than precept કહેવા કરતાં કરી બતાવવું વધારે સારૂં છે." એમ કોઇનું મેહેણું સહન કરવાનો પ્રસંગ ન આવવા તે ઇચ્છતો હતો. કદાચ કોઇ સાંભ- ળે અને પોતાનાં કરેલાં કર્ત્તવ્યોનું ફરીથી મ- નન કરવા કોઇ મેહેણું મારે, તો યુવાનનો જીવ કળીએ કળીએ કપાઇ જાય એમ હતું; તેથી તે ગાયન બહુજ ધીમેથી મધુર રાગમાં એકાંત તે ઓરડાની એક બારીમાં સંભળાતું હતું.

તે યુવાન ઉઘાડે માથે બારી ઉપર ડાબો હાથ રાખી તે ઉપર માથાને ટેકો દઇ ઉભો

હતો. ગાયન બોલતાંની વાર વખતે તેનું મન રૂપી વહાણુ વિચાર સાગરમાં ખેંચાઇ જતું ત્યારે પછી તે વાહાણુને વિચાર સાગરને કાંઠે લાવી લંગર કરવાની તેને ફરજ પડતી. વારંવાર આમ બનતું હતું, પણ છેવટ ઘણી કોશીશ છતાં એ મનરૂપી વહાણુ પવન અનુકુળ હોવાથી વિચાર સાગરમાં ઘણે દૂર ચાલી ગયું. લંગર કરવાની બધી મહેનત વ્યર્થ ગઇ અને છેવટે વહાણુ ઉપરથી નીચેના શબ્દો સંભળાયા અ- ર્થાત્ તેના મનના નીચેના વિચારોએ જગ્યા રોકી–" અહાહા ! કેવી બોધદાયક અને ર- સિક કવિતા, શાં વખાણુ કરૂં ? ! અરે સ્નેહી ડી. ટી. આ કવિતા તેં કયાંથી શોધી કાઢી?! મને તો લાગે છે કે તેંજ મારે વાસ્તે રચી હોયની ! ના, પણુ તેઓ તો એમ જણાવતા હતા કે એક નાટકમાંનું ગાયન છે. ગમે તેમ હો પણુ હું તો એમ માનું છું કે ડી. ટી.

એ મારા ઉપરથીજ આ કવિતા બનાવેલી છે કારણુ કે તેને અક્ષરશઃ મળતીજ આવે છે. જુઓ ! પહેલાં મારે તેને ઘેરજ જવું પડયું, કોઇના પૈસા ઉછીતા લઇ અચ્છેર પેંડા પણુ સંતાડીને લઇ જઇ તેને ખવરાવવા પડયા—યૌવન લુંટાયું અને છેવટ ફજેતી થઇ તે તો જૂદીજ. અહાહા ! મોતથીજ બચ્યો, તેમાં શું ? સુતારને કાને મારી ચીસ ન ગઇ હોત તો તો ખરેખર મારા શરીરની રાખ અત્યારે સ્મશાનભૂમિના ભયંકર વાવાઝોડામાં ગોથાં ખાતી હોત. બેશક હવે મને ખરેખરી શીખામણુ લાગી છે. પ્રિય ડી. ટી. સ્નેહી ડી. ટી. ! હવે તો હું કદી તારો ઉપકાર ભુલું તેમ નથી. તારી કહેલી કવિતા તો મેં મારા હૃદયજમાંજ કોતરી રાખેલી છે. ઇશ્વર સાક્ષીએ અન્ય સ્ત્રીને મા બેન લેખવાની હવે હું પ્રતિજ્ઞા કરૂં છું. હે મહાન જગનિયંતા પ-

રમેશ્વર ! મારા અંતરમાં સુમતિ અમૃતનાં ટીપાં નાંખી કુમતિનો કાળો રંગ દૂર કરી હમેશ મારી રક્ષા કરજે, અને તું મને સન્માર્ગે ચડાવજે. ” ઉપરના શબ્દોથી તે તરૂણથી વિશેષ ન બોલાયું, આંખમાંથી આંસુ ટપકવા માંડયાં; અને “કરેલાં કૃત્યનો બદલો મળે છે જ ” તે ઉપર ફરી ફરીને વિચાર કરી આંખો સાફ કરી તે યુવાન કપડાં પહેરી પોતાને કામે ગયો.

વાંચનાર ! લેખક વાર્ત્તાની વચમાં થોડા વિવેચનની અવશ્યકતા ઇચ્છે છે. વાચકો લખનારને જાણુતા હોય, તો તેમના સમજવામાંજ હોવું જોઇએ કે વાર્ત્તાના નાયક નાયિકા માટે પ્રાચીન ઇતિહાસોનાં પાનાં ઉથલાવવા કરતાં પોતાનીજ જન્મભૂમિમાં અને પોતાની નજર આગળ બનતા લાખો ઇતિહાસીક બનાવોને યથાર્થ ચિતરી બતાવવાનું લે-

ખક વધારે પસંદ કરે છે. આ નિશ્ચયનો પ-
હેલો પ્રયાસ **મકરંદ** માસિકમાં "અર્વાચીન
દંપતિ રહસ્ય દર્શક–દુ:ખી અબળાનો ખરો
બનેલો હેવાલ" એ નામથી પ્રસિદ્ધ થયેલો
છે; અને બીજો પ્રયાસ આ વાર્ત્તા છે. આ
વાર્ત્તાનો નાયક એક જુવાન માણસ છે. વા-
ર્ત્તાને મથાળે મૂકેલી કવિતા લેખક તરફથીજ
અક્ષરે અક્ષર યાદ રાખવાની ખાસ ભલામણ
કરી તે યુવકને કહેવામાં આવી હતી. એક
જાણીતા યુવાનને લંબાણથી બોધ આપવા
જતાં કેટલીક મુસ્કેલીઓ નડશે, એમ જણા-
યાથી લખનારે ફક્ત આ એકજ કવિતા ઉ-
પરથી તે તરૂણને શીખામણ આપી હતી; જે
ઇશ્વરકૃપાથી અને યુવાનને સારે નસીબે ફ-
ળી ભૂત થઇ હતી. નાયકનું ખરૂં નામ છુપા-
વવાનો મારો ધારો છે, તેમ આ વાર્ત્તામાં પ-
ણ નાયકનું નામ છુપાવવું યોગ્ય ધારૂં છું,

તેથી નાયકને હવે આપણે યુવાન નામથીજ ઓળખીશું. લખનાર પોતાના સ્નેહીઓમાં **ડી. ટી**ના નામથી જ ઓળખાય છે તેટલું જણાવી હવે વાર્તાનો પ્રવાહ આગળ ચાલે છે. આ વાર્તા લખી નાયકને વંચાવતાં તેણે તે પ્રસિદ્ધિમાં મેલવાની મને ખાસ ભલામણ કરી છે.

યુવાન રહેતો હતો તેજ ગામમાં તેનીજ ઉમ્મરનું એક દંપતિ રહેતું હતું. ગરીબ સ્થીતિનો અને જરા બેડોળ પતિ યુવાનની માશુકને પસંદ નહોતો. માતા પિતાદિક વડીલોની સમક્ષ ઇશ્વર સાક્ષીએ સ્વીકારેલા પોતાના પતિનો અનાદર કરવાની માશુકની ઇચ્છાને યુવાન તરફથી ટેકો મળ્યો હતો, તેથી માશુક હવે તે કામમાં હિમ્મતથી પ્રવૃતતી હતી. એક બીજાના ગુણ સ્વભાવ વિગેરેની પરીક્ષા કર્યા વગર અને યોગ્ય વયમાં આવ્યા પહેલાં સગપણ અને

લગ્ન કરવાથી ભોગવવાં પડતાં નુકશાનોથી જા-
ણીતા થવાની ઇચ્છા હોય; તો મુંબઇમાં પ્રકટ
થતા પ્રસિદ્ધ માસિક આર્યધર્મપ્રકાશના
સંવત્ ૧૯૫૫ ના છઠ્ઠા અંકથી શરૂ થતા
મારા તરફથી એ વિષય ઉપર લખાયેલા લેખો
વાંચી જવા દરેક વાચકને સપ્રેમ આગ્રહ છે.
નુકશાનીનો દાખલો વાંચનાર આગળજ મોજુદ
છે, કે જો ગુણ વિગેરેની પરીક્ષા કરી યુવા-
નની માશુકનું સગપણ કરવામાં આવ્યું હોત,
તો યુવાનને આટલી બધી વિપત્તિયો વોહોરી
લેવી પડત નહિ. માશુકને મળવાને યુવાન ત-
રફથી હમેશ કોશીશ શરૂ હતી, પરંતુ માશુકના
કુટુંબમાં એક ઘરડા માણસનું નિરંતર ઘેર ર-
હેવાથી યુવાનને આ પ્રયત્નમાં હમેશ પછાત
પડવું પડતું હતું; તોપણ હમેશ એકાદ વખત
તેના ઘરનાં કમાડનાં દર્શન કરવા વિના તેના
જીવને નિરાંત વળતી નહોતી. ખરૂં છે કે:—

"માણુસ વિષયથી અંધજ થઈ જાય છે."

અહાહા! શી જગત્‌ની ખુવારી છે?!

ગમે તેવા અગત્યના કામને બાજુપર મૂકી–મુલતવી રાખી માશુકને મળવા જવાની કોશીશમાં આશક કશો પણ વિચાર કરતોજ નહિ. યુવાન તરફથી માશુકને મળવાના વિશેષ પ્રયત્ન દિવસે દિવસે ચાલુજ રહ્યા; અને વિષયની વિપત્તિનો કડવો સ્વાદ ચખાડવા ઇશ્વરે તેના પ્રયત્નની સાફલ્યતા બક્ષી. એક દિવસ જોગ મળ્યો, માશુકનાં વૃદ્ધ વડીલો–સાસુ સસરો કોઇ કામ પ્રસંગે નજદીકના ગામડામાં ગયાં હતાં, પતિ નોકરીપર ગયેલો હતો અને માશુકનો નાનો દીયેર નિશાળે ગયો હતો; એટલે માશુક પોતે ઘરમાં એકલીજ હતી. હવે આ વાતની યુવાનને શી રીતે ખબર આપવી તેની તજવીજમાંજ તે હતી, એટલામાં રોજના રીવાજ મુજબ યુવાન તે

રસ્તે થઇને નીકળ્યો, માશુકે ડેલીના કાણુ-માંથી તેને નીહાળી અંદરથી સાંકળ ખખડાવી એટલે યુવાનનું તે તરફ લક્ષ ખેંચાયુ. 'સાસુ સસરા ગામડે ગયાં છે.' એટલા શબ્દો ડેલીની નજીક ચાલતાં યુવાને સાંભળ્યા અને ' હમણાં આવું છું. ' એમ કહી તે યુવાન બજાર તરફ પાછો ફર્યો. બપોરના બેએક વાગતાનો સમય હોવાથી ગામડાના જે લોકો ખેતરે નહિ જતાં ગામમાં રહ્યાં હતાં, તે છુટાં છવાયાં વીખરાઇ ગયાં હતાં, ને ,કોઇક નિદ્રાને સ્વાધીન પણ થઇ ગયાં હતાં. યુવાને બજારમાં જઇ કાંઇ પણ ખાવાનું લઇને માશુક પાસે જવું એવો નિશ્ચય કીધો, ગજવામાં હાથ નાંખ્યો પણ અંદર એકે પૈસો મળે નહિ. હવે શું કરવું ? તેનો વિચાર કરવામાંજ તે ગુંચવાયો, વિચાર કરવાનો વખત નહોતો, તેમ નાસ્તા વિના જવું યુવાનને યોગ્ય લાગ્યું નહિ. છેવટ તેણે પોતાના એક

ઓળખીતા પાસે જઇ ઘણુંજ અગત્યનું કારણ બતાવી તેની પાસેથી બે આના ઉછીતા લીધા. યુવાનનો ઘણોજ આગ્રહ અને ઘણીજ જરૂરીયાત તરફ ધ્યાન આપી, ઓળખીતાએ તેની આબરૂ રાખી—આઠ દોઢીઆં આપ્યાં. પરંતુ યુવાનના કમનસીબે કદાચ આ ઓળખીતો મળ્યો ન હોત, તો જરૂર ગમે તેમ કરી—ચોરી કરીને અગર છેવટ કોઇ પણ રીતે યુવાન પૈસા મેળવતજ. આહાહા ! વિષયની શું થોડી ખુવારી છે ? ત્યાર બાદ બજારમાંથી બે આનાના પેંડા લઇ તે યુવાન નિર્વિઘ્ને માશુકના ઘરમાં દાખલ થઇ શકયો. બીજા પ્રેમીઓની પેઠે અહીં કશી વાતચિત ઉપર ઉતરવાનું નહોતું, પણ દુષ્ટ મુરાદ પાર પાડવાનોજ બન્નેનો ઇરાદો હતો. પ્રથમ યુવાને માશુકને પાંચ પેંડા આપવા માંડયા, પણ ઘણીજ તાણથી છેવટે બે સ્વીકારી બીજા ત્રણ

તેણીએ યુવાનને પાછા આપ્યા; જે યુવાને પોતાના ગજવામાં મૂક્યા. અત્યારે પેંડા ખાવામાં વખત કાઢવો યુવાન અને માશુકને અયોગ્ય લાગ્યું, તેથી તેઓ ઘણા દિવસના શ્રમના ફળનો ઝેરી સ્વાદ લેવામાં ગુંથાયાં—પાંચ મિનિટ માટે આખા જન્મની ખુવારી! જુઓ! વિચારો!! પાંચ મિનિટને જતાં વાર શી?!!! દુષ્ટ કામ પુરૂં થયું કે તરત જ યુવાન બીકનો માર્યો ઘર બહાર નીકળી ગયો. દુકાનપર ગયો ત્યારે જે અગત્યના કામ માટે મોકલ્યો હતો તેમાં આટલી બધી ઢીલ થઇ તેને વાસ્તે ઠપકો મળ્યો; પરંતુ જેની પાસે જવાબ લેવા મોકલ્યો હતો તે માણુસ ના મળ્યો એમ ખોટું પણ બોલવું પડયું. જુઓ! વિષયના બે સ્નેહીઓનાં નામ સાંભળ્યાં? ચોરી અને જૂઠ, એ સિવાય હજુ બીજા સ્નેહીઓ ઘણા ઘણા છે; પરંતુ તે

પૈકીના આ બે તો મુખ્ય છે.

એક દિવસે યુવાને પોતાના પરાક્રમની વાત એક જાણીતા સમવયના યુવકને કહી અને હવે કોઇને કહે નહિ એમ તેને આગ્રહ કર્યો—પણ યુવાના ખ્યાલમાં એમ પણ ન આવ્યું કે જે વાત મારા પોતાનાજ હૃદયમાં રહી ન શકી તે અન્યના હૃદયમાં શી રીતે રહી શકે? ધારો કે કદાચ યુવાને આ વાત બીજાને ન કહેતાં ખાનગી રાખી હોત, તો શું વાત છાની રહેત કે? વાત તો વા લઇ જાય અને જ્યારે ત્યારે પાપનો ઘડો ફુટત. હું તો ધારૂંછું કે સારૂં થયું કે તેણે કોઇને વાત કરી કે જેથી તેને શીખામણ મળી, પણ કોઇને વાત કહી ન હોત તો ફરીથી તેજ કામ કરવા લલચાત અને ત્યાં કદાચ તેને મોતને સ્વાધીન થવું પડત. માટે જે થાય તે સારા સારૂજ. યુવાને જે માણુસને વાત કરી

હતી, તેણે તે વાત બીજાને કહી એમ થોડા દહાડામાં બધી યુવાન મંડળીઓમાં તે યુવાન એક વાતનો વિષય થઇ પડયો. રફ્તે રફ્તે તે ગામનાં નાનાં છોકરાંએ પણ આ વાત જાણી અને હવે તો યુવાનને ધરતીપર ચાલવું એ ભારે થઇ પડયું-યુવાન અગર તેની માશુક શેરીમાં કે બજારમાં નીકળે ત્યારે છોકરા ભેગા મળી "લ્યો પેંડા—એ મારો ને ત્રણ તમારા !" એમ બૂમો પાડી ખીજવે. આથી તે યુવાન તો જરૂરના કામ વગર બહાર ન નીકળતો, પણ માશુકને તો નદીએથી પાણી લાવવા હમેશ જવું પડતું; અને તેથી ગામના છોકરાને તેણીને ખીજવવાની ગમ્મત પડતી. માશુકના પતિ અને સસરાના સાંભળવામાં આ વાત આવી ત્યારે તેઓ વહુ વિષે બહુજ દીલગીર થયા, પતિ તરફથી પત્નિને મુઠીપાક મળ્યો, બાપડા પતિના હૃદયમાં પોતા-

ની પતિની આવી ફજેતીથી બહુજ લાગી આવ્યું. પતિ ગામમાં રહે તો પાણી ભરવા ગયા વિના છુટકો નહોતો, અને છોકરા બોલ્યા વગર રહે તેમ નહોતું, તેથી થોડા દિવસ તેણીને તેના પીએરમાં મોકલાવી દીધી. અને યુવાન ઉપર વેર લેવાની તક શોધવા માંડી. અગત્યનું કામ બતાવી એક જગ્યાએ જવા યુવાનને જુદા જુદા માણસો મારફત કહેવરાવતો અને જુદા જુદા માણસો તે યુવાનનાં હાડકાં પાંસરાં કરવાને–વિષયનો સ્વાદ બતાવવાને રાખ્યા; પણ સારે નસીબે યુવાન ચેતીને ચાલ્યો તેથી તેની શિક્ષાથી તો બચ્યો, પરંતુ "ઉલમાંથી નીકળી ચુલમાં પડવા જેવું" તેને માથે થયું. યુવાનને પોતાના વડીલો તરફથી અસહ્ય ઠપકો આપવામાં આવ્યો અને તેનાં હાડકાં પાંસરાં કરવામાં આવ્યાં; તેના વડીલ બંધુએ તેને કહ્યું કેઃ–" હરામી ! તું

અમારા કુટુંબમાં આવો કયાંથી થયો ? તારા વિના અમારા કુળમાં શું અંધારૂં હતું કે તું અજવાળું કરવા દીવો પ્રકટયો ? નીચ ! જીવા મેહેતાની વાવ નહોતી ! તેમાં જઇને બુડી મરવું હતું ! નહિ તો હરામજાદા ગળે ટુંપો ખાઇને મરી જવું હતું ! હવે શું મોઢું લઇ જીવે છે ? જા તારૂં કાળું મોઢું બતાવીશ માં ! તારા જેવાનું અમારે કામ નથી, જા નીકળ ઘરમાંથી ! ! ! " યુવાનને આની પૂરેપૂરી અસર થઇ ગઇ, હવે શું મોઢું બતાવી ચાલવું તેનો તેના મનમાં ભારે વિચાર થયો. ગળે ટુંપો ખાઇ મરી જવાનો તેણે નિશ્ચય કીધો અને વગર બોલ્યે પોતાના સુવાના ઓરડામાં ગયો. ખાટલાની પાંગથ છોડીને પેટી ઉપર ચઢી મોભારાની સાથે દોરડું બાંધ્યું, ધીમેથી કમાડ બંધ કરી અંદર સાંકળ દીધી, ઇશ્વરનું સ્મરણ કરવાનો વિચાર પણ યુવાનના મનમાં

ક્યાંથી આવે ! સમય બહુજ બારીક હતો, મોઢામાં ડુચો રાખવાનોએ વખત નહોતો, એકદમ દોરડું સરકીવાળી ગળાની આસપાસ નાંખ્યું અને ઘર બહુ ઉંચુ નહિ હોવાથી ટીંગાવા માટે તેણે પગ ઉંચા કર્યા. પહેલે ઝપાટેજ તેના કોમળ ગળામાં દોરડાના આંકા પડી જવાથી અનાયસે તેના મોઢામાંથી એક તીણી ચીસ નીકળી ગઇ, આની યુવાનને ખબર પડી નહિ, પરંતુ તેના ઓરડાની પાડોશમાં પાછળીજ રહેતો એક સુતાર જે બે વાગતાનો સમય હોવાથી ખાટલામાં આળોટતો હતો; તેના સાંભળવામાં આવી. સુતાર બહુજ સમય સુચક હતો અને તેના અનુભવમાં આવી ચીસો કેટલીક આવી હતી તેથી તરતજ જે ઓરડામાં યુવાન હતો તેના છાપરા પર તે ધીમેથી ચઢયો, અને એક નળીયું ફેરવી અંદર જોયું, તો યુવાનને પગ ઉંચો કરવાની

કોશીશ કરતો ગળામાં દોરડા સહિત જોયો. તરત તેણે એક જગ્યાએથી તમામ નળીઆં ખસેડી નાંખ્યાં અને હાથ ઘાલી મોભે બાંધેલું દોરડું ઉંચુ ખેંચ્યું; યુવાન ચમકયો અને બીકથી તેણે પોતાના ગળામાંથી દોરડું કાઢી નાંખ્યું એટલે સુતારે તે ઉપર ખેંચી લીધું. પછી ઓરડા ઉપરજ ઉભા રહી યુવાનના વડીલોને બોલાવ્યા, જેઓ તરતજ ત્યાં આવ્યા; ઓરડો ઉઘડાવવા તેઓ બહુજ મથ્યા, પણ ઉઘડયું નહિ ત્યારે છેવટે કમાડ ઉતારી અંદર પેઠા. વાચકો ! યુવાનની આ વખતે કેવી દયાજનક સ્થીતિ હશે ? " પડયા ઉપર પાટુ અને દાઝયા ઉપર ડામ " ની પેઠે અહીં તેનાં હાડકાં વિશેષ પાંસરાં કરવામાં આવ્યાં, અને તેને અવર્ણનિય-અસહ્ય ઠપકો આપવામાં આવ્યો; પણ જે થાય તે સારાને માટે તેમ દિવસે દિવસે સર્વે શા-

ન્ત થઇ ગયુ. આ બનાવ બન્યા પછી આ વાર્ત્તાનો લખનાર તે ગામમાં ગયો, તેણે પોતાના સ્નેહી મંડળ તરફથી આ વાત સાંભળી; ત્યારે લખનારને યુવાન વિષે બહુજ કરૂણા થઇ, વાર્ત્તાને મથાળે મૂકેલી કવિતા લખનારે કાગળમાં લખી યુવાન તરફ મોકલાવી અને તે વીસરી ન જતાં હમેશને માટે હૃદયમાં કોતરી રાખી પોતાની (તેની) પેઠે બીજા કોઇને પરસ્ત્રી ગમનની ઇચ્છા હોય, તેને તે કવિતા વંચાવવાની સુચના કરવામાં આવી.

જે કોઇને પરસ્ત્રો ગમનની ઈચ્છા હોય, તેણે આ વાર્ત્તાને મથાળેની કવિતા વાંચી વિચારી જોવી, અને લીલા ઘાસ રૂપી વિષય તરફ પોતાનો અવ્યવસ્થિત અને કાબુમાં ન રહી શકે તેવો મન રૂપી સ્વેચ્છાચારી અશ્વ પોતાના દેહરૂપી રથને ઘસડી લઇ ન જા-

ય, તેની ખાસ સંભાળ રાખવી; કારણ કે દેખાતું લીલું લીલું ઘાસ નથી પણ ચીકણો, કાદવ છે, તેથી તેમાં રથ ગુંથાઇ ગયા વિના રહે-શેજ નહિ; માટે વિચારવંત વિવેકી વાચકોએ વિષયરૂપ મન મોહક લાલચ દેખી, ચિત્ત ન ચળાવતાં ખૂબ સંભાળીને ચાલવુંજ ઉચિત છે અંગ્રેજીમાં કહેવત છે કે "A nod for a wise and a rod for a fool" એટલે કે:-"શાણાને સાન (તેજીને ટકોરો) અને મૂર્ખ (ગધેડા) ને ડફણાં." વાંચનાર ! સ-મજુને તો આટલી શીખામણ બસ છે.

એક પ્રાચીન કાવ્ય. (રાગ હોરી.)

મતિ તાક હો નાર બિરાની,
હાંરે એતો નરક નિશાની—ટેક.
પરનારી છે કાળી નાગણ,
કે વિષ વેલી સમાણી,
તેજ પરાક્રમ પીલણ કાજે,

એ ધર મંડી ધાણી,
કે ગુણ વન બાળણ છાણી;
મતિ તાક હો નાર૦— ૧.
રાવણ રાય ત્રીખંડકો નાયક,
સીતા હરી ધર આણી,
રામ ચઢયા દળ વાદળ લેકર,
માર્યો હે સારંગપાણી,
કથા આગમ માંહે આણી;
મતિ તાક હો નાર૦— ૨.
પદમોતર નિજ લાજ ગમાઇ,
કીચક નીચ લહાણી,
મણીરથ મુવો મયણરેહા વશ,
અપજશ લીયો અનાણી,
જગમાં પ્રકટ કહાણી;
મતિ તાક હો નાર બિરાની૦—૩.
ગૌ બ્રાહ્મણ બાળ હત્યા કરતાં,
નારી હત્યા વળી જાણી,

તીણુથી પાપ અધીક પણ લાગે,
સાંખ્યો છે કેવળણુ વાણી,
કે અનંત દુ:ખારા ખાણી;
મતિ તાક હો નાર બિરાની૦—૪.
રતન યતન કરી શીળ આરાધો,
છંડો ને કુમતિ પુરાણી,
શીળ વિના સહુ જન્મ અકારથ,
ક્યાં રાજા ક્યાં રાણી,
કે શીળ જગ ઉત્તમ પ્રાણી;
મતિ તાક હો નાર બિરાની૦—૫.

પ્રિય વાચકો! ઉપલા પ્રાચીન કાવ્યમાં પરસ્ત્રીને કેવી કેવી ઉપમા આપવામાં આવી છે? કાળી નાગણુ અને વિષ વેલી એ પરસ્ત્રીનાં ઉપનામ છે, વળી પ્રાચીન લખનારાએ પરસ્ત્રીને તેજ અને પરાક્રમરૂપી તલ પીલનારી ઘાણીની ઉપમા આપી છે. શું આ ઉપમાઓ કોઇપણુ રીતે અયોગ્ય છે? વળી ગુણુ

રૂપી વનને પરસ્ત્રીરૂપી અગ્નિ બાળી નાંખે છે, એ કહેવું શું કોઇ પણ પ્રકારે ખોટું છે કે? રાવણનો દાખલો તો જગ વિખ્યાત છે કે પરસ્ત્રીની છેડથી તેને કેવાં કેવાં દુઃખો વોહોરી લેવાં પડયાં?! વળી મણિરથ અને મયણરેહાનો દાખલો આપ્યો છે તે શું ઓછી મહત્તાવાળો છે? અલબત કેટલાક વાંચનારના વાંચવામાં મણિરથરાજાની વાત નહિ આવી હોય, તેથી એ મુશ્કેલી દૂર કરવા આ લેખને છેડે દ્વીતિય ખંડમાં મારા તરફથી **વિષયાંધ મણિરથ** નામની વાર્ત્તા આપવામાં આવશે, જે વાંચ્યા પછી તેની અગત્યતા જણાશે. અહાહા! પરસ્ત્રીમાં કેટલાં કેટલાં પાપ મૂકી દીધાં છે?! ગૌહત્યા, બ્રહ્મહત્યા, બાળહત્યા, ઋષિ હત્યા, અને સ્ત્રી હત્યા જેવાં અઘોર પાપો. વાંચનાર! એવો તે કોણ મુઢ મતિનો હશે કે કેવળ બે ત્રણ મિનિટના ક્ષણીક સુખને કાજે આવાં અઘોર પાપ વોહોરી લે!!

વળી જુવો તો ખરા કે **શિયળ** (પરસ્ત્રીથી સદા દૂર રહેવું તે) ને ઉમદા રત્નની ઉપમા આપવામાં આવી છે; છતાં પૂર્વોક્ત પ્રાચીન કાવ્ય હાલના જમાનાના ઉછરતા યુવકોને વિશેષ પ્રિય થઇ નહિ પડે, પરંતુ તે કાવ્યના રાગ તરફ ન જોતાં તત્વપરજ જોવાનું છે, કે જે મેં ઉપર દર્શાવ્યું છે તે પ્રમાણે છે. હવે યુવાન વાચકોને પ્રિયકર-રૂચતા અર્વાચીન રાગના કાવ્યોદ્વારા **પરસ્ત્રીની પીડા** દર્શાવવી આવશ્યક અને યોગ્ય છે.

નવીન બનજારો.

છે નરક (૨) તણી દેનારી,
 તેથી તજો તમે પરનારી.
જે શાસ્ત્ર માંહી ધીક્કારી,
 તેથી તજો તમે પરનારી.
બન્યો લોહી માંસથી દેહ,

મળમુત્ર ભરેલો તેહ,
છે અસુચી તણો એ ગેહ;
સદા ગંધાય મલીનતા થાય,
નષ્ટ છે કાય, સાર શું ભાય,
તેથી તજો તમે પરનારી. ૧.
તેથી રહે સદા મન ભંગ,
નવ બેસે ધર્મનો રંગ,
છે બુરો પરસ્ત્રી સંગ,
આવે બહુ ખંગ, કજો નીત્ય અંગ,
રહે મન ચંગ, છે દુઃખકારી
તેથી તજો તમે પરનારી. ૨.

લાવણી. પ્રેમનો કોલ દીઓ-એ રાગ.

ચતુર પરનારી મત નીરખો (૨)
શ્રાવણ કેરી રેન અંધારી.
બીજલી કો ચમકો.
ચતુર પરનારી મત નીરખો. ૧.
ઘાતકી ખંડકો રાય પદમોતર,
દ્રોપતિને હરતો,

કૃષ્ણ નરેસર કરે ખુવારી (૨)
જબ પુણ્ય હુવો હલકો.હરે હાં જબ.-ચ-૨
કીચકરાય મહા દુઃખ પામ્યો,
ભીમે સું અધીકો,
નારી દ્રૌપતી નેહે બીચારો. (૨)
ભવ ભવમેં ભટકયો. હરે હાંભવ. ચ.-૩.
પરનારી કો રંગ પતંગ હે,
પોધલકો ઝલકો,
ઓસ બુંદ જબ લગેતાં ઘડી (૨)
ઢલક જાવે ઢલકો, હરે હાં ઢલક.-ચ-૪
પરનારી કો સ્નેહ કરતાં,
ધન જાશે ઘરકો,
દૂજા દેખકર કરે ખુવારી (૨)
જબ વનમેં ભટકયો. હરે હાં જબ.-ચ.-પ.

*** ડાહ્યાભાઇ ધોળશાજી ઝવેરીનાં "રામવિયોગ" માંના નીચેનાં બે કાવ્યો. પ્રતિ વાંચનારનું ખાસ લક્ષ ખેંચું છું.

"જો જો જો તું......ભૂલ્યો જીવડા,

બાથ ધુમાડે ભરતો ભુંડા ખાલી ભૂલી! જો૦
જ્ઞાન અરીસે મુખડું તારૂં, જો જાગી નર નિર્ભાગી,
ભુલીને ભાન, બન્યો મસ્તાન, કરે અભિમાન,
અરે નાદાન, ઠરે હેવાન—જો જો જો તું—

* * * *

નથી કોઇની થઇને થવાની,
કહો કોણ ?(પારકી) બાયડી—
ધીરે પેશીને વીંધે છે કહો કોણ ?
શાયડીને બીજી (પારકી) બાયડી—
મોહી રહે જે એના નાજુક બદન પર,
ચપળ નજર જોબન પર
ઘરબાર ખુએ—પસ્તાઇ રૂએ
વળી ગણાય છે તે નર ખર—
ઝાઝાં લાકડાં લડાવનાર કહો કોણ ?
પૈડાની નાયડીને બીજી (પારકી) બાયડી—

પ્રિય પાઠકો ! પરસ્ત્રીના પાશમાં સપડાઇ કોણ સુખી થયું છે ? જેણે પરસ્ત્રીના સામી કુદૃષ્ટિ કરી છે તેણે પોતાના આત્માને

ધુળ મેળવ્યો છે, સ્વજનને ખાર દીધો છે અને પગલે પગલે માથા ઢાંકણ કર્યું છે; આ શબ્દ ઘણા વૃદ્ધ પુરૂષો તરફથી સાંભળવામાં આવ છે. પોતાની સ્ત્રી હોવા છતાં જે પુરૂષ પાપરૂપ પરસ્ત્રીની ઇચ્છા કરે, તેને જળથી પરિપૂર્ણ ભરેલા સ્વચ્છ નિર્મળ નીરના તળાવને મૂકીને પડખે પડેલા એક ઘડામાંથી પાણી પીનાર કાક પક્ષી (કાગડા)ની ઉપમા આપવી એ શું ખોટું છે ? પકવાનનો પીરસેલો થાળ તજી એંઠ ચાટેથી તે ભૂખ ભાગતી હશે કે ? અહાહા ! પરસ્ત્રી સંગમાં કેટલું કેટલું અવર્ણનિય પાપ કહેલું છે ? ! જ્ઞાનીઓ જણાવે છે કે:-" જે કોઇ આ ભવમાં પરસ્ત્રીના વાંચ્છના કરે છે તેને તેના મરણ પછી તેના પાપનો દાખલો આપવા લોઢાની એક સ્ત્રી મૂર્તીને અગ્નિમાં ખુબ લાલચોળ તપાવી ને મૂર્ત્તિને જોર જુલમથી પરાણે આલીંગન કરવાની ફરજ પાડવામાં આવે

છે. ” કહો વારૂ આ આપણી નજરે પણ શી રીતે જોઇ શકાય ? જે ચીજ આપણે ઝેર રૂપ જાણીએ છીએ, તો પછી આપણે તે શા માટે ગ્રહણ કરી જોઇએ ! વળી મહાજ્ઞાનીઓની પાસે પાંચેક મિનિટ બેસી વાતો સાંભળીએ, તો તરત તેઓ જણાવશે કેઃ—“ પરસ્ત્રીથી વિમુખ રહેનાર ગ્રહસ્થને વૈમાનવાસી દેવતાઓ જ્યોતિષી દેવતાઓ, ભુવનપતિ દેવતાઓ, દેવતાના ગવૈયાઓ, ગાંધર્વ દેવતાઓ, વૃક્ષમાં રહેનાર પક્ષી, યક્ષ, વંતર અને રાક્ષસ જાતિના બીજા હજારો દેવતાઓ ગુપ્ત સહાય કરે છે. અલબત શાસ્ત્રોપર ઓછી શ્રદ્ધા રાખનારા આ જુગના સુધારાવાળા કહેવાતા આવી વાતોને ગપના ગોળાજ ગણી કાઢશે; તો પણ વગર વાંચ્યે બે કાન પકડી મુગે મોઢે તેઓ એટલું તો તરતજ કબૂલ કરશે કે પરસ્ત્રી સંગ થવાથી ઘણી ઘણી મુશીબતો આવી પડે છે, અ-

ને તે કુમાર્ગે ન ચઢવાથી સર્વદા સુખમાં રહે-વાય છે. તેઓ જો આટલું કબૂલ કરતા હોય, તે પ્રમાણે તેઓ કબૂલ કરેજ છે; તો પછી આપણું કહેવું વગર સવાલે સત્ય થશેજ. માટે વિચારો અને તત્વ સમજો એટલે ઘણું થયું.

ઉપર મુજબ પરસ્ત્રીગમન કરનાર પરલોકમાં દુઃખ પામે તે વાતતો ઠીક! પણ આ ભવમાંજ તેને તાત્કાળીક કેવાં કેવાં ફળ મળે છે તેજતપાસોને ? ઘરમાં હોય તો બજારમાં જવાની જરૂર શી વળી ? ! પરસ્ત્રીગમન કરનાર આ લોકમાં બંધન પામે અર્થાત્ વગરભાડાના નવલખા મેહેલમાં સેહેલ કરે–જેલ જાત્રા કરે, વખતે ઉંચો બંધાય, વખતે તેનું નાક કપાય યાને લોકમાં નિંદા થાય. આવા નાક કપાયાના અને કોપરાપાક મળ્યાના હજારો દાખલા દરેક વાચકે સાંભળ્યાતો હશે. દૃષ્ટાંત તરીકે માનો કે એક પુરૂષની સ્ત્રી સાથે બીજો જાર કર્મ કરવાનો છે અગર કરે છે, એ વાત જ્યારે પેલા પુરૂ-

ષના જાણવામાં આવે છે ત્યારે તેના ક્રોધની સીમા રહેતીજ નથી. ઉત્તમ પુરૂષોએ પરસ્ત્રી-નો તો અવસ્ય ત્યાગજ કરવો અને પરસ્ત્રીમાં પણ આગળ જણાવ્યા પ્રમાણે નિયમિત રહેવું, કારણ કે પુરૂષ તો ભોગને નથી છાંડતો પણ ભોગ તો પુરૂષને છાંડેછેજ. વળી તેથી જૈનશાસ્ત્રમાં જણાવ્યા પ્રમાણે બે ત્રણ મિ-નિટના ક્ષણીક સુખમાટે નવ લાખ જીવોની હિંસા થાય છે. તો જેટલું ઓછું તેટલું ઓ-છું પાપ. મહાભારતમાં પણ યુધિષ્ટિરને કહે-વામાં આવ્યું છે કેઃ—

" एक राज्युषितस्यापियागति ब्रह्मचारिणः ।
नसाक्रतु सहस्रेण वक्तुशक्या युधिष्टिर ॥ "

ભાવાર્થઃ—એક રાત્રી બ્રહ્મચાર્ય પાળના-રની જે ગતિ થાય છે, તેવી હે યુધિષ્ટિર ! એક હજાર યજ્ઞ કર્યાથી પણ કરી શકાતી નથી.

**इथिं अणथ्थ भवणं चलचित नरयवर्त्तणी भूअं ।
जाणांतोहि अकामी वसवर्त्ता होईन हुतीसे ॥**

ઉપલી ગાથાનો અર્થ એ છે કેઃ—" પર-સ્ત્રી અનર્થના ઘર, ચપળ ચિત્ત અને નર્કે જવાના માર્ગરૂપ છે, અકામી જાણે છે કે એથી હિતનો અર્થ વશવર્તી થતો નથી. "

મન બહુ અસ્થિર છે, માટે મનને સદા કબ-જામાં રાખતાં શીખવું જોઇએ. દુર્ગતિ તરફ લલચાતા ઇન્દ્રિયરૂપી અશ્વોને તાબે કરવા નીચેની ગાથા ઉપરથી ઉમદા શીખામણ ગ્રહણ કરવાની છે.

इंद्रिअचवल तुरंघे, दगाइमग्गाणु धाविरोनिघं ।
लाविअलवस्सरुचे, रुलईसन्नण रस्सीहि ॥

ભાવાર્થ:—સદાય દુર્ગતિના માર્ગ ભણી દોડી રહેલા ઇન્દ્રિયરૂપી ઘોડાને સંસારના સ્વરૂપનો વિચાર કરવાથી સદ્જ્ઞાનરૂપી દોરી ચોકડાવડે રોકવા જોઇએ. દરેક સમજુ પુરૂષે તેમ કરવા કોશીશ કરવી જોઇએ.

" પરનાર પરહરે તેજ મોક્ષ સુ-ખવરે " એ મહા વાક્યને હે વહાલા પ્રા-

ચકો ! સદા તમારા હૃદયમાં કોતરી રાખો. આસપાસ નર્મે જડવાથી સ્વચ્છ દેખાતી સ્ત્રીમાં-મળ મૂત્ર અને હાડમાંસથી ભરેલા નર્ક સમાન ખાડામાં સુજ્ઞ માણસો તો મગ્ન નહિજ થવાના. એક જુના માસિકમાં મારા વાંચવામાં આવ્યું હતું કેઃ—

દોહરા.

" સોમલ સમ પરનાર તે, કષ્ટ તણી દાતાર;
કપટ કરી જીવને હણે, એતી તજ તસ પ્યાર.
કૌવચના કાંટા સમું, જારી કષ્ટ કરનાર;
દુઃખ આપી સંસારમાં, નાંખે નરક મોઝાર;
હેમ હીરા માણેક તણા, વસ્ત્રાભૂષણ સાર,
શિલ આભુષણ વિણ તે, વ્યર્થ ગણો નરનાર."

વળી જ્ઞાની પુરૂષો તરફથી તો એટલે સુધી કહેવામાં આવ્યું છે કેઃ—" નપુષકપણામાં રહેવું વધારે સારૂં છે, પણ પરસ્ત્રી સેવન કરવું એ તો બહુજ અનર્થનું કામ છે. "

કામીને બોધ. હરિગીત,

નારી તણા નુરને નિહાળી,
  જારી કામે જે ધુમે;
કંઇ મોહના પાશે પડી જીવ,
  રાત દીન રંગે રમે;
તે જન તણી કૃતિ કો' ગમે,
  કેમ ભક્ત જન ગુણવાનને,
ઓ કામી જન નિષ્કામિ થઇ,
  ભજ ભાવથી ભગવાનને! ૧
યૌવન વતી સ્ત્રી દેખતાં,
  ચમકી નચાવે નેનને;
ચીતડું ચળે મનડું બળે,
  અળગું ધરે સુખ ચેનને:
એ શુળ દુઃખનું મૂળ જાણી,
  ફૂળનું ધરી ભાનને;
ઓ કામી જન નિષ્કામી થઇ,
  ભજ ભાવથી ભગવાનને! ૨
એ નારીમાં કંઇ જર ભર્યો,
  કે ખાણું ખાવાનું નથી;

નથી સ્વાર્થે ગુણ કે મુક્તી,
તો તું મૂર્ખ શીદ મરે મથી;
શાણો થઇ કંઇ સમજ મનમાં,
ધર હજી કઇ સાનને,
ઓ કામી જન નિષ્કામિ થઇ,
ભજ ભાવથી ભગવાનને ! ૩
મુખ જોઇને મોહ્યા મુરખ,
પણ જોની એમાં શું ભરયુ,
લીટ લાળ કફ અમૃત ગણી;
તું મુદનું દીલડું હરયું,
મોહ્યા રૂધિરને માંસમાં,
પણ એથી જોખમ જાનને,
ઓ કામીજન નિષ્કામી થઇ,
ભજ ભાવથી ભગવાનને ! ૪
દાડમ કળી શા દંત પણ,
એ હાડકાની હાર છે;
જ્ઞાની જનો મનમાં ગણે કે,
નર્ક ખાણી નાર છે;

અમૃત હરિ રસ મૂકીને,
  ચાહે વિષય વિષ પાનને;
ઓ કામીજન નિષ્કામી થઇ,
  ભજ ભાવથી ભગવાનને ! ૫
તન ગૌર તોએ ચર્મ એમાં,
  મોહ શું લાગે તને;
મળ માંસથી જે પુષ્ટ તે,
  તું તત્વ ધારી જો મને;
ના ના નથી કંઇ માલ એમાં,
  ગા હરી ગુણ ગાનને;
ઓ કામીજન નિષ્કામી થઇ,
  ભજ ભાવથી ભગવાનને ! ૬
અજ્ઞાની ઓળખ અંગ એનું,
  અસ્થિનું ઠાઠું ઘડયું;
ઉપર મઢયું છે ચર્મ આળુ,
  રૂધિર માંસ મહીં ભરયું;
જો જો વિચારી તું જરા,
  કરિ મનન મનથી માનને;

ઓ* કામીજન નિષ્કામિ થઇ,
ભજ ભાવથી ભગવાનને ! ૭
પટ ભૂષણોથી પ્રેમદાપર,
ખુશ થવાનું શું હશે ?
પાષાણની પણ પુતળી,
શણગારી તો રૂડી દિસે;
ચર્મે મઢેલા પાંજરામાં,
માંસ ભરીયું માનને;
ઓ કામીજન ! નિષ્કામિ થઇ,
ભજ ભાવથી ભગવાનને ! ૮

શ્રીસયાજી વિજય અંક.૩૯તા.૫-૧૦-૯૯

કામ અને મોહ એ બે વિકારોથીજ મનુષ્યો કુપંથે ચડવા લલચાય છે. અલબત સંસાર ત્યાગ કર્યા સિવાય સંસારમાંજ રહીને આ બે વિકારોથી તદ્દન મોકળા રહેવાનું મનુષ્ય શક્તિ બહારનું કામ છે, પરંતુ તેમાં નિયમિત રહી હદ ન ઓળંગતા હદમાં રહીનેજ સંસાર યાત્રા ચલાવાય તોજ સુખી થ-

વાય છે. કામ વિષે વિવેચન અગાઉ થઇ ગયું છે, તો હવે મોહ વિષે શીઘ્ર કવિશ્રી શંકરલાલ માહેશ્વર શું કહે છે ? તે અત્રે જોવું આવશ્યક છે.

" મોહ અરિષડ્ વર્ગમાં ચોથો વૈરી ગણાય છે. એ મોહની મોહક શક્તિ એવી છે કે તે નિઃસારને સારવાળું દેખાડે છે, નીરસને સરસ દેખાડે છે, નિર્ગુણને સગુણ દેખાડે છે, નીચને ઉચ્ચ દેખાડે છે, અસત્યને સત્ય દેખાડે છે, અકૃત્યને કૃત્ય દેખાડે છે, હેયને ઉપાદેય દેખાડે છે, અને અપેયને પેય તથા અભક્ષ્યને ભક્ષ્ય દેખાડે છે. એટલુંજ નહિ, પણ ટુંકામાં બોલિયે તો તે સર્વ વિપરીતજ દેખાડે છે. એ મહા મોહનાજ પ્રભાવથી દેવો દેવ પદથી ભ્રષ્ટ થયા છે, દૈત્યો, દાનવો, યક્ષો અને રાક્ષસો મોટી મોટી વિપત્તિને પામ્યા છે, અનેક તપસ્વિયો તપથી ભ્રષ્ટ થયા છે, અનેક યોગિયો યોગથી ભ્રષ્ટ થયા છે

અનેક મહાત્માઓ મહાત્માપણાથી ભ્રષ્ટ થયા છે અને અનેક રાજાઓ રાજ્યથી ભ્રષ્ટ થયા છે. મોહની એ અદ્‌ભૂત શક્તિથીજ આખું જગત્ તેને આધીન થઇ રહ્યું છે. જે મોહને આધીન થાય છે, તેને શ્રુતિ સ્મૃતિ શાસ્ત્ર, ઇતિહાસ, પુરાણ, કથા અને કથાનકોના ઉપદેશો પણ કાંઇજ કામ આવતા નથી, તેને પવિત્ર મિત્રોની પવિત્ર શીખામણ પણ ગમતી નથી, તેને સ્નેહી સહોદરોની સ્નેહ ભરેલી સલાહ પણ ધ્યાનમાં આવતી નથી, તેને પવિત્ર પિતાજી અને માયાળુ માતાજીની અમૂલ્ય આજ્ઞા પણ આનંદ આપતી નથી. અને તેને સદ્‌ગુરૂઓના સદુપદેશો પણ સુખદ થતા નથી. માત્ર તે જે વસ્તુમાં મોહિત થયો હોય, તે વસ્તુ ગમે તેવી તુચ્છ હોય; તોપણ તેનેજ ઉત્તમ, તેનેજ સરસ, તેનેજ હિત અને તેનેજ પ્રિય ગણે છે. એટલુંજ નહિ પણ જીવિત પર્યંત તેજ વસ્તુમાં મોહિત રહી જન્માંતરમાં

પણુ મોહરૂપ મહા વૈરીના પરાક્રમના કડવાં ફળ તે ચાખે છે. મોહ રાજાને અને રંકને, પંડિતને અને મૂર્ખને, જ્ઞાનીને અને અજ્ઞાનીને, દેવને અને દાનવને, મુનિયોને અને માનવોને સરખીજ રીતે પોતાને આધીન કરવા પ્રયત્ન કરે છે. અને જે તેને આધીન થાય છે તેને માત્ર આ જન્મમાંજ નહિ પણ બે ત્રણ ચાર કે તેથી પણ વધારે જન્મસુધી દુઃખ દીધા કરે છે. અહલ્યામાં થયેલા મોહથી ઇંદ્રને બિલાડાનું રૂપ ધારણ કરવું પડયું અને શરીરમાં સહસ્ત્ર છિદ્ર ધારણ કરવાં પડયાં; ઇંદ્રાણીમાં થયેલા મોહથી મહારાજા નહુષને અકસ્માત્ ઇંદ્રપદ છોડી નિર્જન વનમાં અજગર થઇ રહેવું પડયું, તારામાં થયેલા મોહથી ચંદ્રને કલાહીન થવું પડયું, સતી સીતાજીમાં થયેલા મોહથી રાવણ જેવા પ્રબલ રાક્ષસનું નિર્મૂળ થઇ ગયું, મહાશ્વેતામાં થયેલા મોહથી મુનિરાજ પુંડરીકને ત્રણ અવતાર લેવા પડયા;

અને માત્ર મૃગ બાલકમાં દયાથી પણ થયેલા મોહથી મહારાજ ભરતજી જેવા જ્ઞાનીને પણ ત્રણ અવતાર લેવા પડયા છે. એવાં એવાં તો મોહના મહિમાનાં ઉદાહરણો અસંખ્ય સાંભળવામાં આવેલાં છે, દેખવામાં આવેલાં છે અને અનુભવવામાં આવેલાં છે. સૂક્ષ્મ દૃષ્ટિથી જોતાં મોહ એ કાંઇજ વસ્તુ નથી, પણ માત્ર પોતાનુજ અજ્ઞાન છે. તેમ છતાં એ એટલો પ્રબલ છે કે તેણે સર્વ જગત્‌ને પોતાને સ્વાધીન કરી લીધેલું છે, એટલુંજ નહિ પણ કામ, ક્રોધ, લોભ, મદ અને મત્સર એ પાંચેયના આધારરૂપ એક મોહજ છે. નથી મોહ વિના કામ ઉત્પન્ન થતો, નથી મોહ વિના ક્રોધ ઉત્પન્ન થતો, નથી મોહ વિના લોભ ઉત્પન્ન થતો, નથી મોહ વિના મદ ઉત્પન્ન થતો અને નથી મોહ વિના મત્સર ઉત્પન્ન થતો; એ કોનું અજાણ્યું છે ? મોહરૂપ ઐંદ્રજાલિક એટલે ઇંદ્રજાલની વિદ્યા જાણનારો જાદુગર

પોતે અદૃશ્ય રહી પોતાની વિદ્યાના પ્રભાવથી લોકોને ભમાવી દે છે. એ મોહરૂપ જાદુ કરનારની અકળ કળાથી જેની જેની આંખો અંજાઇ ગઇ હોય છે, તે તે અતિ નીચ વસ્તુઓને પણ ઉંચી દેખે છે, અતિ સુગામણી વસ્તુને પણ સારી દેખે છે, અતી હલકી વસ્તુને પણ ભારે દેખે છે, અતિ નમુલ્ય વસ્તુને પણ અમૂલ્ય દેખે છે, અતિ કડવી વસ્તુને પણ મીઠી દેખે છે, અતિ કાળી વસ્તુને પણ ચંદ્રમા જેવી ઉજવલ દેખે છે, અતિ દુર્ગુણવાળી વસ્તુને પણ સદ્‌ગુણવાળી દેખે છે, અતિ નિરસ વસ્તુને પણ સરસ દેખે છે, અતિ કુરૂપ વસ્તુને પણ સુરૂપ દેખે છે, અતિ નિંદ્ય વસ્તુને પણ સ્તુત્ય દેખે છે, અતિ કઠિન વસ્તુને પણ કોમલ દેખે છે, અતિ ઉષ્ણ વસ્તુને પણ શીતળ દેખે છે, અને અતિ દુર્ગંધી વસ્તુને પણ સુંગધી દેખે છે; તે વાત કોઇ પણ વિદ્વાનથી અજાણી નથી.

માટે વિસ્તાર ન કરતાં માત્ર એટલુંજ કહેવા-નું છે કે સદ્વિદ્યા સંપત્તિ સંપાદન કરીને ખ-રા વિદ્વાને મોહને આધિન થવું નહિ. " ખ-રૂં કહેલું છે કે જગત્માં મોહજ ખુવારી કરે છે.

अन्यो व्यसनिनां कामःसर्व धर्मार्थ बाधकः ।

साद्भिःपुनःस्त्रियःसेव्याःपरस्परम बाधया ॥

ભાવાર્થઃ—ધર્મનો અને ધનનો સર્વથા નાશ કરી નાંખે, એવો વિલક્ષણ કામ વિકાર વ્યસની પુરૂષોને હોય છે. પણ ઉત્તમ પુરૂષે તો ધર્મનો તથા ધનનો નાશ ન થાય તેવી રીતે સ્ત્રી સેવન કરવું જોઇએ.

બે યુવાન મિત્રોમાંના એકને ધર્મસ્થાનક તરફ શૂળ વાગી તેથી તે ઘર તરફ પાછો જતાં ફર્યો, ત્યારે બીજો પરસ્ત્રીને મળવા જતો હતો, તેને રસ્તામાંથી એક સોના મહોર મળી, આથી યુવાનને હોંશ વધી અને ખુશી થયો. બીજે દિવસે બન્ને મિત્રો મળ્યા, ત્યારે એક બીજાની વાત કરતાં બીજાએ પ-

રસ્ત્રીને મળવા જતાં સુવર્ણ મુદ્રા મળ્યાનું જણાવ્યું, તેથી પહેલાનું ચિત્ત ચળ્યું તેથા તેણે પણ પરસ્ત્રીમાં પ્રીતિ કરવાનો નિશ્ચય કીધો. પોતાના મિત્રને સોનાનો સિક્કો મળવાથી લોભ–લાલચને વશવર્ત્તી યુવકની વૃત્તિ પરસ્ત્રી તરફ દોરવાઇ હતી, એ વાત એક અનુભવી જ્ઞાનીવૃદ્ધે જાણતાં તેમને કુપંથે વિચરતા અટકાવવા સારૂ ખુલાસો કીધો કેઃ—"પહેલાને ધર્મ સ્થાનક તરફ જતાં શૂળ વાગી તેથી તે તરફ જતાં હમેશ દુઃખ પડે છે, એમ માનવાનું નથી; પરંતુ આ ભવનાં તેમજ પરભવમાં તેનાં કરેલાં પાપોમાટે એ ઘડીએ તેને શૂળીએ ચઢવું પડત, પણ ધર્મની ઇચ્છાથી–ધર્મ પસાયે શૂળીનું વિઘ્ન શૂળે–કાંટેથીજ ગયું છે; એ શું ધર્મનો ઓછો પ્રભાવ? ધર્મ માર્ગે ધસતાં શૂળીનું વિઘ્ન કાંટે ગયું એ તે ધર્મનો કેવો અટલ પ્રતાપ?! કેટલો અપાર મહિમા?! અહાહા! ધર્મની સર્વોત્કૃષ્ટતા શી વખાણું?!

બીજાને પરસ્ત્રીને મળવા જતાં સોનાનો સિક્કો મળ્યો તેથી એમ ન સમજવું કે તેમાં લાભ છે, એમ સમજવાની ભૂલ કરવીજ નહિ; કારણ કે પૂર્વજન્મના પુન્યથી તે લક્ષાધિપતિ થવાનો હતો. અર્થાત્ તેને એક લાખ સોના મોહોરો મળવાની હતી. પણ પરસ્ત્રીની ઇચ્છા કરવાથી એક લાખને બદલે ફક્ત તેને એકજ મોહોર મળી છે. શું આ પરસ્ત્રીની ઓછી પીડા ? કે સંચિત પ્રારબ્ધનું ભાવિફળ–સુખ મળવાનું હોય છે, તેનો પણ વિનાશ થાય છે, તો દુષ્કર્મ પાપ અને દુર્ગતિ શિવાય અન્ય તો શું પ્રાપ્ત થાય તેમ છે વારૂ ? ! ”

આ પ્રાચીન દૃષ્ટાંત ઉપરથી એટલોજ સુબોધ ગ્રહણ કરવાનો છે કે ‘પરસ્ત્રીની પ્રીતિ કરવાથી નસીબમાં એક લાખ રૂપિયાની દોલત મળવાની હોય, તેને બદલે કેવળ એકજ રૂપિયો મળે છે; અર્થાત્ પ્રારબ્ધ પ્રતિકુળ થાય છે અને સંચિત પુન્યનો ક્ષય કરે છે–સુખનો નાશ કરે છે; ત્યારે

ધર્મ સેવવાથી પ્રારબ્ધ અનુકુળ થાય છે આ ભવ તથા પરભવનાં પાપોનો પ્રલય થાય છે—દુઃખનો નાશ થાય છે.' આ બાબતમાં આત્મ સંયમ અને સ્થિર પ્રતિજ્ઞાની બહુજ જરૂર છે. સ્થિર પ્રતિજ્ઞા સંબંધી **બુદ્ધિપ્રકાશ** જણાવે છે કેઃ—"સ્થિર પ્રતિજ્ઞા કુપ્રવૃત્તિ તથા ખરાબ અભ્યાસને દમન કરવાનો એક મોટો ઉપાય છે. બાઇબલમાં દિગ્વિજયીની પ્રશંસા ન કરતાં અંદરના રીપુ-ઓનો પરાજય કરનારની પ્રશંસા કરેલી છે, કારણ કે દિગ્વિજયીના કરતાં રીપુવિજયીનું માનસીકબળ શ્રેષ્ટતર છે. જે જે દોષોથી જન મંડળ કલંકિત થયેલું છે, તે તે દોષોનો ઘણો ભાગ ખરાબ ઇચ્છા તથા ખરાબ અભ્યાસથી-જ ઉત્પન્ન થયેલો છે. જો માનવી સાહસ પૂર્વક સ્થિર પ્રતિજ્ઞાની મદદથી તેઓનું દમન કરે તો આ પૃથ્વી કેવું સુખનું સ્થાન થાય? જે માણુસ રીપુને તાબે છે અથવા અભ્યાસનો ગુલામ છે, તે એકવાર દૃઢ પ્રતિજ્ઞા કરે છે

અને પાછો તોડે છે; તે મનમાંને મનમાં વિચાર કરે છે કે, એકવાર આ કામ કરીને પછી તેને આખા જન્મારાને માટે છોડી દઇશ. પણ પછીએ એકવારની આખર ચહાતો નથી. આવી રીતે જેટલીવાર તે પ્રતિજ્ઞા તોડે છે, તેટલીવાર તેનું મન ધીરે ધીરે દુર્બળ તથાનિસ્તેજ થતાં અધોગમન કરે છે." જ્ઞાનીઓનો ઉપદેશ આ છે કેઃ—જો ખરેખર પોતાના ઉપર જય કરવાની ઇચ્છા હોય તો સિંહ ગર્જનાથી કહો કે "હવે આ કામ કરીશ નહિ પ્રાણ જતાં આ પ્રતિજ્ઞા તોડીશ નહિ." તો પછી જોશો કે મનુષ્ય હોવા છતાં ધીરે ધીરે દેવતુલ્ય થાઓછો. આ વાત સતત્ હૃદયમાં કોતરી રાખવી કે "સંસારનો કોઈ પણ માણસ સ્થિર પ્રતિજ્ઞાના શિવાય ઉન્નત તથા સૌભાગ્યશાળી થઇ શકતો નથી."

મોરબી આર્ય હિતૈષણી સભા સમક્ષ આ લેખ એક નિબંધ તરીકે વાંચતાં વિષય

૫૨ ટીકા કરતાં પ્રેસીડેન્ટ સાહેબે પોતાના ભાષણની વચ્ચમાં ઇસારો કર્યો હતો કેઃ—"બાળલગ્નાદિક કુધારા તોડયાવિના એક પતિવ્રતની હિમાયત કરવી, એ મૂળમાં પાણી સીંચ્યા વગર વૃક્ષની ઉપલી શાખા નવ પલ્લવ જોવા ઇચ્છવા જેવું અગર દરિયાનું ખારૂં પાણી પાઇ આંબાનાં ફળ મેળવવાની ઇચ્છા રાખવા જેવું ગણી શકાય." આ વિષે અત્રે વિશેષ વિવેચન ન કરતાં **આર્ય ધર્મ પ્રકાશ**માં પ્રકટ થયેલો મારા તરફનો "આર્ય બંધુઓ ! જાગૃત થાઓ." એ નામનો લેખ વાંચવા વાચકોને આગ્રહ કરવો આવશ્યક ધારૂંછું.

સૂર્યવંશી દશરથ નંદન, રઘુકુળ ભૂષણ સતી સીતાના પ્રાણજીવન સૌભાગ્ય ચુડામણિ એક પતિવ્રત ધારી સદાચાર પ્રિય સદ્‌ગુણ સંપન્ન પતિત પાવન અધમોદ્ધારક પિતૃભક્ત અને પ્રજા વત્સલ ભગવાન **રામચંદ્ર**થી કોણ અજાણ્યું છે ? ભાગ્યેજ એવો કોઇ અભાગી

કરશે કે, જેણે પતિત પાવની **રામકથા** રૂપ શાન્તિ સુધાનું પાન નહિ કર્યું હોય. આર્યો ! એ તે આપણું કેવું અહોભાગ્ય કે ધર્મ નીતિ અને ભુક્તિ મુક્તિઆદિ સદ્જ્ઞાનના ભંડાર અને સર્વ શાસ્ત્રોના સાર રૂપ **રામાયણ** અને **મહાભારતની** કુદરતે-પરમકૃપાળુ પરમાત્માએ વાલ્મિકિઋષિ અને વેદવ્યાસ દ્વારા આપણને ભેટ કરી છે. પ્રિય પાઠકો ! છેવટે હવે **શ્રી રામચંદ્ર**-નાં નીચેનાં વચનો હૃદયમાં કોતરી રાખવાં એ બહુજ લાભકારક નીવડશે એમ ભલામણ કરૂં છું તે ઉપર લક્ષ આપશો એવી આશા છે.

"પરનારી માત ગણી પરધન પથ્થર માન મન
નીચનો સહવાસ તજજે, મરજાદમાં રહેજે મગન;
ધ્યાનમાં નીત રાખજે જગ તાતને વળી પાપ ડર,
આપત્તિમાં ધીરજ ધરી, સંગ્રામમાં શુરવીર બન;
ભાઇ ! આ શીક્ષા શુણી નીત્ય ચાલજે,
પ્રભુ પેઠે પુજાઇ મનમાં મ્હાલજે."

* * * * ડાહ્યાભાઇ ઝવેરી.

" સુણ ચતુર સુજાણ,
પરનારી શું પ્રીતિ કબૂ નવ કીજીએ;
હાંરે જેણે પરનારી શું પ્રીત કરી,
તેને હૈડે રૂંધન થાય ઘણી,
તેણે કુળ મરજાદા કાંઇ ન ગણી. સુણ૦ ૧
તારી લાજ જાશે નાત જાતમાં,
તું તો હલુઓ પડીશ સહુ સાથમાં,
એ ધુમાડો ન આવે હાથમાં સુણ૦ ૨
હાંરે સાંજ પડે રવિ આથમે,
તારો જીવ ભમરાની પરે ભમે,
તુંને ઘરનો ધંધો કાંઇ ન ગમે. સુણ૦ ૩
હાંરે તું જઇને મળીશ દૂતીને,
તાહરૂં ધન લેશે સર્વ ધૂતીને,
પછે રહીશ હૈડું કૂટીને. સુણ૦ ૪
તું તો બેડો મૂછો મરડીને,
તાહરૂં કાળજું ખાસે કરડીને,
તારૂં માંશ લેશે ઉઝરડીને. સુણ૦ ૫

હાંરે તુંને પ્રેમના પ્યાલા પાઇને,
તાહરાં વસ્તર લેશે વાઇને,
તુંને કરશે બોખું ખાઇને. સુણ૦ ૬
હાંરે તું તો પર મંદીરમાં પેસીને,
તીહાં પારકી સેજે બેસીને,
તેં ભોગ કર્યા ઘણું હેંસીને. સુણ૦ ૭
હાંરે જેમ ભુયંગ થકી ડરતા રહેવું,
તેમ પરનારીને પરિહરવું,
હાંરે ભવસાગર ફેરો નવી ફરવું. સુણ૦ ૮
વાહલા પરણી નારીથી પ્રીત સારી,
એ માથું વઢાવે પરનારી,
તુંમે નિશ્ચે જાણજો નીરધારી. સુણ૦ ૯
એ સદ્‌ગુરૂ કહે તે સાચું છે,
તાહરી કાયાનું સર્વે કાચું છે,
એક નામ પ્રભુનું સાચું છે. સુણ૦ ૧૦

ઇંદ્ર વિજય છંદ.

પરનારીકી પ્યાસ કરે નર મૂરખ,
પુગે નઆશ નિરાશ થવાનો,

દીર્ઘ નિશાશ કે મુકે મુખથી,
સુખથી ન સુવે કહું છું સત્યમાનો;
આખે દીલે અગની સળગે,
વળગે નહિ ધર્મમાં જીવ પોતાનો,
* * *
કામિનિ કુતરી બેહુ બરાબર,
રીઝે તો ચાટે ને ખીજે તો કાટે,
ભામિની ભેખડ તુલ્ય બની,
જશ કીર્તી સુખ સંપત્તીને દાટે;
કામિની સાપણી પાપણી તાપણી,
પોષકને પણ નાંખે ઉચાટે,
સમ્રથ છે ખોડીદાસ કહે,
નર એહની આગળ કોઇ ન ખાટે.
ભેખ લઇ કંઇ ભ્રષ્ટ થયા,
મહા મુનીને ભામનીએ ભટકાવ્યા,
ભોજ નૃપતિને ભાનુમતિ સતી,
અશ્વ કરી ચાબુકે સટકાવ્યા;
સ્વર્ગથી ગર્વ રહિત કરી,

કેઇ અમરોને અવની ત્રટકાવ્યા,
તોબા તોબા ખોડીદાસ કહે,
કેઇ સિદ્ધને સ્વર્ગ જતા અટકાવ્યા.
માનની મોહન વેલ્ય વધી વધી.
ત્રણ્ય જગતમાંહિ પથરાણી,
વીંટી આ છેલ્ય છંછાળ ફેગાળને,
મર્દ મુછાળનું ઉતાર્યું પાણી;
ઋધીવંતા ભગવંતા હતા,
ખતા ખાઇને તેઉ થયા ધુળ ધાણી,
બચ્યો નહિ બળવંત કોઇ,
ખોડીદાસ કહે અચીરજની કહાણી:
નિઃસત્વની નીસરણી ચડતાં,
નીરભીક ચડે ગીરી શીખર માથે,
ખરે ખરૂં ખોડીદાસ કહે,
અબળા સબળા નરને પણ નાથે;
"માટે ચેતીને ચાલજોરે ભાઇ!"

પ્રથમ ખંડ સમાપ્ત

પ્રાઈસલીસ્ટ (સ્પેસીમેન) મોકલવામાં આવશે; ઉપરના સરનામે લખવું. **એચ. કરીમ એન્ડ કંપનીની** સર્વ કામ સિદ્ધિ **અજબ મોહિની** અંગુઠી મંગાવનારને ત્રણ અને બે અક્ષરના મોનોગ્રામ પુણી કિમ્મતે આપીશું.

નકામા કચરામાંથી થતું પુન્ય !
એકવાર જરૂર વાંચો ! ! ફાયદાજ છે ! ! !

Don't fail to embrace this golden opportunity of making right use of your Waste.

વપરાઈને રદ થઈ ગયેલી સર્વે જાતની ટપાલની ટીકીટો, હિંદુસ્તાનના દેશી રાજ્યોના સ્ટાંપો અને હુંડીઓ પરની ટીકીટો તથા વસુલાત ખાતાની સર્વે જાતની રદ થયેલી ટીકીટો નીચેને સરનામે મોકલવા કૃપા કરવી. મોટી સંખ્યા થયે તે યુરોપ મોકલી તેથી જે

પૈસા મળશે તેમાંથી સેંકડે પચાસ ટકા 50. p.c નું એક મોટું ધર્માઉ ફંડ ઉભું કરવામાં આવશે, જેનો જૂદાં જૂદાં ધર્માઉ ખાતામાં ઉપયોગ કરવામાં આવશે. રોકડા પૈસા જોઇતા હોય તેગણે પોતાની પાસે કેવી જાતની ટીકીટો છે તે જણાવી રીપ્લાય કાર્ડ અગર ટીકીટ મોકલી ખુલાસો માગવો. જૂનામાં જૂના વખતની ટીકીટોના પૈસા વધારે મળશે. કામા જતા કચરામાંથી પુન્ય અને પૈસા મળવવા કોણ તૈયાર નહિ થાય ? ! ઇચ્છા હોય તેણે નીચેના સરનામે લખવું. પણ નોટપેડ પત્ર સ્વીકારવામાં નહિ આવે.

ઝવેરી દુર્લભજી વિ. ત્રિભુવનદાસ
સ્ટેમ્પ ચેરીટી ફંડના સેક્રેટરી.
મોરબી—કાઠિયાવાડ.

અમદાવાદમાં શા. હિમ્મતલાલ વૃજવલ્લભ વીમાવાળાને ટીકીટો આપવી.
ઠે. ટંકશાળ પાસે એચ. કરીમની કંપનીમાં.

આર્યધર્મપ્રકાશના નવમા અંકમાં "બાળલગ્નના સબંધનો આ લેખ છપાયેલો, તેનું હાલ જુદું પુસ્તક છપાવેલું છે. ચાર ફોર્મનું આ પુસ્તક કશી પણ કિમ્મત લીધા વગર જાહેર ...ઇબ્રેરીઓને તેમના સેક્રેટરીની સહી સાથ-...ના પત્ર મળવાથી ફક્ત પોસ્ટેજનો એક ...આનો મોકલવાથી ભેટ તરીકે મફત મોક-...માં આવે છે. આ વિષે ખાસ મોરબી મી૦ ...ને પરભાર્યુંજ લખવું બીજેથી નહિ મળે.

૪. શ્રી જૈન કાવ્ય કુસુમ માળા.

...૧ લો. આ પુસ્તકમાં જૈનધર્મના ઉપ-...ાં જુદા જુદા રાગનાં ગાયનોનો સંગ્રહ ...લ્ય ચાર આના.

...મત્રનું એક બીંદુ. પ્રથમ ખંડ ...રા હાથમાંજ છે. મૂલ્ય બે આના

૬. કુદરત ઉપરથી લેવાની શીખા.

...ll. Lessons from Nature રાજ...કાની શરૂઆતથી ચર્ચાતો આ ઉપયોગી ...ય હાલ જુદા પુસ્તકરૂપે છપાવવા યોજના

...ય છે. છપાણું કેવા પ્રકારનું છે તે રાજ-પત્રિકામાં વાંચી જોવાથી સહજ સમજાશે માટે ખાત્રી કરવા વાંચવું જોઇએ. અગાઉથી ગ્રાહક થનાર પાસેથી મૂલ્ય ચાર આના અને પુસ્તક તૈયાર થયા પછી ઠરાવવામાં આવશે તે કિમ્મત લેવાશે.

*** દરેકનું પોસ્ટેજ જુદું. નીચેના ઠેકાણેથી સર્વ પુસ્તકો મળશે—**અમદાવાદમાં** રા. રા. ગણપતિરામ ઉત્તમરામ ભટ્ટ પ્રગોજક, રાજપત્રિકા. તથા એચ. કરીમ એન્ડ કંપની ટંકશાળ પાસે. **મોરબીમાં** ઝવેરી દુર્લભજી ત્રિ. ત્રિભુવનદાસ પાસેથી અને મુખ્ય શહેરોમાં જાણીતા બુકસેલરો પાસેથી પણ મળશે.

